આજનો સુવિચાર
સખત મહેનત કરો, ધીરજ રાખો પરિણામ સમય જતાં મળે છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૨૪૧ જૂનાગઢ તા.૨૩-૦૯-૨૦૨૪ સોમવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 241, Junagadh : Date : 23 September, 2024, Monday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

# ભારત હવે કયાંય પાછળ નથી, નેતૃત્વ કરી રહયું છે : વડાપ્રધાન મોદી



## પુષ્પની પાંચ પાખડીઓ સાથે મળીને ભારતને વિકસીત રાષ્ટ્ર બનાવશે : ભારત હવે અટકવાનું નથી મેડ ઈન ઈન્ડીયા ચિપ્સ પર ચાલશે

ન્યુયોર્ક, તા.૨૩: પીએમ મોદી હાલ અમેરિકાના પ્રવાસે છે. આ દરમ્યાન તેમણે અહિ ભારતીય સમૂદાયનાં લોકોને સંબોધન કર્યુ હતું. નાસાઉ કોલિજિયમ સ્ટેડીયમમાં તેમણે કહ્યું હતુ કે, ભારત હવે કયાંય પાછળ નથી, નવી વ્યવસ્થા બનાવે છે નેતૃત્વ કરે છે. તેમણે કહ્યું હતુ કે આપણુ નમસ્તે ગ્લોબલ બની ગયું છે પીએમ એ જણાવ્યું હતુ કે 'પુષ્પ' ની પાંચ પાંખડીઓ સાથે મળીને કઈ રીતે ભારતને વિકસિત દેશ બનાવશે.

વડાપ્રધાન મોદીએ પોતાના સંબોધનમાં કહ્યું કે અમેરિકન ભારતીય સ્પીરીટ છે અને આ જ વિશ્વનો એઆઈ પાવર છે. આ AI સ્પીરીટ જ ભારત-અમેરિકા સંબંધોને નવી ઊંચાઈ આપી રહી છે. અમેરિકન ભારતીય ભાવના છે અને આ વિશ્વની એઆઈ શકતિ છે. આ છૈં ભાવના જ ભારત-અમેરિકા સંબંધોને નવી ઊંચાઈ આપી રહી છે. વડાપ્રધાને કહ્યું કે હવે આપણું નમસ્તે પણ બહુરાષ્ટ્રીય બની ગયું છે. તે સ્થાનિકથી વૈશ્વિક થઈ ગયું છે અને આ બધું તમે (વિદેશમાં રહેતા ભારતીયો) દ્વારા કરવામાં આવ્યું છે. ભારતને પોતાના હૃદયમાં રાખનાર દરેક ભારતીયે આ કર્યુ છે. હું હંમેશા તમારી (ભારતીય ડાયસ્પોરા) ક્ષમતાને સમજ્યો છું. વડાપ્રધાને કહ્યું, તમે હંમેશા મારા માટે ભારતના સૌથી મજબૂત બ્રાન્ડ એમ્બેસેડર રહ્યા છો. એટલા માટે હું તમને બધાને રાષ્ટ્રીય રાજદૂત કહું છું. વડાપ્રધાને કહ્યું કે આપણે ભારતીયો જ્યાં પણ જઈએ છીએ, અમે દરેકને પરિવારની જેમ માનીએ છીએ અને તેમની સાથે ભળીએ છીએ. વિવિધતાને સમજવી, તેને જીવવી, તેને આપણા જીવનમાં લાગુ કરવી... તે આપણા મૂલ્યોમાં છે. કોઈ તમિલ બોલે છે... કોઈ તેલુગુ, કોઈ મલયાલમ, કોઈ કન્નડ... કોઈ પંજાબી, કોઈ મરાઠી, કોઈ ગુજરાતી... ઘણી ભાષાઓ છે, પણ લાગણી એક છે... અને તે લાગણી છે - ભારતીયતા. આપણે એવા દેશના રહેવાસી છીએ જ્યાં સેંકડો ભાષાઓ અને બોલીઓ, વિશ્વના તમામ ધર્મો અને સંપ્રદાયો છે. તેમ છતાં, અમે એકજૂથ અને ઉમદા રીતે આગળ વધી રહ્યા છીએ. દુનિયા સાથે જોડાવા માટે આ આપણી સૌથી મોટી તાકાત છે. આ મૂલ્યો સ્વાભાવિક રીતે જ આપણને વિશ્વ-મિત્ર બનાવે છે.

વડાપ્રધાન મોદીએ પોતાના સંબોધનમાં કહ્યું કે ૨૦૨૪નું આ વર્ષ સમગ્ર વિશ્વ માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. એક તરફ વિશ્વના ઘણા દેશો વચ્ચે સંઘર્ષ અને તણાવ ચાલી રહ્યો છે તો બીજી તરફ ઘણા દેશોમાં લોકશાહીની ઉજવણી કરવામાં આવી રહી છે. લોકશાહીની ઉજવણીમાં ભારત અને અમેરિકા પણ સાથે છે. તમને એક શબ્દ યાદ હશે PUSHP (ફૂલ) P એટલે પ્રગતિશીલ ભારત, U એટલે અણનમ ભારત, S એટલે આધ્યાત્મિક ભારત એટલે માનવતાને સમર્પિત ભારત, P એટલે સમળદ્ધ ભારત. પુષ્પ- ફૂલની પાંચ પાંખડીઓ મળીને વિકસિત ભારતનું નિર્માણ કરશે. આપણે દેશ માટે મરી ન શકીએ, પરંતુ દેશ માટે જીવી શકીએ છીએ. તેણે કહ્યું, પહેલા દિવસથી મારું મન અને મિશન એકદમ સ્પષ્ટ છે. હું સ્વરાજ્ય માટે મારૂ જીવન ન આપી શકયો, પણ સમૃધ્ધ અને સમૃધ્ધ ભારત માટે મારૂ જીવન સમર્પિત કરવાનો નિર્ણય કર્યો. આજે ભારત વિશ્વના સૌથી મોટા યુવા દેશોમાંનો એક છે. ભારત ઊર્જાથી ભરેલું છે, સપનાઓથી ભરેલું છે. છેલ્લા દાયકામાં ભારત ૧૦મી સૌથી મોટી અર્થવ્યવસ્થામાંથી પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની ગયું છે. હવે દરેક ભારતીય ઈચ્છે છે કે ભારત ઝડપથી ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની જાય.

ભારત આજે તકોની ભૂમિ છે. ભારત હવે તકોની રાહ જોતું નથી, તે તકોનું સર્જન કરે છે. આજે ભારતનું AI માર્કેટ અમેરિકા કરતાં મોટું થઈ ગયું છે અને આ માત્ર બે વર્ષમાં જ બન્યું છે. ભારત હવે અટકવાનું નથી, ભારત હવે અટકવાનું નથી. ભારત ઈચ્છે છે કે વિશ્વમાં વધુને વધુ ઉપકરણો મેડ ઈન ઈન્ડીયા ચિપ્સ પર ચાલે.

## તિરૂપતિ લાડુ વિવાદની તપાસ હવે SIT કરશે

અમરાવતી, તા.૨૩

તિરુપતિ બાલાજી મંદિરના પ્રસાદમાં પ્રાણીઓની ચરબીનો મુદ્દો દેશભરમાં મહત્ત્વનો બન્યો છે. દરમિયાન, મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુના આદેશ મુજબ, અશુદ્ધિને સુધારવા માટે આજે (સોમવારે) તિરુમાલામાં શાંતિ હોમમ પંચગવ્ય પ્રોક્ષન એટલે કે હોમનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

મંદિરના શુદ્ધિકરણ માટે, આ હોમનું આયોજન શ્રીવરી (શ્રી વેંકટેશ્વર) મંદિરમાં બંગારુ બાવી (ગોલ્ડન વેલ) ની યજ્ઞશાળા (કર્મકાંડ સ્થળ)માં કરવામાં આવી રહ્યું છે.

મામલાની ગંભીરતાને ધ્યાનમાં લઈને સરકારે હવે તેની તપાસ માટે સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT)ની રચના કરી છે. એસઆઈટી સત્તાના દુરુપયોગ સહિત તમામ કારણોની તપાસ કરશે. તપાસ બાદ રિપોર્ટ સરકારને સોંપવામાં આવશે.

## બજારમાં રૂા.૧૦,૨૦ અને ૫૦ની ગાયબ થતી નોટ કોંગ્રેસ નેતાનો નાણામંત્રી સીતારમનને પત્ર



નવીદિલ્હી,તા.૨૩

ભારતના બજારોમાં છેલ્લા કેટલાક સમયથી નાની ચલણી નોટો ગાયબ થઈ રહી છે. રૂા.૧૦, રૂા.૨૦ અને રૂા.૫૦ની નોટોની અછતના કારણે શહેરી જ નહીં, ગ્રામીણ વસ્તી પણ પરેશાન થઈ રહી છે. ગરીબો પર સૌથી વધુ અસર જોવા મળી રહી છે. આ બાબતે લોકસભામાં કોંગ્રેસના નેતા મણિકમ ટાગોરે કેન્દ્રીય નાણા મંત્રી નિર્મલા સીતારામનને પત્ર લખી રજૂઆત કરી છે. તેમણે પત્રમાં જણાવ્યુ હતુ કે અનેક રીપોર્ટોથી જાણવા મળ્યુ છે કે રીઝર્વ બેંકે નાની નોટો છાપવાનુ બંધ કર્યુ છે. તેની પાછળનું કારણ યુપીઆઈ અને કેશલેસ ટ્રાન્જેકશનને પ્રોત્સાહન આપવાનુ જણાવાઈ રહ્યુ છે.

## અમેરીકાનાં દિગ્ગજ કંપનીના સીઈઓ મોદીને મળ્યા : ટેકનીક, નવીનીકરણ મુદે ચર્ચા

ન્યુયોર્ક (અમેરિકા) તા.૨૩

વડાપ્રધાન મોદી હાલ અમેરિકાનાં ત્રણ દિવસના પ્રવાસે છે. આ દરમ્યાન તેમણે કવાડ શિખર સંમેલનમાં ભાગ લીધો હતો અને ભારતીય પ્રવાસીઓને પણ મળ્યા હતા. આ ઉપરાંત તેઓ મુખ્ય અમેરિકી ટેકનિક કંપનીઓનાં સીઈઓ સાથે બેઠક કરી હતી.

આ બેઠકમાં તેમણે ભારતની વિકાસ સંભાવનાઓ પર જોર આપ્યું હતું અને વિભિન્ન ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહયોગને પ્રોત્સાહન આપવાની પહેલ પર ચર્ચા કરી હતી. આ બેઠક રવિવારે લોટ્ટે ન્યુયોર્ક પેલેસ હોટેલમાં યોજાઈ હતી.

બેઠકમાં અનેક અમેરિકી ફર્મોનાં સીઈઓએ ભાગ લીધો હતો. વડાપ્રધાન મોદીએ સોશ્યલ મિડિયા પ્લેટફોર્મ એકસ પર પોસ્ટ કરતા લખ્યુ કે ન્યુયોર્કમાં ટેકનિક કંપનીઓના સીઈઓની સાથે બેઠકમાં સામેલ થયો.તેમની સાથે ટેકનિક અને નવીનીકરણ પર ચર્ચા થઈ હતી. આ ક્ષેત્રમાં ભારતની પ્રગતિ પર પણ વાત થઈ હતી.ભારત પ્રત્યે આશાવાદ જોઈને મને ખુશી થઈ. મેસાચુસેટસ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી (એમઆઈટી) સ્કુલ ઓફ એન્જીનીયરીંગ દ્વારા આયોજીત આ બેઠકમાં અમેરિકાનાં ટોપ ટેકનિક ફર્મ ગુગલના સીઈઓ સુંદર પિચાઈ, એડોબનાં સીઈઓ શાંતનું નારાયણે પણ ભાગ લીધો હતો. આ બેઠક પર વાત કરતા વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જાહેર કર્યું હતું કે ટેકનિક અને વ્યાપારને મજબુત કરવા માટે પીએમ મોદીએ બેઠકમાં ભારતના વિકાસ પર પણ જોર દીધુ અને વિભિન્ન ક્ષેત્રોમાં ટેકનિક અને નવીનીકરણ પર ચર્ચા કરી હતી.

## રેલવેની નવી પહેલ: ઈન્ફ્રાસ્ટ્રકચરને અનુરૂપ ૮૦,૦૦૦ નોકરીનું સર્જન કરશે



નવી દિલ્હી તા.૨૩

છેલ્લા આઠ વર્ષમાં પહેલીવાર રેલવે બોર્ડે નવી સંપતિઓના પ્રમાણમાં ભારતીય રેલમાં નવી જગ્યાઓના સર્જન કરવાની પહેલ કરી છે. નવી ટ્રેનો અને માલગાડીઓ, નવી રેલવે લાઈનો, સેમી હાઈસ્પીડ પર રેલ ચલાવવા માટે ઓટોમેટીક સિગ્નલ સિસ્ટમ, ટકકર વિરોધી નવી ટેકનિક કવચ, વિદ્યુતિકરણ વગેરેના મેન્ટેનન્સ રિપેરીંગ અને સુરક્ષિત ટ્રેન આપેરેટીંગ માટે ભારતીય રેલમાં ૮૦ હજારથી વધુ નવી જગ્યાઓનું સર્જન થઈ શકે છે. આ ઉપરાંત ભારતીય રેલમાં ૬૧૫૨૯ ખાલી જગ્યાઓ પર ચાલી રહેલી ભરતી પ્રક્રિયા ડિસેમ્બર ૨૦૨૪ સુધી કરી લેવામાં આવશે. રેલવે બોર્ડનાં એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે વિભાગમાં મોટાભાગનાં નવી જગ્યાઓનું સર્જન રેલ સુરક્ષા વર્ગમાં કરવામાં આવશે. તેમાં મુખ્યત્વે સિગ્નલ એન્ડ ટેલીકોમ સિવીલ એન્જીનીયરીંગ, ઈલેકટ્રીકલ, ઈલેકટ્રીકલ રોલીંગ કોસ્ટ (ટ્રેન એન્જીન,વર્કશોપ, લોકો શેડી ટ્રાફિક (ટ્રેન ઓપરેટીંગ) મિકેનિકલ (કાચ) વગેરે વિભાગમાં જગ્યાનું સર્જન કરવામાં આવશે.

રેલવે બોર્ડનાં ચેરમેન અને સીઈઓ સતીષકુમારે નાણા મંત્રાલયને લખેલા પત્રમાં ઉલ્લેખ કર્યો છે કે રેલવે ટ્રેક, પૂલ, કોચ, સિગ્નલ વગેરેનું રિપેરીંગ કામ આઉટ સોર્સીસ (કોન્ટ્રાકટ પદ્ધતિ) પાસે કરાવવું વ્યવહારીક નથી, એટલે કે રેલ સુરક્ષા સાથે જોડાયેલા કાર્યોનાં કોન્ટ્રાકટના બદલે રેલવેનાં કાયમી કર્મચારીઓ પાસે કરાવવાની વકીલાત કરી છે.

## લ્યો બોલો! ૧ કિલો કોથમીર અને ગુજરાતી થાળીની કિંમત એકસમાન

નવી દિલ્હી,તા. ૨૩: મોંઘવારીનો ગ્રાફ દિવસે ને દિવસે સતત ઊંચે જઈ રહ્યો છે, અને તેના કાદવમાં સામાન્ય વ્યકતિ સતત અંદર ખૂંપી રહ્યો છે. આજથી થોડા મહિના અગાઉ જ કોથમીરની કિંમત શાકભાજી સાથે મફતમાં આપવા જેટલું હતું. પરંતુ હવે સ્થિતિ બદલાઈ ગઈ છે. હવે ૧ કિલો કોથમીર માટે ૪૦૦ રૂપિયા સુધી ચૂકવવા પડે છે. આમ ૧ કિલો કોથમીરની કિંમત રેસ્ટોરન્ટમાં મળતી ગુજરાતી થાળી જેટલી જ છે તેમ કહી શકાય.

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩


તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનુ નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ધોરણ-૧૦-૧૨ પાસ/નાપાસ તેમજ અન્ય યુવાનો માટે સુવર્ણ તક
NIT® ટેકનીકલ કોલેજ
સર્ટીફીકેટ કોર્ષ
● ૧૦૦% પ્રેકટીકલ
● સરળ ભાષામાં શિક્ષણ
● હોસ્ટેલ સુવિધા
● બસસ્ટેન્ડથી તદ્દન નજીક
● રેલ્વે સ્ટેશનથી નજીક
● ફ્રી ડેમો ટ્રાયલ
⇨ કોમ્પ્યુટર હાર્ડવેર, નેટવર્કીંગ, મધરબોર્ડ, લેપટોપ રીપેરીંગ શીખો
⇨ ટચપેડ વાળા એન્ડ્રોઈડ, I-Phone ટેબ્લેટ રીપેરીંગ શીખો.
⇨ LED, LCD TV રીપેરીંગ, CCTV કેમેરા ફીટીંગ તથા રીપેરીંગ શીખો
⇨ ફ્રીઝ, એ.સી., વોશીંગ મશીન વગેરે તમામ વસ્તુનાં રીપેરીંગ કોર્ષ ૧૦૦% ગેરંટી સાથે શીખો
Mo.: 95861 11213 / 90811 52535
સંકલ્પ કોમ્પ્લેક્ષ, ત્રીજા માળે, બસસ્ટેન્ડ પાસે, જૂનાગઢ
Web : www.nitjnd.com

ઉધઈ થી બચો
આપના મકાનમાં ઉધઈ માટે પ્રેસ્ટ કન્ટ્રોલ પધ્ધતિથી ઈન્જેકશનો દ્વારા કામ કરી આપીશું : ૧૦ વર્ષની ગેરંટી
સંજયભાઈ
મો.૯૯૭૮૭ ૧૦૧૫૦

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
● મરચું
● હળદર
● ધાણાજીરૂ
● ગરમ મસાલો



૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી
૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી સાથે સંપૂર્ણ આર્યુવેદિક ઔષધી યુક્ત ફાકી ડાયાબિટીસ, હૃદય રોગ, પેટના રોગો, વજન વધારે, પગના અને સ્નાયુના દુખાવા, સંધિવા, કબજિયાત, કોલેસ્ટ્રોલ માટે
ફાયદા :
(૧) - ડાયાબીટીસ નાં દર્દીઓ માટે આ ફાકી સ્વર્ગ સમાન છે.. જેમાં આ ફાકી ૧.૫ માસ (દોઢ માસ), રેગ્યુલર લેવાથી ડાયાબટીસ સંપૂર્ણ કંટ્રોલ થઈ જાય છે. શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો નો અનુભવ થાય છે..
(૨) જે લોકોનું વજન ખૂબ વધારે છે તે લોકો આ ફાકી બે મહિના રેગ્યુલર લેવાથી ૧૦૦% વજન ઘટેછે તેની મની બેક ગેરંટી, આ ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી, ચરબી ઓગળી નાખે છે. અને શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ થાય છે. શરીર સ્લિમ થઈ જાય છે.
(૩) જે લોકોને વર્ષો જૂની કબજિયાત છે, ગેસ, એસિડિટી, પાચનતંત્ર નબળુ હોય, તે લોકો આ ફાકી ફકત એક મહિનામાં પોતાની કમાલ દેખાડે છે..
(૪) જે લોકોને ગોઠણના પગના સાંધાના દુઃખાવા, થોડું ચાલવાથી થાક લાગવો, કમરના દુખાવા કે કોઈપણ જાતના શરીરમાં દુખાવો આ ફાકી એક મહિનો લેવાથી તેમની દર્દ પીડા દૂર થાયછે..
નોંધ : આ ફાકીમાં સ્ટીરોડ કે પેઈન કિલર દવાનો ઉપયોગ કરવામાં આવતો નથી. આ ફાકીનું રીઝર્ટ એક મહિનામાં મળશે
:: ફોન કરવા માટેનો સમય ::
સવારે ૧૦ થી ૧:૩૦ સુધી - સાંજે ૫ થી. ૮:૩૦ સુધી જ
૧૫ દિવસ ની ફાકી ની કિંમત ૨૨૫/-
૧ મહિનાની ફાકી ની કિંમત ૪૫૦/-
ફાકી લેવાની રીત :- સવારે નવશેકા પાણીમાં એક ચમચી લઈ શકાય... (આ આર્યુવેદીક ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી.)
આ એક જ ફાકી તમામ દર્દમાં ફાયદો કરે છે
આ ફાકી અન્ય કોઈ જગ્યાએ મળશે નહી
સંપર્ક : મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨
જૂનાગઢ

ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા
જોષી દાદા
મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭
૯૪૨૮૦ ૨૬૯૬૮
નક્ષત્ર – જ્યોતિષ
શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?
આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ
આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.
કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮, તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ
ફોન કરીને અવશ્ય આવવું

સોપારીનું કટીંગ રીટેઈલમાં મળશે
અમારી સ્પેશ્યલ જુની મોરો સોપારીનું કટીંગ ફકત ૨૫૦ ગ્રામ લઈ અને ખાત્રી કરો
તમે જ કહેશો કે વાહ ભઈ વાહ
મોરો સોપારી કટીંગ
૧ કિલોના ફકત રૂા.૬૦૦
આ રીટેઈલ માટે છે
નહી આવો તો જરૂર અફસોસ
જૂનાગઢ
મો.૯૩૭૬૬૦ ૫૫૬૨

● હરકયુલિસ સાયકલ ● કોરાડો સાયકલ
● હીરો સાયકલ ● બ્રિટીશ ઈગલ સાયકલ
● બીએસએ સાયકલ ● ફન રાઈડ ટ્રાસીકલ
● વિકટર ૯૧ સાયકલ ● દાસ સાયકલ
● હિલી સાયકલ
તેમજ દરેક કંપનીની સાયકલ બેબી ટ્રાયસીકલ, બેબી વોકર, ફેન્સી મોડેલમાં સ્પોર્ટસ સાયકલ ઉપલબ્ધ
ગેલેકસી
ઓટો એન્ડ સાયકલ એજન્સી
માંગનાથ રોડ, જૂનાગઢ(ગુજરાત)
મો.૯૯૦૪૦ ૩૪૨૦૮

# રાજ્યના કૃષિ અને પશુપાલન મંત્રી રાઘવજી પટેલની અધ્યક્ષતામાં પશુપાલન અને ડેરી ક્ષેત્રના સર્વસમાવેશક વિકાસ માટે મનોમંથન




**ભારતને વિશ્વની ત્રીજી અર્થવ્યવસ્થા બનવવા માટે પશુપાલન ક્ષેત્રનું યોગદાન મહત્વનું બની રહેશે : કૃષિ અને પશુપાલન મંત્રી : પશુધનના આરોગ્ય સંવર્ધન અને ઓલાદ સુધારણાથી આર્થિક ઉત્કર્ષની નવી ઊંચાઈ મળશેઃ કૃષિ અને પશુપાલન મંત્રી રાઘવજીભાઈ પટેલ : જૂનાગઢમાં રાજ્યના કૃષિ અને પશુપાલન મંત્રીના અદયક્ષ સ્થાને પશુપાલન પ્રભાગની ચિંતન શિબિર યોજાઈ**



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૩

રાજયના કૃષિ અને પશુપાલન તથા જૂનાગઢ જિલ્લાના પ્રભારી મંત્રી રાઘવજીભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને પશુપાલન અને ડેરી ક્ષેત્રના સર્વ સમાવેશક વિકાસ માટે પશુપાલન પ્રભાગની ચિંતન શિબિર યોજાઈ હતી. જૂનાગઢ ખાતેની વેટરનરી કોલેજ ખાતે રાજ્યકક્ષાની ચિંતન શિબિરમાં સંબોધન કરતા કૃષિ અને પશુપાલન મંત્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યું હતુ કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીની નેમ મુજબ વિશ્વની ત્રીજી અને ફાઈવ ટ્રિલિયન ઈકોનોમી બનાવવા માટે પશુપાલન અને ડેરી ક્ષેત્રનું યોગદાન મહત્વનું બની રહેશે. તેમણે કહ્યું કે, પશુપાલકોના આર્થિક ઉત્કર્ષ માટે પશુધનના આરોગ્યની કાળજી અને ઓલાદ સુધારણા પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવુંપડશે. ઉપરાંત IVF, સેક્સડ સિમન સહિતની અધ્યતન ટેકનોલોજીનો પશુપાલન અને ડેરી ક્ષેત્રે ઉપયોગથી સારા પરિણામો પ્રાપ્ત કરી શકાશે. તદ્દુપરાંત રખડતા ઢોરની સમસ્યાના ઉકેલની દિશામાં આ ટેકનોલોજી પણ મહત્વપૂર્ણ બની રહેશે. કૃષિ અને પશુપાલન મંત્રીએ આ ચિંતન શિબિરમાં ઉપસ્થિત રહેલા રાજ્યભરના પશુપાલન અને ડેરી ક્ષેત્રના નિષ્ણાંતોને પશુપાલકોના હિતમાં પ્રવર્તમાન યોજનાઓને વધુ કાર્યક્ષમ બનાવવા જરૂરી સુધારાઓ સૂચવવા અને નવી યોજનાઓ બનાવવા જરૂરી સૂચનો કરવા અનુરોધ કર્યો હતો. ઉપરાંત ટેકનોલોજીના માધ્યમથી કેવી રીતે પશુપાલન ક્ષેત્રે નવી ઊંચાઈઓ હાંસલ કરી શકાય તે માટે પણ જરૂરી સૂચનો કરવા જણાવ્યું હતું. મંત્રીએ પશુપાલકોને આર્થિક રીતે સશક્ત કરવા માટે KCC એટલે કે કિસાન ક્રેડિટ કાર્ડનો વ્યાપ વધારવાને આવશ્યક ગણાવ્યું હતું. આ પ્રસંગે પશુપાલન વિભાગના સચિવ સંદીપ કુમારે જણાવ્યું હતુ કે, પશુપાલન ગ્રામ્ય વિસ્તારના લોકો અને જમીન વિહોણા તથા નાના શ્રીમંત ખેડૂતો માટે રોજગારીનો મહત્વનો સ્ત્રોત છે. દેશમાં ૮ કરોડ પરિવારને ડેરી ઉદ્યોગ દ્વારા આજીવિકા મળી રહી છે. પશુપાલકોને દૈનિક ધોરણે રૂા.૨૦૦ કરોડનું ચુકવણું પણ કરવામાં આવી રહ્યું છે. માથાદીઠ આવકમાં પણ પશુપાલન ક્ષેત્રનું યોગદાન ઉત્તરોત્તર વધ્યું છે. ઉપરાંત ફાઈવ ટ્રિલિયન ઈકોનોમી બનાવવા માટે પશુપાલન અને ડેરી ક્ષેત્રના વિકાસ માટે જરૂરી વ્યૂહરચનાના પાસાઓનો તેમણે ઉલ્લેખ કર્યો હતો. આ પ્રસંગે ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશનના મેનેજિંગ ડાયરેક્ટર જયેન મહેતાએ જણાવ્યું કે, દેશભરમાં ગુજરાત રાજ્ય વિકાસનું મોડલ છે તેમ દૂધ ઉત્પાદન અને તેની પ્રોડકટ બનાવવા માટે અમુલનું મોડલ પણ ટોચનું સ્થાન ધરાવે છે. આજે અમુલ દ્વારા ઉત્પાદિત પ્રોડક્ટ અમેરિકા સહિતના દેશોમાં એક્સપોર્ટ કરવામાં આવી રહી છે. ડેરી ક્ષેત્રે ભારતના વિકાસને લઈને અન્ય દેશો ભારત સાથે જોડાયા છે. આમ, અમુલનું મોડલ આજે ગ્લોબલ બની રહ્યું છે. ઉપરાંત તેમણે દૂધ ઉત્પાદનના વ્યવસાયિક પાસાઓનો વિસ્તારપૂર્વક ઉલ્લેખ કર્યો હતો. આ પ્રસંગે પશુપાલન નિયામક ફાલ્ગુની ઠાકરે શાબ્દિક સ્વાગત કરતા આ રાજ્યકક્ષાની ચિંતન શિબિરની પૂર્વભૂમિકા બાંધી હતી. આ પ્રસંગે કામધેનુ યુનિવર્સિટીના કુલપતિ શ્રી એન. એચ. કેલાવાલાએ પોરબંદર ખાતે ગીર કાઉ સેન્સુરી શરૂ થવા જઈ રહી હોવાનો ઉલ્લેખ કરતા છેવાડાના લોકોના વિકાસમાં પશુપાલન ક્ષેત્રના શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ દ્વારા લોકોના પ્રશ્નોનું નિરાકરણ થઈ શકે તે દિશામાં જરૂરી ચિંતન કરવા જરૂરી નિર્દેશ કર્યો હતો. આ દરમ્યાન મંત્રીના હસ્તે પશુપાલકોને મૂંઝવતા પ્રશ્નો અને તેના નિરાકરણ અંગેના પુસ્તકનું પણ વિમોચન કરવામાં આવ્યું હતું. અંતમાં વેટરનરી આચાર્ય અને ડીન પી.એચ. ટાંકે આભાર વિધિ કરી હતી. આ ચિંતન શિબિરમાં પાંચ ગ્રૂપ બનાવી પશુપાલનને લગતા વિષયો જેવા કે, પશુપાલન વ્યવસાયોમાં પડકારો, તકો અને ઉકેલ, પશુચિકિત્સા શિક્ષણ અને સંશોધન, પશુપાલન વ્યવસાયમાં નવિનતા, રોકાણ અને નિકાસ, પશુપાલન ક્ષેત્રે માનવ સંશાધન વિકાસ અને નિતિ માળખું, નિયમો અને કાયદા તથા પશુપાલન પ્રભાગની કામગીરીનું અવલોકન અને ભવિષ્ય માટે આયોજન જેવા વિષયો પર ગહન ચર્ચાઓ કરવામાં આવી. પશુ ચિકિત્સા ક્ષેત્રે શિક્ષણ અને સંશોધનનું ભવિષ્યનું આયોજન તેમજ પશુપાલન ક્ષેત્ર સંબંધિત નીતિ, વિવિધ કાયદા અને નિયમોના અમલીકરણમાં અનુભવાતી મુશ્કેલીઓ અને તેના ઉકેલ માટેનાં સુચનો વગેરે પાસાઓને આવરી લેવાયા અને આ મુદાઓ પરની ભલામણો રાજ્યના પશુપાલન અને ડેરી ક્ષેત્રને મજબૂત બનાવવા અને પશુપાલકોની આર્થિક સમૃદ્ધિ વધારવા માટે દરેક ગ્રુપ દ્વારા આપવામાં આવ્યા. જે નીતિ ઘડતર માટે સરકારમાં રજુ કરવામાં આવશે. આ પ્રસંગે જિલ્લા પંચાયતના પ્રમુખ હરેશભાઈ ઠુંમર, કલેકટર અનિલકુમાર રાણાવસિયા, પશુપાલન વિભાગના અધિક નિયામક કિરણ વસાવા, જિલ્લા વિકાસ અધિકારી નીતિન સાંગવાન, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના કુલપતિ વી.પી. ચોવટીયા, નોબલ યુનિવર્સિટીના કુલપતિ ખેર, જામનગર દૂધ ઉત્પાદન સંઘના કાંતિ ગઢીયા, મોરબી દૂધ ઉત્પાદન સંઘના સંગીતાબેન કગથરા સહિત પશુપાલન અને ડેરી ઉદ્યોગના તજજ્ઞ, પ્રાધ્યાપક, વૈજ્ઞાનિક સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

## કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલના હસ્તે જૂનાગઢ જિલ્લાના રૂા.૭૩ કરોડના શિક્ષણ અને વીજળીના વિકાસ કામોનું લોકાર્પણ- ખાતમુહૂર્ત





**જૂનાગઢના બગડુ ગામેથી મંત્રીશ્રીના હસ્તે જિલ્લાના વિવિધ વિકાસ કામોનું ઈ - લોકાર્પણ- ખાતમુહૂર્ત : જિલ્લામાં રૂા.૩૬.૯૦ કરોડના ખર્ચે ૨૩ શાળાઓના ૧૫૪ ઓરડાઓનું ખાતમુહૂર્ત : ૧૫.૧૫ કરોડના ખર્ચે નિર્મિત ૧૩ શાળાઓના ૯૦ ઓરડાઓનું લોકાર્પણ : પીંડાખાઈ અને દેવગઢ ૬૬ કેવી સબ સ્ટેશનનું પણ મંત્રીના હસ્તે લોકાર્પણ**

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૩

ગુજરાત સરકારના કૃષિ-પશુપાલન તથા ગ્રામગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના કેબિનેટ મંત્રી રાઘવજીભાઈ પટેલના હસ્તે જૂનાગઢના બગડુ ગામેથી શિક્ષણ અને વીજળીના રૂા.૭૩.૧૯ કરોડના કામોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત કર્યું હતું. મંત્રીએ રૂા.૧.૪૦ કરોડના ખર્ચે નિર્મિત થનાર બગડુ પ્રાથમિક શાળાનું શ્રીફળ વધેરી શાસ્ત્રોકત વિધિનુસાર ખાતમુહૂર્ત કર્યું હતું. આ વિકાસ કાર્યોમાં જિલ્લામાં રૂ.૩૬.૯૦ કરોડના ખર્ચે ૨૩ શાળાઓના ૧૫૪ ઓરડાઓ તથા માંગરોળ ખાતે રૂા.૬.૧ કરોડના ખર્ચે નિર્મિત થનાર કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયનું ખાતમુહૂર્ત ઉપરાંત રૂા.૧૫.૧૫ કરોડના ખર્ચે નિર્મિત ૧૩ પ્રાથમિક શાળાઓના ૯૦ ઓરડાઓનું લોકાર્પણ કર્યું હતું. આ સાથે ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડ દ્વારા વિસાવદરના પીંડાખાઈ ગામે રૂા.૭.૮૭ કરોડના ખર્ચે નિર્મિત ૬૬ કે.વી. સબ સ્ટેશન અને રૂા.૭.૧૭ કરોડના ખર્ચે ૬૬ કે.વી. દેવગઢ- મેંદરડા સબ સ્ટેશનનું લોકાર્પણ કર્યું હતું. કલેકટર અનિલકુમાર રાણાવસિયાના માર્ગદર્શન હેઠળ જિલ્લા વહીવટી તંત્ર- દ્વારા આયોજિત કાર્યક્રમમાં જૂનાગઢ જિલ્લાને વિવિધ વિકાસ કાર્યોની ભેટ આપતા મંત્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની નેમ મુજબ સુવિધા શહેરની અને આત્મા ગામડાનો તેને અનુસરીને ગ્રામ્ય સ્તરે અવિરત વિકાસ કાર્યો થઈ રહ્યા છે, કરોડો રૂપિયાના વિકાસ કાર્યોના લોકાર્પણ - ખાતમુહૂર્તથી શિક્ષણ અને વીજળીની માળખાકીય સુવિધાઓમાં વધારો થશે. તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શિક્ષણ ક્ષેત્રે ધરમૂળથી ફેરફાર કરીને ક્રાંતિ સર્જી છે. કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ, ગુણોત્સવ, બેટી બચાવો બેટી પઢાવો સહિતની યોજનાઓ અને અભિયાનના માધ્યમથી ગુજરાત શિક્ષણ ક્ષેત્રે અગ્રેસર બન્યું છે. વિદ્યાર્થીઓને જરૂરી સાધન સહાય, શિષ્યવૃત્તિ ઉપરાંત વિદેશ અભ્યાસ લોન દ્વારા શિક્ષણને સુલભ બનાવવામાં આવ્યું છે. મેરીટ આધારિત શિક્ષકોની પારદર્શક ભરતીથી શિક્ષણ ક્ષેત્રે ખૂબ મોટા સુધાર થયા છે. મંત્રીએ ગામડાઓમાં માળખાકીય અને જરૂરી પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડવાની પ્રતિબદ્ધતા વ્યકત કરતા કહ્યું કે, પ્રધાનમંત્રીના સ્વપ્ર મુજબ આઝાદીના ૧૦૦ વર્ષ પૂર્ણ થાય એટલે કે, ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારત નિર્માણમાં સૌને સહયોગી બનવા આહવાન કર્યું હતું. આ પ્રસંગે જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી હરેશભાઈ ઠુંમરે જણાવ્યું હતું કે, એક સમયે નાણાના અભાવે શિક્ષણ કે અન્ય મૂળભૂત જરૂરિયાતોના કામ થઈ શકતા ન હતા, પરંતુ પ્રવર્તમાન સમયમાં અવિરત વિકાસ કાર્યો થઈ રહ્યા છે, લોકોને આરોગ્ય, રોડ રસ્તા, ૨૪ કલાક વીજળી સહિત જરૂરિયાતો પુરી પાડવામાં આવી રહી છે. તેમણે તાજેતરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા સાસણને જોડતા રસ્તાઓના નિર્માણ માટે રૂા.૪૩ ફાળવ્યા હતાં. તેનો પણ ઉલ્લેખ કર્યો હતો. કાર્યક્રમના પ્રારંભે જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી લતાબેન ઉપાધ્યાયે શાબ્દિક સ્વાગત અને ઝેટકોના અધિકારીશ્રીએ આભારવિધિ કરી હતી.

બગડુ ગામે મંત્રી રાઘવજીભાઈ પટેલ સહિતના મહાનુભાવોએ એક પેડ મા કે નામ અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ પણ કર્યું હતું. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે જિલ્લા વહીવટી તંત્રના અધિકારી- કર્મચારીઓએ જહેમત ઉઠાવી હતી.

## જિલ્લા કલેક્ટર અનીલકુમાર રાણાવસીયાના અધ્યક્ષસ્થાને જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ

### પ્રજાલક્ષી પ્રશ્નોનો સત્વરે નિરાકણ લાવવા સૂચના આપવામાં આવી



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૩

જિલ્લા કલેકટર અનીલકુમાર રાણાવસીયાના અધ્યક્ષતામાં જૂનાગઢ જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં પ્રજાલક્ષી પ્રશ્નોને સત્વરે ઉકેલવા માટે સંબંધિત અધિકારીઓને સૂચના આપી હતી. જિલ્લા કલેકટર કચેરીના સભાખંડ ખાતે મળેલી આ બેઠકમાં ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા, અરવિંદભાઈ લાડાણી દ્વારા રજુ કરવામાં આવેલા પ્રશ્નો અને તે અંતર્ગત કાર્યવાહી કરવા સૂચનો કર્યા હતા. આ બેઠકમાં વિકાસલક્ષી કામો સહિતના પ્રજાલક્ષી પ્રશ્નો રજૂ કર્યા હતા. આ સંદર્ભે સંબંધિત અધિકારીઓએ જવાબ રજૂ કર્યા હતા. ઉપરાંત કલેકટરશ્રી દ્વારા જુદા જુદા પ્રશ્નોના નિરાકરણ માટે જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ આપી હતી. જૂનાગઢના વિકાસને ધ્યાનમાં રાખીને વધુ સારી રીતે કામગીરી થઈ શકે તે માટે તમામ કચેરીના અધિકારીઓ અને કર્મચારીઓને કામગીરીને ઝડપથી પૂર્ણ કરવા માટે સૂચના આપી હતી. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી નિતીન સાંગવાન, નિવાસી અધિક કલેક્ટર એન.એફ.ચૌધરી તેમજ સબંધીત અધિકારીઓ અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## જૂનાગઢમાં દાઉદી વ્હોરા સમાજ દ્વારા જરૂરીયાત મંદોને ફૂડ પેકેટનું વિતરણ કરાયું




જૂનાગઢ તા. ૨૩

વિવિધ સેવાકીય પ્રવૃતિઓ દ્વારા સેવાનાં કાર્યો કરી રહેલા દાઉદી વ્હોરા સમાજ જૂનાગઢ દ્વારા અનેક સેવાનાં કાર્યો કરવામાં આવી રહયા છે. ગઈકાલે રવિવારે દાઉદી વ્હોરા સમાજ દ્વારા જરૂરીયાતમંદ લોકો તેમજ ગરીબોમાં ફૂડ પેકેટ વિતરણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જૂનાગઢનાં ધારાસભ્ય સંજયભાઈ કોરડીયાનાં શુભ હસ્તે આ સેવાકીય કાર્ય હાથ ધરાયું હતું અને મજેવડી દરવાજા પાસે આવેલ હોન્ડા એજન્સી પાસે ગરીબો તેમજ જરૂરીયાતમંદ લોકોને ફૂડ પેકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમને સફળ બનાવવા આયોજકો દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.

## કેશોદ નગરપાલિકા સંચાલિત સ્વામી વિવેકાનંદ ટાઉનહોલનું અધધધ ભાડું રખાતા ઉઠયો વિરોધ

**નવોદિત કલાકારો અને સામાજિક શૈક્ષણિક સંસ્થાઓની આશા પર પાણી ફરી વળ્યું : રાજય સરકારના કેબીનેટ મંત્રી અને પ્રભારી મંત્રી રાઘવજી પટેલ દ્વારા ટાઉનહોલનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું**




(પ્રતિનિધિ દ્વારા)

કેશોદ તા.૨૩

ગુજરાત સરકારની સ્વર્ણિમ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ અંદાજીત ૫૨૧.૦૪ લાખ રૂપિયાના ખર્ચે ટાઉનહોલ માંગરોળ રોડ પર શરદચોક પાસે તકિયા તરીકે ઓળખવામાં આવતી સરકારી જગ્યામાં બનાવવામાં આવેલ છે.

કેશોદ નગરપાલિકા દ્વારા સ્વામી વિવેકાનંદના નામ સાથે જોડી સ્વામી વિવેકાનંદ ટાઉનહોલ નામકરણ પણ કરેલ છે. કેશોદ નગરપાલિકા સંચાલિત સ્વામી વિવેકાનંદ ટાઉનહોલમાં સેન્ટ્રલ એરકન્ડિશન, ૩૫૬ ખુરશીઓ, પાર્કિંગ વ્યવસ્થા, સીસીટીવી કેમેરા, સાઉન્ડ સીસ્ટમ, લાઈટીંગ વ્યવસ્થા સાથે આધુનિક ટાઉનહોલ બનાવવામાં આવેલ છે. સ્વામી વિવેકાનંદ ટાઉનહોલ નવોદિત કલાકારો, કલા રસિકો અને કલાકારોને માટે એક પ્લેટફોર્મ બની રહેશે તેમજ સામાજિક શૈક્ષણિક સંસ્થાઓ વાર્ષિક કાર્યક્રમો યોજશે એવી આશા હતી ત્યારે કેશોદ નગરપાલિકા દ્વારા અધધધ છ કલાકના વીસ હજાર રૂપિયા જેવું ભાડું નક્કી કરતાં તેઓની આશા પર પાણી ફરી વળ્યું છે. ગુજરાત રાજયના કેબીનેટ મંત્રી અને જુનાગઢ જીલ્લા પ્રભારી મંત્રી રાઘવજી પટેલ દ્વારા રૂપિયા ૫.૨૧ કરોડના ખર્ચે અદ્યતન સુવિધાઓથી સંપન્ન નવનિર્મિત ટાઉનહોલનું લોકાર્પણ કર્યું ત્યારે જણાવ્યું હતું કે ટાઉનહોલ આવનારા દિવસમાં કેશોદના નગરજનો માટે સામાજિક, શૈક્ષણિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું કેન્દ્ર બનશે પરંતુ સતાધીશો દ્વારા જાહેર કરવામાં આવેલ ભાડાની રકમથી નિરાશા વ્યાપી ગઈ છે. કેશોદના સામાજિક અગ્રણી આગેવાન હરસુખભાઈ સિધ્ધપરા દ્વારા વિવિધ સામાજિક શૈક્ષણિક સંસ્થાઓના હોદેદારો તથા નગર શ્રેષ્ઠીઓની સહી કરાવી અસહ્ય ભાડું ઘટાડવા લેખિતમાં રજુઆત કરી માંગણી કરી છે.

## જૂનાગઢમાં ઉપરકોટ ગેટ એન્ટ્રી બાદ ગણપતી મંદીર તથા હનુમાનજી મંદીરનાં દર્શન માટે લેવામાં આવતી ફી બંધ કરવા રજુઆત



જૂનાગઢ તા. ૨૩

સત્યમ સેવા યુવક મંડળનાં પ્રમુખ મનસુખભાઈ વાજાએ ગુજરાત ટુરીઝમ વિભાગનાં સચિવશ્રીને એક પત્ર પાઠવી જૂનાગઢમાં આવેલ ઉપરકોટનાં ગેટ એન્ટ્રી પછી શ્રી ગણેશ મંદીર તથા હનુમાનજી મંદીરનાં દર્શન માટે આવતા ભાવિકો પાસે લેવામાં આવતી ફી બંધ કરવા રજુઆત કરવામાં આવી છે. આ પત્રમાં જણાવેલ છે કે ઉપરકોટ જવાનાં દરવાજા પહેલા ઉપરકોટની એન્ટ્રી આપવામાં આવી છે અને તેની સામે શ્રી ગણપતી ભગવાન તથા શ્રીહનુમાનજીનું મંદિર આવેલ છે જે બરાબર ગેટની સામે જ છે પરંતુ સરકારશ્રી તરફથી ઉપરકોટ જવાનો ગેટ આ મંદિરથી પણ આગળ હોય ત્યાં આગળ જ ચેકપોસ્ટ કરવામાં આવી હોવછાથી જૂનાગઢનાં રહેવાસીઓએ આ બંને મંદિરનાં દર્શન કરવા માટે ફી ભરવી પડે છે તેમાં પણ જૂનાગઢનાં રહેવાસી પાસેથી રૂા. ૫૦ લેવામાં આવે છે જયારે બહારના દર્શનાર્થીઓ પાસેથી રૂા. ૧૦૦ વસુલવામાં આવે છે તેથી આ બાબતે પત્ર દ્વારા સંબંધિતોને રજુઆત કરી ઉપરકોટ જવા માટેની ચેકપોસ્ટ દરવાજા પાસેથી કાઢી અને ઉપરકોટ જવાના રસ્તે મંદિર પછી ઉભી કરવા અરજ કરેલ છે. ભાવિકો બંને મંદીરનાં દર્શન ભાવપૂર્વક કરી શકે તેમજ આર્થિક ભારણથી બચી શકે તેવી રજુઆત કરવામાં આવી છે આ બાબતે તત્કાલ કાર્યવાહી કરવા જણાવેલ છે.

## જૂનાગઢમાં શ્રી વણઝારી ચોક ગરબી મંડળ દ્વારા નવરાત્રી મહોત્સવ ઉજવવા તડામાર તૈયારી




જૂનાગઢ તા. ૨૩

શકિતની આરાધનાનાં પર્વ એવા નવરાત્રીનું આગમન ટુંકસમયમાં થનાર છે ત્યારે નવરાત્રી મહોત્સવને ઉજવવા માટે વિવીધ ગરબી મંડળો દ્વારા તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. શ્રી વણઝારી ચોક યુવક મંડળ સંચાલીત શ્રી વણઝારી ચોક ગરબી મંડળ દ્વારા પણ આગામી નવરાત્રી મહોત્સવ ઉજવવા માટે બાળાઓનાં રાસ-ગરબાની પ્રેકટીસ શરૂ કરવામાં આવી છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. કુલ ૧૬૦ નાની-મોટી બાળાઓ માતાજીની આરાધના કરશે અને પાંચ ગ્રુપમાં બાળાઓનાં રાસ-ગરબા યોજાશે. નવાબી કાળની ૮૦ વર્ષ જુની પ્રાચીન ગરબીમાં બાળાઓ પાસેથી કોઈપણ જાતની ફી લેવામાં આવતી નથી. શ્રી વણઝારી ચોક ગરબી મંડળ દ્વારા યોજાતા નવરાત્રી મહોત્સવમાં ભૂવા રાસ, સળગતી ઈંઢોણી, સાડી રાસ, પટેલ-પટલાણી રાસ, વિંછુડાનો રાસ, સ્કેટીંગ રાસ, મહીસાસુર વધનો રાસ અને નવા રાસોની રમઝટ બોલાવવામાં આવશે. દશેરાએ હવન, લાણી સહિતનાં કાર્યક્રમો યોજાશે તેમજ નવરાત્રી ઉત્સવની ભાવપૂર્વક ઉજવણી થયા બાદ રવિવાર સવારથી સાંજ સુધી પ્રવાસનું આયોજન કરવામાં આવેલ છે. આ વર્ષે મધુરમ બાયપાસ મેલડી માતાજીનાં દર્શન તેમજ શ્રી વલ્લભ ગૌશાળા વાડલા મુકામે આખા દિવસનાં કાર્યક્રમમાં જમણવાર તેમજ લાણી વિતરણ સહિતનાં કાર્યક્રમો યોજાશે. શ્રી વણઝારી ચોક ગરબી મંડળનાં કાર્યકર્તાઓ દ્વારા આયોજનને સફળ બનાવવા માટે જહેમત ઉઠાવવામાં આવી રહી હોવાનું કિશોરભાઈ ધનેશાની યાદીમાં જણાવેલ છે.

(તસ્વીર : ધીરૂ સોની)

### ગુજરાત સરકારના ૧૧ કરોડના અનુદાન સહિત કુલ રૂા.૩૫ કરોડના ખર્ચે નિર્મિત થનાર

# પનીર પ્લાન્ટનું ખાતમુહૂર્ત કરતા કૃષિ અને પશુપાલન મંત્રી રાઘવજીભાઈ પટેલ

## કૃષિ અને પશુપાલન મંત્રી રાઘવજીભાઈ પટેલના અધ્યક્ષસ્થાને જેડીસીસી બેંક તથા સાવજ ડેરીની વાર્ષિક સાધારણ સભા અને પ્રાકૃતિક કૃષિ શિબિર યોજાઈ






● જમીન, આરોગ્ય અને પર્યાવરણના રક્ષણ- જાળવણી માટે પ્રાકૃતિક ખેતીની હિમાયત કરતા મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલ : ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અપનાવવા માટે કર્યો અનુરોધ
● શ્રેષ્ઠ દૂધ ઉત્પાદક મંડળીઓ અને પ્રગતિશીલ મહિલા ખેડૂતોનું કરાયું બહુમાન
● જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીમાં ખાતે ત્રિવિધ કાર્યક્રમમાં સહકારી સંસ્થાના હોદ્દેદારો, સભાસદો અને મોટી સંખ્યામાં ખેડૂત ભાઈઓ- બહેનો સહભાગી બન્યાં

જૂનાગઢ તા.૨૩

રાજયના કૃષિ અને પશુપાલન તથા જૂનાગઢ જિલ્લાના પ્રભારી મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને જૂનાગઢ જીલ્લા સહકારી બેંકની ૬૫મી અને શ્રી સાવજ જૂનાગઢ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદન સંઘની ૧૫મી સાધારણ સભા યોજાઈ હતી.

આ પ્રસંગે મંત્રીએ ગુજરાત સરકારના રૂ. ૧૧ કરોડના અનુદાન સહિત કુલ રૂા. ૩૫ કરોડના ખર્ચે ખોખરડા ગામ નજીક નિર્મિત થનાર પનીર પ્લાન્ટનું પણ ખાતમુહૂર્ત કર્યું હતું. જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી ખાતે આયોજિત આ વાર્ષિક સાધારણ સભાઓ પૂર્વે પ્રાકૃતિક કૃષિ શિબિર પણ યોજાઈ હતી.

આ પ્રસંગે મંત્રી રાઘવજીભાઈ પટેલે સંબોધતા જણાવ્યું કે, ખેતીની સાથે પશુપાલન વ્યવસાય અપનાવવામાં આવે તો ખેડૂતોને એક નિશ્ચિત અને સ્થિર આવક પ્રાપ્ત થઈ શકે છે. ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત સહિતના પ્રદેશોમાં પશુપાલનના વ્યવસાયથી લોકો સમૃદ્ધિ તરફ વળ્યા છે.

મંત્રી રાઘવજીભાઈ પટેલે જિલ્લા સહકારી બેંકના પ્રમુખ કિરીટભાઈ પટેલ અને સાવજ ડેરીના ચેરમેન શ્રી દિનેશભાઈ ખટારીયાને સફળતાપૂર્વક ખેડૂત અને પશુપાલનલક્ષી આ સંસ્થાઓના સંચાલન માટે અભિનંદન આપ્યા હતા. તેમણે કહ્યું કે, રૂા.૧૨૦૦ કરોડની ડિપોઝિટ અને રૂપિયા ૧૪ કરોડથી વધુનો નફો કરનાર જેડીસીસી બેંક માધ્યમથી ખેડૂતોના કલ્યાણનું કામ થઈ રહ્યું છે. ઉપરાંત સહકારી મંડળીઓમાં ગેરરીતિ આચરનાર સામે પણ કડક પગલાં લેવામાં આવ્યા છે. તેનો પણ મંત્રીશ્રીએ ઉલ્લેખ કર્યો હતો.

પ્રાકૃતિક કૃષિ તરફ વળવાની હિમાયત કરતા મંત્રીશ્રીએ જણાવ્યું કે, રાસાયણિક ખેતીથી જમીનની ફળદ્રુપતા ઘટી છે. ત્યારે જમીનની ગુણવત્તા, આરોગ્યના રક્ષણ અને પર્યાવરણના જાળવણી માટે પ્રાકૃતિક ખેતી અપનાવવી આવશ્યકતા છે. પ્રાકૃતિક ખેતીની મુહીમ તેજીથી આગળ વધે તે માટે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી, રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને કૃષિ વિભાગ દ્વારા સતત પ્રયત્નો કરવામાં આવી રહ્યા હોવાનું પણ જણાવ્યું હતું.

આ પ્રસંગે મંત્રીએ સન્માનિત થનાર શ્રેષ્ઠ દૂધ ઉત્પાદક મંડળીઓ અને પ્રગતિશીલ ખેડૂતોને અભિનંદન પણ પાઠવ્યા હતા. આ પ્રસંગે જેતપુરના ધારાસભ્ય અને રાજકોટ જિલ્લા સહકારી બેંકના ચેરમેન જયેશભાઈ રાદડિયાએ જણાવ્યું કે, સહકારી ક્ષેત્રમાં સભાસદોનો ભરોસો હાંસલ કરવો અને તેને મજબૂત કરવો ખૂબ આવશ્યક છે, તે જેડીસીસી બેંકના ચેરમેન કિરીટભાઈ પટેલે ચરિતાર્થ કર્યું છે, એક સમયે મુશ્કેલીઓના સામનો કરતી જેડીસીસી બેંક પ્રગતિના માર્ગે અગ્રેસર બની છે. ખેડૂતોના હિતને સાચવીને ગેરરીતી આચરનાર સામે પણ કડક પગલાં ભરી, ખેડૂતોના હિતનું રક્ષણ સાથે પરિણામ લક્ષી કામગીરી કરવામાં આવી છે. તેમણે ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારમાં સહકારથી સમૃદ્ધિ તરફ આગળ વધવા માટે આહ્વાન કર્યું હતું.

આ પ્રસંગે જેડીસીસી બેંકના ચેરમેન અને જિલ્લા ભાજપ પ્રમુખ કિરીટભાઈ પટેલે જેડીસીસી બેંકના વાર્ષિક હિસાબોનો ચિતાર આપતા જણાવ્યું કે, જૂનાગઢ, ગીર સોમનાથ અને પોરબંદર જિલ્લાના ૬૦,૦૦૦થી વધુ ખેડૂતો સાથે જોડાયેલી જેડીસીસી બેંક આજે ૧૨૦૦ કરોડની થાપણ સાથે ૪૭ શાખાઓ કાર્યરત છે. ૩૫ કરોડથી વધુના ગ્રોસ અને ૧૪ કરોડથી વધુના ચોખા નફા સાથે પારદર્શક વહીવટ કરવામાં આવી રહ્યો છે. સોરઠ વિસ્તારના ખેડૂતો હિત તથા મદદના લક્ષ્ય સાથે ખેડૂતોની આવક બમણી કરવા માટે સમર્પિત ભાવ સાથે કામ કરવામાં આવી રહ્યું છે. તેમણે બેંકના કર્મચારીઓને તાલીમ અને સહકારી મંડળીઓના આધુનિકીકરણ કરવામાં આવી રહ્યું હોવાનો ઉલ્લેખ કર્યો હતો. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિચારોથી પ્રેરણા પ્રાપ્ત કરી સતત જનહિતના કાર્યો કરતા રહેવાનો સંકલ્પ પણ તેમણે વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે સાવજ ડેરીના ચેરમેન દિનેશભાઈ ખટારીયાએ શાબ્દિક સ્વાગત સાથે શ્રી સાવજ જૂનાગઢ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદન સંઘના વાર્ષિક હિસાબો રજૂ કરતા જણાવ્યું કે, જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં ૫૯૫ દૂધ મંડળીઓ કાર્યરત છે, પશુપાલકોને પૂરતા દુધના ભાવ મળી રહે ઉપરાંત ઘાસચારા ઉત્તમ બિયારણ, સહિતની સહાય પૂરી પાડવામાં આવી રહી છે. તેમણે દૂધ મંડળીઓને આપનાર પ્રોત્સાહક રાશિનો ઉલ્લેખ કરતા પનીર પ્લાન્ટના નિર્માણ માટે રૂા.૧૧ કરોડના અનુદાન માટે ગુજરાત સરકાર અને કૃષિ મંત્રીશ્રીનો આભાર પ્રગટ કર્યો હતો.

આ પ્રસંગે જેડીડીસી બેંકના સિનિયર ડાયરેક્ટર અને પૂર્વ મંત્રી જશાભાઈ બારડે જેડીસીસી બેંકની પ્રગતિ અને પારદર્શક વહીવટની વિગતો આપી હતી. ઉપરાંત જેડીબેસી બેંક વર્ષ ૨૦૧૨માં મુશ્કેલીઓનો સામનો કરી રહી હતી, ત્યારે તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ નાણાકીય સહાય કરી હતી. તેનો પણ ઉલ્લેખ કર્યો હતો. કાર્યક્રમના અંતે જેડીસીસી બેંકના વાઈસ ચેરમેન મનુભાઈ ખુટીએ આભાર વિધિ કરી હતી.

આ પ્રસંગે મંત્રીના હસ્તે શ્રેષ્ઠ દૂધ ઉત્પાદક મંડળીઓ પ્રોત્સાહક રાશિના ચેક અર્પણ કરવા ઉપરાંત પ્રગતિશીલ મહિલા ખેડૂતોનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. સહકારી મંડળીઓના સંચાલકોને માઈક્રો એટીએમનું વિતરણ કરવામાં આવ્યું હતું અને આકસ્મિક રીતે મૃત્યુ પામનાર ખેડૂતોના વારસદારોને જે ડીસીસી બેંક દ્વારા રૂ. ૧ લાખના ચેક અર્પણ કરવામાં આવ્યું હતો. આ કાર્યક્રમમાં જેડીસીસી બેંક અને સાવજ ડેરીની સાધારણ સભા શરૂ થયા પૂર્વે કૃષિ નિષ્ણાંતો દ્વારા પ્રાકૃતિક કૃષિ સંદર્ભે ખેડૂતોને જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ પ્રસંગે જિલ્લા પંચાયતના પ્રમુખ હરેશભાઈ ઠુંમર, ધારાસભ્ય દેવાભાઈ માલમ, સંજયભાઈ કોરડીયા, અરવિંદભાઈ લાડાણી, પૂર્વ ધારાસભ્ય ગોવિંદભાઈ પરમાર, અગ્રણી ઝવેરીભાઈ ઠકરાર સહિત સહકારી સંસ્થાઓના ડાયરેક્ટરો, સભાસદો, પ્રમુખ, મંત્રીઓ અને ખેડૂત ભાઈઓ-બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### શિક્ષણના હબ એવા ડો.સુભાષ યુનિવર્સિટીની યશ કલગીમાં વધુ એક પીંછું ઉમેરાયું

## ડો. સુભાષ આયુર્વેદ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના નામે આયુર્વેદિક અભ્યાસક્રમ (BAMS) માટે NCISM અને ગવર્મેન્ટ ઓફ ગુજરાતની મંજૂરી



જૂનાગઢ, તા.૨૩

ડો. સુભાષ યુનિવર્સિટી દ્વારા સંચાલિત જૂનાગઢ શહેરના મધ્યમાં ડૉ. સુભાષ આયુર્વેદ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ અને હોસ્પિટલ છેલ્લા પાંચ વર્ષથી કાર્યરત છે. આ હોસ્પિટલના સુખદ અને સફળ પ્રવર્તનને ધ્યાનમાં રાખીને, નેશનલ કમિશન ફોર ઈન્ડિયન સિસ્ટમ ઓફ મેડિસિન (NCISM) અને ગવર્મેન્ટ ઓફ ગુજરાત દ્વારા યુનિવર્સિટીને આયુર્વેદના સારા શિક્ષણ અને પ્રત્યક્ષ જ્ઞાન માટે ૬૦ સીટો સાથે BAMS (બેચલર ઓફ આયુર્વેદ મેડિસિન એન્ડ સર્જરી) કોર્સ શરૂ કરવાની મંજૂરી મળી છે.

આ વર્ષેથી વિદ્યાર્થીઓ ડૉ. સુભાષ યુનિવર્સિટીમાં BAMS કોર્સમાં પ્રવેશ લઈ શકશે અને આયુર્વેદના વૈજ્ઞાનિક અને પરંપરાગત જ્ઞાનનું અધ્યયન કરી શકશે. આ કોર્સ દ્વારા વિદ્યાર્થીઓને આયુર્વેદના મૂળભૂત સિદ્ધાંતો, દવાઓ, સારવાર અને આરોગ્યનું જ્ઞાન આપવામાં આવશે ડો. સુભાષ યુનિવર્સિટીનો આયુર્વેદિક વિભાગ આરોગ્યક્ષેત્રમાં યોગદાન આપવા અને વિદ્યાર્થીઓને ગુણવત્તાવાળું શિક્ષણ પ્રદાન કરવા પ્રતિબદ્ધ છે. NCISM અને ગવર્મેન્ટ ઓફ ગુજરાત દ્વારા મળેલ મંજૂરીના આ આયોજનથી વિદ્યાર્થીઓના કારકિર્દી નિર્માણ માટે નવા માર્ગો ખુલશે. જેનાથી જૂનાગઢ અને આસપાસના વિસ્તારના વિદ્યાર્થીઓને આયુર્વેદના અભ્યાસ માટે ઉત્તમ સગવડતા પ્રાપ્ત થશે. ખુબજ બહોળી સંખ્યામાં જરૂરિયાતમંદ દર્દીઓને સારવાર આપી રહેલી ડો. સુભાષ આયુર્વેદિક અને જનરલ હોસ્પિટલ, જ્યાં આયુર્વેદિક સારવાર અને આરોગ્યસંભાળની સુવિધાઓ પ્રદાન કરવામાં આવે છે. આ આયુર્વેદિક હોસ્પિટલમાં પંચકર્મ ચિકિત્સા, અભ્યંગ (તેલ મસાજ), શિરોધારા, વાત, પિત્ત અને કફ દોષ માટે હર્બલ ઉપચાર, નેચરોપેથી અને યોગ ચિકિત્સા, સાંધા અને ચામડીની સમસ્યાઓ માટે વિશિષ્ટ ઉપચાર વગેરે આયુર્વેદિક સારવાર ઉપલબ્ધ છે. આ હોસ્પિટલના સફળ સંચાલન માટે અને આ ઉત્કૃષ્ટ સફળતા માટે સંસ્થાના પ્રમુખ જવાહરભાઈ ચાવડા, યુનિવર્સિટીના પ્રમુખ રાજભાઈ ચાવડા તેમજ પ્રોવોસ્ટ ડો. દીપક પટેલ, ડો. સુભાષ આયુર્વેદ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના ડીન ડૉ. અરસી ડોડીયાને અભિનંદન પાઠવ્યા હતા.

## સુત્રાપાડાના યાત્રાધામ પ્રાચી તીર્થ ખાતે વિનામૂલ્યે મેગા નેત્ર નિદાન કેમ્પ, હાડવૈદ, જનરલ ચેકઅપ કેમ્પ યોજાયો



(પ્રતિનિધિ દ્વારા)

પ્રાચી તીર્થ તા.૨૩

પ્રાચી તીર્થ ખાતે અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર તથા રંભુબેન ઉકાભાઈ ચુડાસમા સેવા સમિતિ દ્વારા વિનામૂલ્યે સદગુરૂ સુપર મેગા નેત્ર નિદાન કેમ્પ, હાડ વૈદ, જનરલ ચેકઅપ કેમ્પ શ્રી કોળી સમાજ ભવન પ્રાચી ખાતે યોજાયો હતો. જેમાં આ કેમ્પના દાતા રોહિતભાઈ દરબાર અમરાપુર તથા ડો. વિવેકભાઈ રાઠોડ તથા ડો. રોહિતભાઈ પટેલ(સાવલિયા સાહેબ પ્રાચી) તથા મહંત શ્રી કરસનદાસ બાપુ ઉપવાસી પાધેશ્વરી આશ્રમ મટાણા સહિતના અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર ના પરિવારજનો ના કર કમલો દ્વારા દિપ પ્રાગટ્ય કરી તથા ગાયત્રી પરિવારના કાર્યકર્તા પત્રકાર જાદવભાઈ ચુડાસમા એ કેમ્પને ઉદ્‌બબોધન કરીને આ કેમ્પને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ તકે સૌના માટે વિશ્વના કલ્યાણ તથા સૌનો સદબુદ્ધિ તથા ઉજજવળ ભવિષ્ય માટે ગાયત્રી મહામંત્ર, પાંચ મહામૃત્યુંજય મંત્રનો સામુહિક જાપ કરેલ ગાયત્રી પરિવારના સંસ્થાપક વેદમુર્તિ તપોનિષ્ઠ પંડિત શ્રી રામ શર્મા આચાર્યજીના જીવન નો સંદેશ પાઠવેલ લોકોને હૃદય ગંમ કરવા આહવાન કરેલ હતું તથા આ કેમ્પના દાતા રોહિતભાઈ દરબારના પરિવારનું સન્માન પરમ પૂજ્ય ગુરૂદેવના દેવસ્થાપન ફોટો તથા ગુરૂદેવના સાહિત્ય વડે પાધેશ્વરી આશ્રમ મટાણા ઉપવાસી મહંત કરસનદાસ બાપુ દ્વારા મોમેન્ટ આપીને સન્માન કરવામાં આવેલ હતુ આ કેમ્પમાં ડો. વિવેકભાઈએ ૨૧૦દર્દીઓને તપાસી જેમાંથી ૬૬ દર્દીઓરને મોતિયાના ઓપરેશન માટે રાજકોટ ખાતે લઈ ગયેલ હતા તથા જનરલ ચેકઅપ કેમ્પમાં ડો. રોહિતભાઈ પટેલ એ ૬૦થી વધુ દર્દીઓને તપાસી વિનામૂલ્યે દવા આપવામાં આવી હતી તથા હાર્ડવૈદ હમીરભાઈ પ્રાચીએ ૨૦દર્દીને હાથ પગ સાંધાના દુઃખાવાના મસાજ કરેલ તથા દાતા તરફથી સૌના માટે ચા - પાણી તથા સુંદર ભોજન પ્રસાદની સુંદર વ્યવસ્થા ગોઠવવામાંઆવી હતી. આ કેમ્પને સફળ બનાવવા માટે કાનાભાઈ સોલંકી(બોસન), નાથાભાઈ સોલંકી(થરેલી), નારણભાઈ વાળા(પાધરૂકા) તથા રોહિતભાઈ દરબાર અમરાપુર, રાહુલભાઈ રાઠોડ બોસન તથા ભલુભાઈ બોસન તથા વજુભાઈ ગોહિલ, નરસિંહભાઈ વાઢેર છગિયાવાલાભાઈ કંટાળા, શોભનાબેન ૬૬ કેવી ટીંબડી પ્રાચી, સોનીબેન ગોરખમઢી તથા પત્રકાર જાદવભાઈ ચુડાસમા તથા પાર્થભાઈ, શ્લોકભાઈ સહિત અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર તથા રંભુબેન ઉકાભાઈ ચુડાસમા સેવા સમિતિના સેવાભાવી ભાઈ-બહેનો દ્વારા ખુબ જ જહેમત ઉઠાવીને આ કેમ્પને સફળ બનાવ્યો હતો.

### આજુબાજુ વિસ્તારમાંથી બહોળી સંખ્યામાં દર્દીઓએ લાભ લીધો

(તસ્વીર : જાદવભાઈ ચુડાસમા)

## જાહેરમાં કચરો ફેકનાર આસામીઓ સામે મહાનગરપાલિકા જૂનાગઢ દ્વારા દંડનીય કાર્યવાહી

જૂનાગઢ, તા.૨૩

મહાનગરપાલિકા જૂનાગઢમાં નોંધાયેલ મિલ્કત ધારકો કે જેને વર્ષ-૨૦૨૪/૨૫ ના વર્ષનો સંપૂર્ણ મિલ્કત વેરો ભરપાઈ કરેલ છે. તે તમામ મિલ્કત ધારકોને મહાનગરપાલિકા, જુનાગઢ તરફથી મિલ્કત વેરો ભર્યાની ઓરીજનલ પહોંચ રજુ કર્યેથી જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા સુકો કચરો અને ભીના કચરાની વિનામુલ્યે ૨-નંગ ૧૦ લીટર ડસ્ટબીન (બ્લુ અને લીલી)નું ઘર વેરા શાખાના વોર્ડ નં.૧ થી ૧૩ અને ૨૨ના શહેરીજનો માટે શહેરી મિલ્કત ધારકો માટે શામળદાસ ગાંધી ટાઉનહોલ ખાતે તેમજ ઘર વેરા શાખાના વોર્ડ નં.૧૪,૧૫ અને ૧૬ના શહેરીજનો માટે દોલતપરા ઝોનલ ઓફીસ ખાતે અને ઘર વેરા શાખાના વોર્ડ નં.૧૭ અને ૧૮ના શહેરીજનો માટે જોશીપુરા ઝોનલ ઓફીસ (સોરઠ ભવન) ખાતે અને વોર્ડ નં.૧૯,૨૦ અને ૨૧ના શહેરીજનો માટે ટીંબાવાડી ઝોનલ ઓફીસ ખાતેથી ડસ્ટબીન મેળવી લેવી . સ્વચ્છ મિશન ભારત (અર્બન)ની ગાઈડ લાઈન મુજબ તા.૧/૧૦/૨૦૨૪થી તમામ નગરજનો પાસેથી સુકો અને ભીનો કચરો અલગ અલગ કરી ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શન વાહનમાં અલગથી લેવામાં આવશે. આ ઉપરાંત કોઈ વ્યક્તિ કે આસામી દ્વારા જાહેરમાં કચરો ફેકતા સી.સી.ટી.વી. કેમેરામાં અથવા અધિકારી, કર્મચારીને જોવા મળશે તો મહાનગર પાલિકા, જુનાગઢ દ્વારા દંડનીય કાર્યવાહી કરવામાં આવશે.જેની શહેરીજનોએ નોંધ લેવી.

## ખંભાળિયાની શાળાઓમાં સ્વચ્છતા અંગેની જનજાગૃતિ અર્થે ચિત્ર સ્પર્ધા તેમજ રેલી યોજાઈ




જામ ખંભાળિયા, તા.૨૩

રાજ્યમાં ગત તા. ૧૮ થી સ્વચ્છતા હી સેવા અભિયાન શરૂ કરવામાંઆવ્યુંછે. જે અંતર્ગત સમગ્ર દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પણ સ્વચ્છતા અભિયાન અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજી નાગરિકોને સ્વચ્છતા અંગે જાગૃત કરવામાં આવી રહ્યા છે. ખંભાળિયા તાલુકાની ભાડથર, ઝાકસીયા, દેવળીયા, ધતુરીયા, ગોરીયારી, શીવા, રામનગર અવેડા વાડી પ્રાથ. શાળા સહિતની શાળાઓમાં બાળકો દ્વારા સ્વચ્છતા અંગેના ચિત્ર સ્પર્ધા, વેસ્ટ કાગળમાંથી અવનવી ડીઝાઈન તથા માટી કામમાંથી વિવિધ વસ્તુઓ બનાવી હતી. છાત્રોએ સ્વચ્છતા રેલી યોજી સ્વચ્છતા અંગેનો સંદેશ આપ્યો હતો. આ ઉપરાંત સ્વચ્છતા ક્લાસ, સ્વચ્છતાની પાઠશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

## એમ. જે .સ્વામિનારાયણ હાઈસ્કૂલ - પ્રભાસ પાટણ ખાતે QDC -2 કક્ષાએ ગણિત વિજ્ઞાન પ્રદર્શન -૨૦૨૪ યોજાયો

(પ્રતિનિધિ દ્વારા)



પ્રભાસ પાટણ, તા.૨૩

એમ. જે .સ્વામિનારાયણ હાઈસ્કૂલ - પ્રભાસ પાટણ ખાતે QDC -2 કક્ષાએ ગણિત વિજ્ઞાન પ્રદર્શન -૨૦૨૪ યોજાયો હતો. જેમાં શાળા સંચાલક શા.સ્વા. ભક્તિપ્રકાશદાસજી, સ્વામી ધર્મકિશોરદાસજી તથા નરેશભાઈ ગુંદરણીયા (કો-ઓર્ડીનેટર શ્રી ધર્મભક્તિ જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર - ગીર સોમનાથ) ના હસ્તે રીબીન કાપી, દીપ પ્રાગટય કરી વિજ્ઞાન મેળાને ખુલ્લો મૂક્યો હતો. ગણિત વિજ્ઞાન અને પર્યાવરણ પ્રદર્શનમાં ક્યુ.ડી.સી. ની ૫ શાળાઓએ ભાગ લીધો હતો. અલગ-અલગ ૫ વિભાગોમાં કુલ ૧૦ જેટલી કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. કૃતિઓ સાથે જે તે શાળાના બાળ વૈજ્ઞાનિકો અને તેમના માર્ગદર્શક શિક્ષકો પણ ઉપસ્થિત રહ્યા હતા. દરેક વિભાગમાં પ્રથમ ક્રમાંકે આવેલ બાળ વૈજ્ઞાનિકોની કૃતિઓ એસ.વી.એસ કક્ષાએ પ્રતિનિધિત્વ કરશે, પ્રદર્શનમાં ભાગ લીધેલ દરેક બાળ વૈજ્ઞાનિકોને જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા પ્રમાણપત્ર અને બોલપેન આપી સન્માનિત કરવામાં આવેલ. આ સાથે કાર્યક્રમમાં એસવીએસ કન્વીનર પ્રતિનિધિ બેલીમભાઈ (આઈ. ડી. ચૌહાણ હાઈસ્કૂલ વેરાવળ) તથા જુદી જુદી શાળાઓમાંથી આચાર્ય તથા શિક્ષકો બહોળી સંખ્યામાં હાજર રહી પ્રદર્શન નિહાળેલ તેમજ ડૉ. સી.એમ. જોષી (સ.વ.પ્ર. અધ્યાપન મંદિર પ્ર.પાટણ) તથા તૃપ્તિબેન ત્રિવેદી (પે.સે. કુમાર શાળા પ્ર પાટણ) પ્રદર્શનમાં નિર્ણાયક તરીકે સંતોષકારક કામગીરી બજાવેલ.પ્રદર્શનને આજુ બાજુની શાળાઓના અંદાજિત ૭૫૦ જેટલા વિદ્યાર્થીઓએ પ્રદર્શનનો લાભ લીધો હતો. સમગ્ર પ્રદર્શનનું સંચાલન શાળાના મ. શિ. બી. બી. ઝાલા તથા એમ.બી.વનરા દ્વારા કરવામાં આવેલ તેમજ એમ.જે.સ્વામિનારાયણ હાઈસ્કૂલનાં સમગ્ર સ્ટાફ ગણ દ્વારા ઉત્કૃષ્ટ કામગીરી કરી આ ગણિત વિજ્ઞાન પર્યાવરણ પ્રદર્શન સફળ બનાવેલ છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# અનામતમાં ઉપવર્ગીકરણનું સમર્થન કરનારા લાચાર

બધા સારી રીતે જાણે છે કે સુપ્રીમ કોર્ટના આ ચુકાદાનો કેટલાય પક્ષો અને સંગઠનો દ્વારા વિરોધ કરવામાં આવે છે કે એસસી-એસટી અનામતમાં ઉપવર્ગીકરણને લાગુ કરવી બંધારણસંમત છે, પરંતુ એ કેટલા લોકો જાણે છે કે આ ચુકાદાનું સ્વાગત કરનારા લોકો પણ છે. તેમાં મુખ્યત્વે એસસી-એસટી સમાજની વંચિત જાતિઓનાં સંગઠનો છે. વંચિત જાતિઓનાં આ સંગઠન એસસી-એસટી અનામતમાં ઉપવર્ગીકરણના ચુકાદાનું સ્વાગત કરવાની સાથે જ તેને લાગુ કરવાની માંગ પણ કરી રહ્યા છે, પરંતુ તેમનો અવાજ દબાવી દેવામાં આવે છે અને કોઈ સાંભળતું નથી. કારણ કે કોઈ મુખ્ય પક્ષ કે સંગઠન તેમના પક્ષમાં ઊભા થવા માટે તૈયાર નથી. ઉત્તર ભારતમાં માત્ર જીતનરામ માંઝીનો પક્ષ જ એસસી-એસટી અનામતમાં ઉપવર્ગીકરણનું સમર્થન કરી રહ્યો છે. માયાવતી, ચિરાગ પાસવાન અને ચંદ્રશેખર જેવાએ સુપ્રીમ કોર્ટના ચુકાદાનો વિરોધ જ ન કર્યો, બલ્કે ભારત બંધ દ્વારા સડકો પર ઉતરીને નારાજગી પણ વ્યક્ત કરી. એમ તો સુપ્રીમ કોર્ટના ચુકાદાના સમર્થનમાં પણ કેટલાંય સંગઠન સડકો પર ઉતરી રહ્યાં છે, પરંતુ તેમની સક્રિયતા મીડિયાના એક મોટા હિસ્સામાં દેખાડવામાં જ નથી આવતી.

ગત ૧૦ સપ્ટેમ્બરે વાલ્મિકી સમાજના લોકોએ અશોક અજ્ઞાનીની પહેલ પર સુપ્રીમ કોર્ટના ચુકાદાને લાગુ કરવા માટે દિલ્હીમાં જંતર-મંતર પર સત્યાગ્રહ કર્યો, પરંતુ તેના સમાચાર માંડ કોઈના સુધી પહોંચ્યા હશે. એ જ રીતે ઝાલાવાડમાં રાજસ્થાન સમગ્ર ભીલ વર્ગે એસસી-એસટી અનામતમાં ઉપવર્ગીકરણ લાગુ કરવાની માંગને લઈને અરવિંદ ભીલના સંયોજનમાં એક મોટું સરઘસ કાઢ્યું. તેમાં લગભગ ૨૫ હજાર લોકો સામેલ થયા, પરંતુ તે સ્થાનિક મીડિયામાં જ નોંધાઈને રહી ગયં. આ જ સ્થિતિ અન્ય અનેક શહેરોમાં થયેલ આયોજનોને લઈને રહી. એસસી-એસટી સમાજની વંચિત જાતિઓના નાના-મોટા સંગઠનો એવાં આયોજન હજુ પણ કરી રહ્યા છે, પરંતુ તેમના તરફ ના તો જનતાનું ધ્યાન જઈ રહ્યું છે કે ના સરકારોનું. સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદ જે રાજકીય પક્ષ પહેલાં ક્યારેય એસસી-એસટી અનામતમાં ઉપવર્ગીકરણનું સમર્થન કરતા હતા, તેમણે કાં તો ચૂપકિદી સેવી લીધી છે, કે પછી પોતાના વલણને સ્પષ્ટ કરવાનો ઈનકાર કરી રહ્યા છે. કોંગ્રેસ કહી રહી છે કે એના પર અમે મંત્રણા કરી રહ્યા છીએ, જ્યારે સુપ્રીમ કોર્ટનો ચુકાદો આવ્યા બાદ તેલંગણાના કોંગ્રેસી મુખ્યમંત્રી રેવંતે તેનું સ્વાગત કર્યું હતું. આ ચુકાદાનું સ્વાગત કરનારાઓમાં આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુ અને બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર પણ છે, પરંતુ ચિરાગ પાસવાન આ ચુકાદાના વિરોધમાં ઉતરી આવ્યા છે.

એકાદ-બે પ્રાદેશિક પક્ષોને બાદ કરતાં મોટાભાગના પ્રાદેશિક પક્ષો અને રાષ્ટ્રીય પક્ષો આ ચુકાદાનો વિરોધ કરી રહ્યા છે અથવા મૌન ધારણ કરી રહ્યા છે. વિરોધ કરનારા એવી દલીલ કરી રહ્યા છે કે સુપ્રીમ કોર્ટનો ચુકાદો એસસી-એસટી સમાજની એક્તા ખતમ કરનારો છે. આખરે એ કેવી એક્તા છે, જેમાં એસસી-એસટી સમાજના હિતોની ચિંતા કરનારા જ એ જોવા તૈયાર નથી કે તેમની વચ્ચે અનામતના લાભથી વંચિત રહી ગયેલી જાતિઓ પણ છે? આ બંને વર્ગોની વંચિત જાતિઓનાં કેટલાંય સંગઠનો એસસી-એસટી અનામતમાં ક્રીમી લેયરની વ્યવસ્થા લાગુ કરવાની પક્ષધર છે, પરંતુ એવું થવાના અણસાર બિલકુલ નથી દેખાતા, કારણ કે એક તો સુપ્રીમ કોર્ટે માત્ર તેની જરૂરિયાત જ વ્યક્ત કરી છે અને બીજું, રાજકીય કારણોસર કોઈપણ અને ત્યાં સુધી કે કેન્દ્ર સરકાર પણ એના પર અમલ કરવા તૈયાર નથી. મોટાભાગના પક્ષો એમ કહેતાં તેના વિરોધમાં આવી ગયા છે કે બંધારણમાં ક્રીમી લેયર વિશે કશું જ નથી કહેવામાં આવ્યું. જો એવું જ હોય તો પછી ઓબીસી અનામતમાં ક્રીમી લેયર કેવી રીતે લાગુ કરાયું?

એસસી-એસટી અનામતમાં ક્રીમી લેયર સિદ્ધાંત લાગુ કરવાના વિરોધમાં એમ પણ કહેવાઈ રહ્યું છે કે ઉચ્ચ પદો પર પહોંચી ગયેલા એસસી-એસટી સમાજના લોકો સાથે પણ ભેદભાવ થાય છે. તેનો ઈનકાર નહીં, પરંતુ તેનો અર્થ છે કે અનામત પછાત વર્ગોના ઉત્થાનનો રસ્તો ભલે હોય, તેની સાથે થનારા ભેદભાવને દૂર કરવાનો કારગત ઉપાય નથી. સ્પષ્ટ છે કે ભેદભાવને દૂર કરવા માટે માત્ર અનામત પર આશ્રિત ન રહી શકાય. એને દૂર કરવા માટે સરકારો અને સમાજે કંઈક અલગ કરવું પડશે. તેના માટે એસસી-એસટી સમાજની અપેક્ષાકૃત સક્ષમ જાતિઓ અને આ સમાજના હિતોની વાતો કરનારા લોકોએ પણ સક્રિય થવું પડશે, કારણ કે એ એક સચ્ચાઈ છે કે એસસી-એસટી સમાજની વંચિત જાતિઓથી આ જ વર્ગોની એ જાતિઓ પણ અંતર રાખે છે કે જેમની સામાજિક-આર્થિક સ્થિતિ અપેક્ષાકૃત બહેતર છે અને જેઓ રાજકીય રૂપે પણ પ્રભાવી છે. તેનું એક પ્રમાણ એ છે કે જ્યારે એસસી-એસટી સમુદાયની વંચિત જાતિઓના સંગઠન અનામતમાં ઉપવર્ગીકરણને લાગુ કરવા પર ભાર મુકવા માટે પોતાના કાર્યક્રમોમાં લોકોને આવવાની અપીલ કરી રહ્યા હતા તો સુપ્રીમ કોર્ટના ચુકાદાનો વિરોધ કરનારા પક્ષો અને સંગઠનોના સમર્થકો એક્સ, ફેસબુક વગેરે પ્લેટફોર્મ પર તેમના પર કટાક્ષ કરી રહ્યા હતા અને તેમને ફલાણા-ઢીંકણાના એજન્ટ ગણાવી રહ્યા હતા.

મુશ્કેલી એ છે કે એસસી-એસટી અનામતમાં ઉપવર્ગીકરણના ચુકાદાનો વિરોધ કરનારા એ લોકો પણ છે, જે એવા નારા લગાવે છે કે જેની જેટલી સંખ્યા ભારે-એટલી તેની હિસ્સેદારી. ભલે એવા લોકો એસસી-એસટી વર્ગની એક્તાની ગમે તેટલી દુહાઈ આપે, ખરું એ છે કે આ બંને વર્ગોમાં અનેક એવી જાતિઓ છે, જે અનામતના લાભથી વંચિત છે કે પછી જેમને અનામતનો નહિવત લાભ મળ્યો છે. જો એસસી-એસટી અનામતમાં ઉપવર્ગીકરણની દિશામાં આગળ વધવામાં નહીં આવે તો તે આ સમુદાયોની ડઝનભર વંચિત જાતિઓ સાથે જાણીજોઈને કરવામાં આવેલો અન્યાય ગણાશે.

### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ફાળવણી કરી

# ૨૬૩ કરોડ ફ્લાય ઓવર અને વ્હેક્યુલર અન્ડરપાસ માટે ફળવાયા

## રાજ્યમાં ભારે ટ્રાફિક ધરાવતા હાઈવેને અંદાજે ૩૧૦૦ કરોડના ખર્ચે હાઈસ્પીડ કોરીડોર તરીકે વિકસાવાશે



ગાંધીનગર, તા.૨૩

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ-મહેસાણા-પાલનપૂર રોડને હાઈ સ્પીડ કોરીડોર અંતર્ગત વિકસાવવા માટે ૨૬૨.૫૬ કરોડ રૂપિયા ફાળવવાનો મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશા દર્શનમાં સુદ્રઢ રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સલામત માર્ગો દ્વારા પરિવહન સુવિધા સરળ બનાવવા રાજ્યમાં ભારે ટ્રાફિક ધરાવતા હાઈવેને અંદાજે રૂપિયા ૩૧૦૦ કરોડના ખર્ચે હાઈ સ્પીડ કોરીડોર તરીકે વિકસાવવા રાજ્ય સરકારે આ વર્ષના બજેટમાં પ્રાવધાન કર્યુ છે.

આ પ્રાવધાન અંતર્ગત વટામણ-પીપળી, સુરત – સચિન- નવસારી, અમદાવાદ-ડાકોર, ભૂજ-ભચાઉ, રાજકોટ-ભાવનગર, અને મહેસાણા-પાલનપૂર સહિત ૬ જેટલા હાઈ સ્પીડ કોરીડોર વિકસાવવાની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ હેતુસર ઉત્તર ગુજરાતના મહેસાણા-ઊંઝા-સિધ્ધપૂર-પાલનપૂર હાઈવે પર અગાઉ ૨૦૨૩-૨૪માં અલગ-અલગ ૯ જેટલા ક્રોસીંગ સ્થળો પર ફલાયઓવર તેમજ વ્હીક્યુલર અન્ડરપાસ અને ૩ નદીઓ પર નવિન બ્રીજ મંજૂર કર્યા છે. મુખ્યમંત્રીએ આ સુદ્રઢ રોડ નેટવર્કની દિશામાં એક કદમ આગળ વધતા વધુ એક ફલાયઓવર અને બે વ્હીક્યુલર અન્ડરપાસના નિર્માણ માટે ૨૬૨.૫૬ કરોડ રૂપિયાની મંજૂરી આપી છે.

તદનુસાર, મહેસાણા શહેરમાં રાધનપૂર સર્કલ પરના વધારે પડતા ટ્રાફિકના નિવારણ માટે રૂ. ૧૩૬ કરોડના ખર્ચે નવો સિક્સ લેન ફલાયઓવર બ્રિજ, નાગલપૂર ક્રોસ રોડ પર અકસ્માત નિવારી શકાય તે માટે અંદાજીત રૂ.૫૪.૪૦ કરોડના ખર્ચે સિક્સ લેન વ્હીક્યુલર અન્ડરપાસ અને ઉનાવા ખાતે બંને ક્રોસ રોડ પર રૂ. ૭૨.૧૬ કરોડના અંદાજિત ખર્ચે નવો ૬-માર્ગીય વ્હીક્યુલર અન્ડરપાસ બનાવવાની કામગીરી હાથ ધરાશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના આ નિર્ણયને પરિણામે ઉત્તર ગુજરાત વિસ્તારના લોકોને અમદાવાદ સાથેની વધુ સરળ, સલામત અને ઝડપી રોડ કનેક્ટીવીટી મળશે. અત્રે નિર્દેશ કરવો જરૂરી છે કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વની કેન્દ્ર સરકારે તાજેતરમાં ઓગસ્ટ મહિનામાં જ થરાદ-મહેસાણા-અમદાવાદ ના નેશનલ હાઈસ્પીડ કોરીડોરને મંજૂરી આપી છે. ભારતમાલા પરિયોજનામાં એક મહત્વપૂર્ણ પ્રોજેક્ટ અન્વયે થરાદથી અમદાવાદ સુધીના ૨૧૪ કિ.મી. લંબાઈના સીક્સ લેન નેશનલ હાઈસ્પીડ કોરીડોર (એક્સપ્રેસ વે) માટે રૂ. ૧૦૫૩૪ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ નેશનલ હાઈ સ્પીડ કોરીડોરને સંલગ્ન રોડ નેટવર્ક વધુ સુગ્રથિત બનાવવા આ ૨૬૨.૫૬ કરોડ રૂપિયા અમદાવાદ-મહેસાણા-પાલનપૂર રોડને હાઈસ્પીડ કોરીડોર હેઠળ વિકસાવવા માટે મંજૂર કર્યા છે.

# સાત દિવસ મધ્યમથી ભારે વરસાદની આગાહી કરાઈ

અમદાવાદ, તા.૨૩

રાજ્યના હવામાન વિભાગ દ્વારા આગામી સાત દિવસ સુધી વરસાદને લઈ આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ આગામી દિવસોમાં હળવાથી લઈ મધ્યમ અને ભારે વરસાદની આગાહી છે. દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. ૨૩ સપ્ટેમ્બરે પશ્ચિમ બંગાળની ખાડીમાં લો પ્રેશર સિસ્ટમ સક્રિય થઈ છે. જેના કારણે વરસાદની આગાહી કરવામાં આવી છે. રાજ્યના હવામાન વિભાગ દ્વારા આજે ૨૧ સપ્ટેમ્બર અને શનિવારે અમરેલી, ભાવનગરમાં સામાન્ય વરસાદની આગાહી કરવામાં આવી છે. આ સિવાય દક્ષિણ ગુજરાતમાં પણ અનેક જિલ્લાઓમાં વરસાદની આગાહી કરવામાં આવી છે.

રવિવાર અને ૨૨ સપ્ટેમ્બરના દિવસે પણ અમરેલી અને ભાવનગર જિલ્લામાં વરસાદી માહોલ રહેશે. આ સિવાય સુરત, નવસારી, ભરુચ, આણંદ, વલસાડ, છોટા ઉદેપુર,વડોદરામાં પણ વરસાદની આગાહી છે.

૨૩ સપ્ટેમ્બર અને સોમવારે વલસાડ, સુરત, નવસારીમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. સૌરાષ્ટ્રમાં અમરેલી અને ભાવનગરમાં વરસાદની આગાહી છે. ૨૪ સપ્ટેમ્બર અને મંગળવારના દિવસે દક્ષિણ ગુજરાતમાં ગાજવીજ સાથે મધ્યમથી ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

૨૫ સપ્ટેમ્બર અને બુધવારના દિવસે ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર અને બોટાદમાં ગાજવીજ સાથે હવામાન વિભાગે વરસાદની આગાહી કરી છે. આણંદ, પંચમહાલ, મહિસાગર અને દાહોદમાં પણ વરસાદની આગાહી કરાઈ છે.

૨૬ સપ્ટેમ્બર અને ગુરુવારે ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર અને બોટાદમાં વરસાદની આગાહી કરાઈ છે. આણંદ, મહિસાગર, પંચમહાલ અને દાહોદમાં પણ વરસાદની આગાહી છે.

૨૭ સપ્ટેમ્બર અને શુક્રવારના દિવસે પણ સૌરાષ્ટ્રમાં વરસાદની શક્યતા છે. અમરેલી, ગીરસોમનાથ, ભાવનગર અને બોટાદમાં વરસાદની આગાહી હવામાન વિભાગે કરી છે. આણંદ, મહીસાગર, પંચમહાલ અને દાહોદમાં પણ વરસાદની શક્યતા છે.

# દેવભૂમિ દ્વારકા જીલ્લા માર્ગ સલામતી સમિતીની બેઠક યોજાઈ



(પ્રતિનિધિ દ્વારા) દ્વારકા, તા.૨૩

દેવભૂમિ દ્વારકા જિલ્લા માર્ગ સલામતી સમિતીની બેઠક કલેક્ટર જી.ટી. પંડ્યાની અધ્યક્ષતામાં જિલ્લા સેવા સદન, ખંભાળિયા ખાતે યોજાઈ હતી. આ બેઠકમાં કલેક્ટરે જિલ્લામાં અકસ્માત નિવારણ અંગે ચર્ચા કરીને વરસાદ બાદ નુકસાન પામેલ રોડના તાકિદે સમારકામ કરવા અંગે તેમજ મેન્ટેનન્સ કરતી વખતે સાઈનેજ સુનિશ્ચિત કરવા સંબંધિત અધિકારીશ્રીઓને તાકીદ કરી હતી. આ બેઠકમાં પોલીસ અધિક્ષક નિતેશ પાંડેય, નિવાસી અધિક કલેક્ટર ભૂપેશ જોટાણીયા અને સમિતિના અન્ય સભ્યો જોડાયાં હતાં.

# કલ્યાણપુર તાલુકા કક્ષાનું ગણિત વિજ્ઞાન પ્રદર્શન યોજાયું



જામ ખંભાળિયા, તા.૨૩

દેવભૂમિ દ્વારકા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના માર્ગદર્શન હેઠળ આજરોજ કલ્યાણપુર બીઆરસી દ્વારા તાલુકા કક્ષાનું ગણિત -વિજ્ઞાન પ્રદર્શન મોડેલ સ્કૂલ ખાતે યોજવામાં આવ્યું હતું. જેમાં કુલ ૧૦૪ કૃતિઓ પ્રદર્શિત થઈ હતી. કલ્યાણપુર તાલુકા મામલતદાર સુવાના હસ્તે આ વિજ્ઞાન પ્રદર્શન ખુલ્લું મુકવામાં આવ્યું હતું.

આ આયોજનમાં કલ્યાણપુર પી.આઈ. રાજવી, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી જીવાભાઈ હાથલીયા, જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ મેરામણભાઈ ગોરીયા, તાલુકા સંઘના પ્રમુખ કરશનભાઈ રાવલિયા, બીઆરસી ચેતનભાઈ રાઠોડ, નારણભાઈ ગોજીયા, મેહુલભાઈ સચદેવ, જિલ્લા કારોબારી સભ્યો મારખીભાઈ ગોરીયા, પાલભાઈ ગોરીયા સાથે સીઆરસી તથા મોટી સંખ્યામાં શિક્ષકો અને બાળ વૈજ્ઞાનિકો હાજર રહ્યા હતા.

આ કાર્યક્રમનું સંચાલન હાજાભાઈ વાળા અને ડી.કે. કરમુર દ્વારા કરવામાં આવ્યું હતું. કલ્યાણપુર બીઆરસી અને તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ તરફથી બાળકોને શિલ્ડ અને પ્રમાણપત્ર આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.



વર્ષે એક વખત 'કાગવાસ' ન નાખનારા આપણા વંશજો 'ગોવા' જશે પણ 'ગયાશ્રાધ્ધ' નહીં કરે !

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

જેના માથે દેવું નથી એ પૈસાદાર છે.

-હંગેરીયન કહેવત

## : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.અર્દીબહેસ્ત-૧૩૯૪, મુ. રબી-ઉલ્લ-અવ્વલ-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૧, ભાદરવા વદ-૬ સાતમનું શ્રાધ્ધ તા.૨૩ સપ્ટેમ્બર ૨૦૨૪, સોમવાર, પારસી તા.૧૦, મુસ્લિમ તા.૧૯, રોહિણી નક્ષત્ર, સિધ્ધિ યોગ, વિષ્ટિ કરણ, સૂ.ઉ.૬:૪૧, સૂ.અ.૬:૪૬

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી વૃષભ (બ વ ઉ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

## સાપ્તાહિક રાશી ભવિષ્ય

## તા. ૨૩-૦૯-૨૦૨૪ થી ૨૯-૦૯-૨૦૨૪ સુધીનું આપનું સાપ્તાહિક રાશિ ભવિષ્ય

**મેષ : અ.લ.ઈ. સ્વામિ - મંગળ**

આ સપ્તાહ દરમિયાન ધાર્મિક તેમજ માંગલિક પ્રસંગોનું આયોજન થાય. મોજ-શોખ પાછળ ખર્ચ થાય. ધંધા-વ્યવસાય ક્ષેત્રે પરિવર્તનના યોગ છે. આકસ્મીક લાભ થાય. નોકરીયાત વર્ગને નાણાંકીય બાબતે ઈચ્છીત કાર્યો પૂર્ણ થાય. માતા-પિતા સાથે મતભેદ ન થાય તે જોવું. ભાઈ-બહેનનું વર્તન તમારા વિરૂધ્ધનું રહે. જીવનસાથીનો સહકાર મેળવી શકાય.

**વૃષભ : બ.વ.ઉ. સ્વામિ - શુક્ર**

આ સપ્તાહ દરમિયાન નાણાંનો દૂર વ્યય ન થાય તેની તકેદારી રાખજો. આવક-જાવકનું પાસું સરભર રહે. માનસિક ચંચળતા અનુભવાય. સગપણ-વિવાહ અંગેની સમસ્યા દૂર થાય. સંતાન સંબંધિ સમસ્યાનો ઉકેલ આવે. સાહસિક કાર્યો કરવામાં સાવચેત રહેવું. મનમાં ગુપ્ત ચિંતા અનુભવાય. ખોટું નાણાંકીય રોકાણ ન થઈ જાય તેની ખાસ સાવચેતી રાખવી.

**મિથુન : ક.છ.ઘ. સ્વામિ - બુધ**

આ સમય દરમિયાન લાંબાગાળાથી પરેશાન કરતી સમસ્યાનો ઉકેલ આવી જાય. સર્જનાત્મક કે રચનાત્મક કાર્યોમાં સફળતા મળે. પરિવારમાં વિશેષ આનંદનું વાતાવરણ સર્જાય. મિલ્કત અંગેના પ્રશ્નોનો ઉકેલ મળે. લાંબાગાળાની યોજના તમારા ધાર્યા પ્રમાણે પાર પડે. વિશ્વાસઘાતનો પ્રસંગ ન બને તેની તકેદારી રાખજો. આર્થિક ખર્ચનો પ્રસંગ બને.

**કર્ક : ડ.હ. સ્વામિ - ચંદ્ર**

આ સપ્તાહ દરમિયાન વ્યાપાર-ધંધાની કામગીરીમાં અણધારી પ્રગત્તિ થાય. આનંદ-ઉત્સાહસભર વાતાવરણ રહે. મહિલા વર્ગ માટે આ સમય દરમિયાન નવી તક મળે કે આકસ્મીક લાભ પ્રાપ્ત થાય. મકાન-વાહન કે સંપત્તિને લગતા પ્રશ્નોનો ઉકેલ મળે. આરોગ્ય બાબતે ખાસ કાળજી રાખવી. વડીલ વર્ગનો વિશ્વાસ સંપાદીત કરી શકશો. નોકરીયાત વર્ગને નવિન ઉન્નતિનો માર્ગ મળે.

**સિંહ : મ.ટ. સ્વામિ - સૂર્ય**

આ સપ્તાહ દરમિયાન ચિંતા અને અશાંતિના પ્રશ્નો ધીરે-ધીરે ઉકેલાતા જાય. કૌટુંબિક મતભેદો દૂર થાય. ખર્ચ પર કાબુ રાખવો નહિંતર નાણાંકીય સમસ્યાનો સામનો કરવો પડે. પુરૂષાર્થનો વિશેષ ફળ મેળવી શકશો. માંગલિક કાર્યો સફળતાથી પાર પડે. તમારા માટે પ્રગતિકારક સમય રહે. સામાજિક માન-પ્રતિષ્ઠા સાથે આર્થિક લાભો પણ અટકી-અટકીને મળે. મુસાફરીમાં ધારી સફળતા મળે.

**કન્યા : પ.ઠ.ણ. સ્વામિ - બુધ**

આ સપ્તાહ દરમિયાન ખોટા નાણાંકીય રોકાણ ન કરવા હિતાવહ. જોખમી કાર્યોથી દૂર રહેવું. મન અધ્યાત્મિક તરફ વળી જાય. કાલ્પનીક ચિંતાથી દૂર રહી તમારી પ્રવૃત્તિઓમાં વિશેષ ધ્યાન આપજો. આરોગ્યની સમસ્યા હોય તો તે દૂર થાય, કઠીન કાર્યો સરળ બની જાય. રોકાયેલા નાણાં છૂટા થતા જાય. નજીવા કારણોસર મનમાં ચિંતા અનુભવાય. અલબત્ત સપ્તાહના અંતે મોટો લાભ મળે.

**તુલા : ર.ત. સ્વામિ - શુક્ર**

આ સપ્તાહ દરમિયાન નવિન યોજનાઓ કે મહત્વના કાર્યો મંદગતિએ આગળ વધશે. શત્રુપક્ષથી સાવચેત રહેવું જરૂરી છે. કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં ધન વ્યય થવાની સંભાવના રહેલી છે. પરોપકારીને લગતા કાર્યોમાં સાવધાની રાખવી હિતાવહ. પારિવારીક જીવનનું વાતાવરણ ઉત્સાહવર્ધક રહે. ધાર્મિક કાર્યોમાં મન પ્રવૃત રાખવું હિતાવહ.

**વૃશ્ચિક : ન.ય. સ્વામિ - મંગળ**

આ સપ્તાહ દરમિયાન મોજ-શોખ તરફ વિશેષ ધ્યાન રહે. કાર્યબોજમાં હળવાશ અનુભવાય. સ્થાન ફેરના યોગ છે. ધંધાકીય ક્ષેત્રમાં સાવધાની રાખવી. જરૂરી નાણાંકીય સમસ્યાઓ હળવી બને. રોકાયેલા નાણાં મહેનત બાદ છૂટા થાય. રાજકીય વ્યક્તિને સંઘર્ષનો સામનો કરવો પડે. અણધાર્યો પ્રવાસ નકારી ન શકાય.

**ધન : ભ.ધ.ફ.ઢ. સ્વામિ - ગુરૂ**

આ સપ્તાહ દરમિયાન અટકેલા કાર્યો પૂર્ણ થાય. વાદ-વિવાદવાળા કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. પારિવારીક વિષમતા દૂર થાય. આ સપ્તાહ દરમિયાન વધુ પડતું ભાવુક ન રહેવું નહિં તો સમસ્યા સર્જાય. સાહસિક કાર્યમાં સફળતા મેળવી શકશો. નવિન ઓળખાણ થાય જે ભવિષ્ય માટે લાભદાયી નીવડી શકે.

**મકર : ખ.જ. સ્વામિ - શની**

આ સમય દરમિયાન માનસિક અસ્વસ્થતા અને તંગદીલી રહે. તમારા ધાર્યા કાર્યમાં સફળતા ન મળે. ધીરજ રાખવી હિતાવહ. વેપાર ક્ષેત્રે પરિસ્થિતિ યથાવત રહે. જેથી ખર્ચ પર કાબુ રાખવો હિતાવહ. વિરોધીઓથી સાવધ રહેવું. કુટુંબ માટે ભોગ આપવો પડે તેમજ ભાતૃવર્ગથી મતભેદ રહે. પત્નીનો સહકાર મળે અને સંતાનથી લાભ થાય. ધીરે-ધીરે પરિસ્થિતિમાં સુધારો થાય.

**કુંભ : ગ.શ.ષ.સ. સ્વામિ -શની**

આ સપ્તાહ દરમિયાન કાર્યની અધિક્તાને કારણે ખૂબ જ વ્યસ્ત રહેવાય. જીવનસાથી સાથે મનદુ:ખ રહે. સંતાન સંબંધી કાર્યમાં સફળતા મળે. નવા આયોજનો સફળતાથી પાર પાડી શકાય. મુસાફરી પ્રાવસ-ટાળવા હિતાવહ. જામીનગીરી જેવા કાર્યથી સાવચેત રહેવું.

**મીન : દ.ચ.ઝ.થ. સ્વામિ - ગુરૂ**

આ સપ્તાહ દરમિયાન તમારી માનસિક ઉદાસિનતા દૂર થાય તેવું વાતાવરણ સર્જાય. માંગલિક કાર્યોના આયોજન કે લગ્ન સંબંધી સમસ્યા હોય તો તે માટે તમારે હજુ થોડો સમય રાહ જોવી પડશે. ધીરજપૂર્વક દરેક કાર્ય હાથ ધરશો તો ધાર્યો લાભ મેળવી શકશો. જીવનસાથી કે વડીલવર્ગનો પૂર્ણ સહકાર પ્રાપ્ત કરી શકશો.

# પ્રાથમિક શિક્ષક આંતરિક બદલી કેમ્પમાં૭,૭૧૩ શિક્ષકોના ઓર્ડર કરવામાં આવ્યા

અમદાવાદ, તા.૨૩

રાજ્યની પ્રાથમિક સ્કૂલોમાં ફરજ બજાવતા પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક શિક્ષક-વિદ્યાસહાયક માટે ઓનલાઈન પદ્ધતિ દ્વારા જિલ્લા આંતરિક બદલી કેમ્પમાં ૭,૭૧૩ શિક્ષકોને માંગણી મુજબના સ્થળે બદલીના આદેશ કરવામાં આવ્યા છે. જિલ્લા આંતરિક ઓનલાઈન બદલી કેમ્પમાં ફોર્મ ભરવાની મુદત પુર્ણ થયા બાદ અરજીઓની ચકાસણી કરતા ૧૪,૭૮૦ શિક્ષકોની અરજીઓ માન્ય રહી હતી. જે પૈકી ઉપલબ્ધ જગ્યાના આધારે શિક્ષકોને બદલીના આદેશ કરવામાં આવ્યા છે. રાજ્યની સરકારી પ્રાથમિક શાળાના શિક્ષકોની જિલ્લા આંતરીક બદલી કેમ્પના પ્રથમ તબક્કાની કાર્યવાહી પુર્ણ કરવામાં આવી છે. જેમાં રાજ્ય સરકાર દ્વારા જિલ્લા આંતરિક ઓનલાઈન બદલી કેમ્પનો પ્રથમ તબક્કો ૧ સપ્ટેમ્બરથી ૧૯ સપ્ટેમ્બર દરમ્યાન યોજવામાં આવ્યો હતો. જે અંતર્ગત રાજ્યની સરકારી પ્રાથમિક શાળાઓના કુલ ૧૪,૭૮૦ શિક્ષકોની અરજીઓ માન્ય થઈ હતી. જે પૈકી ઉપલબ્ધ ખાલી જગ્યાઓ અનુસાર કુલ ૭,૭૧૩ શિક્ષકો દ્વારા પોર્ટલ ઉપર તેઓ દ્વારા પસંદ કરવામાં આવેલી માગણી મુજબના સ્થળે બદલી આદેશ કરવામાં આવ્યો છે. જિલ્લા આંતરિક બદલી કેમ્પના પ્રથમ તબક્કામાં શિક્ષણ વિભાગના ઠરાવના બદલી નિયમોથી નિયત કરવામાં આવેલી જોગવાઈ મુજબ બદલીનો લાભ મેળવેલા ૭,૭૧૩ શિક્ષકો પૈકી ૬ શિક્ષકોને મૂળ શાળા વધ પરત, ૭૭ શિક્ષકોને વિધવા/વિધુરના કિસ્સામાં, ૬૩ શિક્ષકોને દિવ્યાંગતાના કિસ્સામાં, ૪૫૩ શિક્ષકોને પ્રાથમિક શિક્ષક દંપતિના કિસ્સામાં, ૧૦૮ શિક્ષકોને સરકારી દંપતિના કિસ્સામાં, ૩૭ શિક્ષકોને શૈક્ષણિક અનુદાનિત સંસ્થાઓમાં ફરજ બજાવતા દંપતિના કિસ્સામાં, ૨૮ શિક્ષકોને વાલ્મિકીના કિસ્સામાં અને ૬૯૪૧ શિક્ષકોને સિનિયોરીટી મુજબ બદલીનો લાભ આપવામાં આવ્યો છે. ૨૪ સપ્ટેમ્બરથી ૧૫ ઓકટોબર દરમ્યાન ખાલી રહેલી જગ્યાઓ તેમજ પ્રથમ તબક્કામાં થયેલી બદલી હુકમ બાદ ખાલી પડેલી જગ્યાઓ ઉપર જિલ્લા આંતરિક બદલી માટેના બીજા તબક્કાની કાર્યવાહી હાથ ધરવામાં આવનાર હોવાની સત્તાવાર જાહેરાત કરાઈ છે.

# શાળામાં લાયસન્સ વગર વાહનો લાવતા વિદ્યાર્થીઓ સામે લાલ આંખ કરાશે

**● RTO સાથે સંકલન કરી આગામી સપ્તાહમાં સ્કૂલોમાં આકસ્મિક તપાસ કરવાનું આયોજન● તપાસ દરમ્યાન નિયમનો ભંગ થતો હોવાનું જણાશે તો કાર્યવાહી કરાશે**

અમદાવાદ, તા.૨૩

રાજયના શહેરોમાં શાળામાં લાયસન્સ વગર વાહનો લઈને જતાં વિદ્યાર્થીઓ સામે આકસ્મિક તપાસ કરાશે. શિક્ષણ વિભાગે લાયસન્સ વગર બાળકો વાહનો લઈને સ્કૂલે ન આવે તે જોવા માટે તાકીદ કરી છે. આગામી સપ્તાહમાં સ્કૂલોમાં આકસ્મિક તપાસ હાથ ધરવામાં આવશે અને તેમાં જો લાયસન્સ ધરાવતા ન હોય તેવા વિદ્યાર્થીઓ વાહનો લઈને સ્કૂલે આવ્યા હોવાનું જણાશે તો તેમની સામે કાર્યવાહી કરાશે.



પ્રાપ્ત માહિતી અનુસાર, હાલના સમયમાં રાજયના અનેક શહેરમાં માર્ગ અકસ્માતના બનાવો દિન-પ્રતિદિન જોવા મળી રહ્યા છે. તેમાં પણ સગીરો દ્વારા ટુવ્હીલર અને ફોર-વ્હીલર વાહનો ચલાવવાના અને અકસ્માતના કિસ્સાઓ વધી રહ્યા હોવાનું સામે આવ્યું છે. દરમ્યાન મોટર વ્હીકલ એક્ટ અને વખતોવખત અમલમાં આવતા સુધારાઓનું પાલન ચુસ્તતા પૂર્વક થાય તે માટે સ્કૂલોને સુચના આપવામાં આવી છે. સ્કૂલોને પત્ર દ્વારા કરવામાં આવેલી જાણમાં જણાવાયું છે કે, ૧૬ વર્ષની વય પૂર્ણ કરેલી ન હોય તેવી કોઈપણ વ્યક્તિ કોઈપણ પ્રકારનું લાયસન્સ મળવાપાત્ર નથી. ૧૬ વર્ષ પૂર્ણ કરનારી વ્યક્તિ ૧૮ વર્ષ પૂર્ણ કરે તે પહેલા ગીયર વિનાના દ્વિચક્રી વાહનો માટે લાયસન્સ મેળવવા અરજી કરી શકે અને નિયમાનુસાર પ્રક્રિયા પૂર્ણ કરીને લાયસન્સ મેળવ્યા બાદ જ વાહન ચલાવી શકે છે. પાત્રતા ન ધરાવનારા સગીરને વાહન આપનાર પેરેન્ટ્સ પણ ગુનેગાર ગણવામાં આવે છે. આમ, ધો.૯થી ૧૨માં અભ્યાસ કરનારા વિદ્યાર્થીઓમાં જૂજ સંખ્યામાં લાયસન્સ પાત્રતા ધરાવતા હોઈ શકે છે. જેથી શાળામાં આ બાબતે વિદ્યાર્થીઓ અને વાલીઓમાં જાગૃતિ લાવવા પૂરતા પ્રમાણમાં સઘન પ્રયાસો કરવા માટે સૂચના અપાઈ છે. તેમજ શાળામાં કોઈ પણ વિદ્યાર્થી અનઅધિકૃત રીતે વાહન લઈને ન આવે તે સુનિશ્ચિત કરવા માટે પણ સ્કૂલોને આદેશ કરાયો છે.આગામી સપ્તાહમાં જિલ્લાની કોઈ પણ શાળાઓમાં RTO વિભાગના સક્ષમ અધિકારીનું સંકલન કરી આસ્મિક તપાસ હાથ ધરવામા આવશે તેવી ચિમકી અપાઈ છે. આ તપાસ દરમ્યાન કોઈ પણ વિદ્યાર્થી મોટર વ્હિકલએકટની જોગવાઈઓ વિરૂધ્ધ અન અધિકૃત રીતે શાળા કક્ષાએ વાહન લઈને આવેલો હશે તો તેની સામે કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

# કેનેડાના પ્રાંતીય મતદાનમાં ૨૭ પંજાબીઓ મેદાનમાં

**NDPએ તેમના વર્તમાન ગૃહપ્રધાન અને સરકારી ગૃહના નેતા રવિ કાહલોનને તેમની ડેલ્ટા બેઠક ઉપરથી ઊતાર્યા છે**

ભટિંડા, તા.૨૩

પંજાબી મૂળના ૨૭ જેટલા ઉમેદવારો કેનેડામાં બ્રિટિશ કોલંબિયાની પ્રાંતીય ચૂંટણી માટે મેદાનમાં છે. તમામ ૯૩ બેઠકો માટે ૧૯ ઓકટોબરે મતદાન થશે. બંને મુખ્ય રાજકીય સંગઠનો - નેશનલ ડેમોક્રેટિક પાર્ટી (NDP) અને કન્ઝર્વેટિવ પાર્ટી - માત્ર દક્ષિણ એશિયાના સામાન્ય રીતે અને ખાસ કરીને પંજાબીઓ પર ભારે મદાર જ નથી રાખી રહ્યા, પરંતુ તેઓએ સમુદાયોને મેદાનમાં ઉતારીને 'પર્યાપ્ત પ્રતિનિધિત્વ' પણ આપ્યું છે. એનડીપીએ તેમના વર્તમાન ગૃહપ્રધાન અને સરકારી ગૃહના નેતા રવિ કાહલોનને તેમની ડેલ્ટા બેઠક ઉપરથી ઉતાર્યા છે. અગાઉ તે હોકી ખેલાડી હતા અને તેમણે ૨૦00 અને ૨૦૦૮ સમર ઓલિમ્પિકસ સહિત અનેક આંતરરાષ્ટ્રીય ઈવેન્ટ્સમાં કેનેડાનું પ્રતિનિધિત્વ કર્યું છે.

વર્તમાન શિક્ષણ અને બાળ સંભાળ મંત્રી રચના સિંહ NDP ટિકિટ ઉપર સરે નોર્થથી ત્રીજી ટર્મ માટે ફરીથી ચૂંટણી લડવા માંગે છે. તેમનો જન્મ દિલ્હીમાં થયો હતો અને ઉછેર ચંદીગઢમાં થયો હતો. તેમણે પંજાબ યુનિવર્સિટીમાં અભ્યાસ કર્યો, જ્યાંથી તેમણે મનોવિજ્ઞાનમાં માસ્ટર ડિગ્રી મેળવી. વરિષ્ઠ નેતા રાજ ચૌહાણ બ્રિટિશ કોલંબિયાની વિધાનસભાના અધ્યક્ષ તરીકે સેવા આપી રહ્યા છે. તેમણે અગાઉ ૨૦૧૩થી ૨૦૧૭ સુધી વિધાનસભાના મદદનીશ ઉપાધ્યક્ષ તરીકે અને ૨૦૧૭થી ૨૦૨૦ સુધી ઉપાધ્યક્ષ તરીકે સેવા આપી હતી. વિપક્ષમાં રહીને તેમણે માનસિક સ્વાસ્થ્ય, માનવ અધિકાર, ઈમિગ્રેશન અને બહુસંસ્કૃતિ અને શ્રમ માટે ટીકાકાર તરીકે સેવા આપી હતી. તેઓ પ્રથમ વખત ૨૦૦૫માં ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા અને ત્યારબાદ ૨૦૦૯, ૨૦૧૩, ૨૦૧૭ અને ૨૦૨૦માં ફરીથી ચૂંટાયા હતા. હવે તેઓ NDP ટિકિટ ઉપર રેકોર્ડ છઠ્ઠી ટર્મ માટે ચૂંટણી લડી રહ્યા છે.

અન્ય એક મોટું નામ જગરૂપ બ્રાર, જેઓ હાલમાં ૨૦૨૨થી વેપાર રાજ્યમંત્રી તરીકે સેવા આપી રહ્યા છે, તેઓ સાતમી ટર્મ માટે સરે ફ્લીટવુડમાંથી NDP ટિકિટ ઉપર ચૂંટણી લડી રહ્યા છે. તેઓ ૨૦૧૩માં માત્ર એક જ વાર હારી ગયા હતા અને તેમણે લડ્યા હતા તે તમામ ચૂંટણી જીતી હતી. બ્રારનો જન્મ ભટિંડામાં થયો હતો અને તે ભારતીય પુરૂષોની રાષ્ટ્રીય બાસ્કેટબોલ ટીમનો ભાગ હતા. તેઓ અભ્યાસ માટે કેનેડા ગયા અને ત્યાં સ્થાયી થયા. તેઓ ૨૦૦૪થી રાજકારણમાં સક્રિય છે જ્યારે તેઓ પ્રથમ વખત ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા.

NDP તરફથી મેદાનમાં રહેલા અન્ય પંજાબી ઉમેદવારોમાં કમલૂપ્સ સેન્ટરથી કમલ ગ્રેવાલ, કેલોના મિશનથી હરપ્રીત બડોવાલ, વર્નોન લુમ્બીથી હરવિંદર સંધુ, સરે સર્પેન્ટાઈન રિવરથી બલતેજ ધિલ્લોન, રિચમન્ડ કવીન્સબરોથી અમનસિંઘ, બર્નાબી સેન્ટરથી એન કેંગ, રેહ અરોરા છે. બર્નાબી ઈસ્ટ, વાનકોવર હેસ્ટિંગ્સમાંથી નિકી શર્મા, વેનકવર લંગારામાંથી સુનિતા ધીર, લેંગફોર્ડ હાઈલેન્ડમાંથી રવિ પરમાર અને જીની સિનનો સમાવેશ થાય છે. કન્ઝર્વેટિવ પાર્ટીએ લેંગલેટ એબોટ્સફોર્ડથી હરમન ભાંગુ, સરે ફ્લીટવુડમાંથી અવતાર ગિલ, સરે ગિલ્ડફોર્ડથી હોનવીર એસ. રંધાવા, સરે ન્યૂટનથી તેગજોત બાલ, સરે નોર્થથી મનદીપ ધાલીવાલ, બર્નાબી વેસ્ટમિંડસ્ટરથી દીપક સૂરી અને વેનકવર એફ.થી જગદીપ સંઘેરાને મેદાનમાં ઉતાર્યા છે. મનજીત સહોતા સરે ગિલ્ડફોર્ડથી ગ્રીન પાર્ટીની ટિકિટ પર ચૂંટણી લડી રહ્યા છે, જ્યારે પવનીતસિંહ, અમનદીપસિંહ, અમૃત બિરિંગ અને દુપિન્દર સરન અપક્ષ ઉમેદવારો તરીકે ચૂંટણી લડી રહ્યા છે. વરિષ્ઠ નેતા હેરી બેન્સ આ વખતે ચૂંટણી લડી રહ્યા નથી કારણ કે, તેમણે રાજકારણમાંથી નિવૃત્તિ લઈ લીધી છે. તેઓ ૨૦૦૫થી સરે ન્યુટનથી NDP ધારાસભ્ય છે. ૨૦૨૦માં બ્રિટિશ કોલંબિયા પ્રાંતીય મતદાનમાં આઠ પંજાબીઓએ જીત મેળવી હતી. તેમાંથી સાત આ મતદાનમાં ફરીથી તેમનું નસીબ અજમાવી રહ્યા છે.

# રાજ્યમાં બેવડી ઋતુને કારણે વાઈરલ ઈન્ફેકશનનો રાફડો ફાટયો

અમદાવાદ, તા.૨૩

હાલમાં બે ઋતુનો અનુભવ એક સાથે થતો હોય તેવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે. તેમાં પણ ગુજરાતમાં છેલ્લા ૧૫ દિવસથી ક્યારેક તડકા ભર્યું વાતાવરણ તો ક્યારેક વાદળછાયું વાતાવરણ જોવા મળે છે. જેથી ક્યારેક અસહ્ય ગરમી અને બફારો તો ક્યારેક ઠંડકનો અહેસાસ થતો હોવાથી તેની સીધી અસર શારીરિક સ્થિતિ ઉપર થાય છે. ઉલ્લેખનીય છે કે, બેવડી ઋતુના અનુભવને કારણે વાઈરલ ઈન્ફેકશન સહિત કેટલીક સિઝનલ બીમારીનો રાફડો ફાટે છે. તેમાંથી જ એક એટલે કે સ્વાઈન ફ્લૂ કેટલીક વખત ગંભીર સાબિત થઈ શકે છે. હાલમાં ગુજરાતભરમાં મચ્છરજન્ય રોગમાં ડેન્ગ્યુ અને મેલેરિયા તો વાઈરલ ઈન્ફેકશન સહિત સ્વાઈન ફલૂનો કહેર પણ વધ્યો છે. જેની સામે રસી લઈને રક્ષણ મેળવી શકાય છે. અમદાવાદ મેડિકલ એસોસિએશનના પ્રમુખ અને ફેફસાના રોગના નિષ્ણાંત તબિયત ડોકટર તુષાર પટેલે જણાવ્યું હતું કે, પ્રવર્તમાન સમયમાં ગુજરાતમાં જે વાતાવરણની સ્થિતિ સર્જાય છે તેમાં શરદી, ખાંસી અને તાવ જેવા લક્ષણો સાથે સમાન્ય ફલૂ થવાના કેસમાં વધારો થાય છે. વર્ષોથી જોવામાં આવી રહ્યું છે કે, ભાદરવા મહિનાની ઋતુમાં ગરમી અને વરસાદ બંને એક સાથે હોવાથી બેવડી ઋતુનો અનુભવ થાય છે.

# ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે પીએમ મોદી આવતા અઠવાડિયે મને મળવા આવી રહ્યા છે, વિદેશ મંત્રાલયે હજુ પુષ્ટિ નથી કરી

(એજન્સી) તા.૨૩

ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે તે આવતા અઠવાડિયે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરશે. અમેરિકી રાષ્ટ્રપતિની ચૂંટણી પહેલા વડાપ્રધાન મોદી ક્વાડ બેઠકમાં ભાગ લેવા માટે અમેરિકાના પ્રવાસે જવાના છે. યુએસ રિપબ્લિકન રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે તે આવતા અઠવાડિયે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળશે. ડોનાલ્ડ ટ્રમ્પે મિશિગનના ફ્લિન્ટમાં તેના ચૂંટણી પ્રચારના કાર્યક્રમમાં આ મુલાકાતની જાહેરાત કરી છે. આ મુલાકાત દરમ્યાન તે ભારત સાથે અમેરિકાના વેપાર સંબંધો વિશે વાત કરશે. જો કે આ બેઠક ક્યાં થશે તે અંગેની માહિતી પ્રાપ્ત થઈ નથી. નોંધનીય છે કે પીએમ મોદી ૨૧થી ૨૩ સપ્ટેમ્બર સુધી અમેરિકાના પ્રવાસે રહેશે. આ પહેલા વિદેશ મંત્રાલયે પીએમ મોદીના અમેરિકા પ્રવાસનો વિગતવાર કાર્યક્રમ જાહેર કર્યો હતો. આ મુજબ, અમેરિકામાં ક્વાડ મીટિંગમાં ભાગ લેવાની સાથે પીએમ મોદી અન્ય ઘણા કાર્યક્રમોમાં પણ ભાગ લેશે. અહેવાલો અનુસાર, આ દરમ્યાન વડાપ્રધાન ટ્રમ્પ સાથે પણ મુલાકાત કરી શકે છે. ૨૦૧૭થી ૨૦૨૧ સુધી ટ્રમ્પના પ્રેસિડેન્ટ રહેવા દરમ્યાન પીએમ મોદી અને ટ્રમ્પ વચ્ચે મજબૂત ભાગીદારી જોવા મળી હતી. આ દરમ્યાન હ્યુસ્ટનમાં "હાઉડી મોદી" અને ભારતમાં "નમસ્તે ટ્રમ્પ" જેવા કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું જે સમગ્ર વિશ્વમાં ચર્ચાના વિષય બન્યા હતા.

# ચંદ્રના ખડકો અને માટીને પૃથ્વી ઉપર લાવવા માટે સરકારે રૂા. ૨,૧૦૪ કરોડની ફાળવણી સાથે ચંદ્રયાન-૪ના વિસ્તરણને મંજૂરી આપી

(એજન્સી) તા.૨૩

કેન્દ્રીય કેબિનેટે ૧૮ સપ્ટેમ્બરે યોજાયેલી એક બેઠકમાં અવકાશ વિજ્ઞાન ક્ષેત્રના પણ અનેક પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે. રસપ્રદ વાત એ છે કે, તેમાં વિનસ ઓર્બિટર મિશન પણ સામેલ છે. આ મિશન હેઠળ ભારતીય વિજ્ઞાનીઓ શુક્ર ગ્રહને સમજવા માટે ત્યાં ઓર્બિટર મોકલીને વિવિધ ડેટા ભેગો કરશે. આ મિશન હેઠળ એક ખાસ સ્પેસક્રાફ્ટ તૈયાર કરાશે, જે શુક્રની ચોતરફ ચક્કર મારીને તેની સપાટી, વાયુ મંડળ અને સૂરજની અસરો વગેરેનો ડેટા ભેગો કરશે. આ સાથે કેબિનેટે ચંદ્રયાન-૪, ગગનયાન, ઈન્ડિયન સ્પેસ સ્ટેશન અને નેક્સ્ટ જનરેશન લોન્ચ વ્હિકલ વિકસાવવાની યોજનાઓને પણ મંજૂરી આપી છે. તાજેતરમાં કેન્દ્રીય કેબિનેટ દ્વારા ભારતીય અવકાશ યાત્રીઓને ચંદ્ર ઉપર ઉતારવા અને તેમને સુરક્ષિત રીતે પૃથ્વી ઉપર પરત ફરવા માટે જરૂરી ટેક્નોલોજી વિકસાવવા અને દર્શાવવા માટેના નવા ચંદ્ર મિશન ચંદ્રયાન-૪ને મંજૂરી આપી છે. જેમાં કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે, 'ચંદ્રયાન-૪ મિશનના વિસ્તરણની સાથે અન્ય ઘણા નિર્ણયોને મંજૂરી આપવામાં આવી છે. જે ગગનયાનના વિસ્તરણ અને શુક્ર ગ્રહ ઉપર મિશન મોકલવાની યોજના છે.' અશ્વિની વૈષ્ણવે કહ્યું કે, 'ચંદ્રયાન-૪ મિશનનું વિસ્તરણ કરવામાં આવ્યું છે, તેનું આગામી પગલું ચંદ્ર ઉપર માનવ મિશન મોકલવાનું છે. જેના પ્રારંભિક તબક્કાને લઈને મંજૂરી આપી દેવામાં આવી છે. વિનસ ઓર્બિટર મિશન, ગગનયાન ફોલોઓન અને ઈન્ડિયન સ્પેસ સ્ટેશન અને નેક્સ્ટ જનરેશન માટે લોન્ચ વ્હીકલ ડેવલપમેન્ટને પણ મંજૂરી આપવામાં આવી છે. ચંદ્રયાન-૪ મિશન હેઠળ ચંદ્રના ખડકો અને માટીને પૃથ્વી ઉપર લાવવામાં આવશે.' આ વિશે વધુ વાત કરતા તેમણે કહ્યું કે, 'ચંદ્રયાન-૪ મિશન ભારતીય અવકાશયાત્રીઓને વર્ષ ૨૦૪૦ સુધીના આયોજન સાથે ચંદ્ર ઉપર ઉતારવા અને સુરક્ષિત રીતે પૃથ્વી ઉપર પરત કરવા માટે જરૂરી ટેક્નોલોજી મેળશે. જેમાં ડોકિંગ/અનડોકિંગ, લેન્ડિંગ, પૃથ્વી ઉપર સુરક્ષિત પરત ફરવા અને ચંદ્રના નમૂનાના સંગ્રહ અને વિશ્લેષણને પૂર્ણ કરવા માટે જરૂરી ટેક્નોલોજીઓનું પ્રદર્શન કરવામાં આવશે.' મળતી માહિતી પ્રમાણે ટેક્નોલોજી ડેમોન્સ્ટ્રેશન મિશન ચંદ્રયાન-૪ માટે કુલ ફંડની જરૂરિયાત રૂા.૨૧૦૪.૦૬ કરોડ છે. જેમાં અવકાશયાનના વિકાસ અને પ્રક્ષેપણની જવાબદારી ISROની રહેશે. ઉદ્યોગ અને શિક્ષણવિદોની ભાગીદારી સાથે આ મિશન મંજૂરીના ૩૬ મહિના સુધીમાં પૂર્ણ થવાની અપેક્ષા છે. તમામ નિર્ણાયક ટેક્નોલોજીને સ્વદેશી રીતે વિકસાવવાની પરિકલ્પના કરવામાં આવી છે. કેન્દ્રીય કેબિનેટે શુક્ર ગ્રહ પર વૈજ્ઞાનિક સંશોધન માટે અને શુક્રના વાતાવરણ, ભૂસ્તરશાસ્ત્રને વધુ સારી રીતે સમજવા અને તેના વાયુમંડળની તપાસ કરીને મોટી માત્રામાં વૈજ્ઞાનિક ડેટા મેળવવા માટે શુક્ર પરિક્રમા મિશનને (VOM) પણ મંજૂરી આપવામાં આવી છે.


**ફ્લેટ વેંચવાનો છે**

જૂનાગઢનાં જગમાલ ચોક
નજીક કાજીવાડા
વિસ્તારમાં 2 BHK
ફ્લેટ વેંચવાનો છે
ફિકસ ફર્નીચર સાથે
લીફટની સુવિધા છે
મો. ૯૮૨૪૫ ૯૨૫૫૯


# સિંધુ જળ સંધિ : ભારતે પાકિસ્તાનને ઔપચારિક નોટિસ પાઠવી, ફેરફારની માંગ કરી

નવી દિલ્હી, તા.૨૩

ભારતે નિર્ણાયક સિંધુ જળ સંધિમાં ફેરફાર કરવા માટે પાકિસ્તાનને નોટિસ મોકલી છે. સમાચાર એજન્સીના સૂત્રોના જણાવ્યા અનુસાર ભારત સરકારે પાકિસ્તાનને ઔપચારિક નોટિસ પાઠવી સંધિમાં ફેરફાર કરવા માંગ કરી હતી. નોટિસમાં સંધિની સમીક્ષાની જરૂર હોય તેવા સંજોગોમાં મૂળભૂત ફેરફારોને પ્રકાશિત કરવામાં આવ્યા છે. ભારતે જાન્યુઆરી, ૨૦૨૩માં પાકિસ્તાનને ૧૯૬૦ની સંધિમાં સુધારો કરવા માટે નોટિસ પણ મોકલી હતી. સંધિના અમલીકરણમાં સહયોગ કરવામાં પાકિસ્તાનની નિષ્ફળતાને કારણે આ નોટિસ જારી કરવામાં આવી હતી.

**સિંધુ જળ સંધિ શું છે ?**

૧૯૬૦માં ભારત અને પાકિસ્તાન વચ્ચે હસ્તાક્ષર કરાયેલ સિંધુ જળ સંધિ અનુસાર, 'પૂર્વીય નદીઓ-સતલજ, બિયાસ અને રાવીનું તમામ પાણી વાર્ષિક આશરે ૩૩ મિલિયન એકર ફીટ (MAF)-અપ્રતિબંધિત ઉપયોગ માટે ભારતને ફાળવવામાં આવે છે.' બીજી તરફ, સિંધુ, ઝેલમ અને ચેનાબ નામની પશ્ચિમી નદીઓમાંથી મોટા ભાગનું પાણી, જે વાર્ષિક અંદાજે 135 MAF જેટલું છે, તે પાકિસ્તાનને ફાળવવામાં આવ્યું છે. આ સંધિ ભારતને પશ્ચિમી નદીઓ પર રન-ઓફ-ધ-રિવર પ્રોજેક્ટ્સ દ્વારા હાઈડ્રોઈલેક્ટ્રીસિટી ઉત્પન્ન કરવાનો અધિકાર આપે છે, જે ચોક્કસ ડિઝાઈન અને કામગીરીના માપદંડોને આધીન છે. પાકિસ્તાનને આ નદીઓ ઉપરના ભારતીય જળવિદ્યુત પ્રોજેક્ટની ડિઝાઈન સામે વાંધો ઉઠાવવાનો અધિકાર છે. સંધિ હેઠળ, પાકિસ્તાનને સિંધુ ડ્રેનેજ સિસ્ટમમાં આશરે ૮૦ ટકા પાણી મળ્યું હતું, જ્યારે ભારતને સિંધુ પ્રણાલીમાં કુલ ૧૬.૮ કરોડ એકર-ફીટ પાણીમાંથી લગભગ ૩.૩ કરોડ ફાળવવામાં આવ્યા હતા. હાલમાં, ભારત સિંધુ જળના તેના ફાળવેલ હિસ્સાના ૯૦ ટકા કરતાં થોડો વધારે ઉપયોગ કરે છે. ભારતને લદ્દાખ, જમ્મુ અને કાશ્મીર, હિમાચલ પ્રદેશ, પંજાબ, હરિયાણા અને રાજસ્થાન સહિત અનેક રાજ્યોમાં સિંધુ નદી પ્રણાલીમાંથી જળ સંસાધનોનો ઉપયોગ કરવાનો અધિકાર છે. આ રાજ્યો ગંગાની ઉપનદી યમુના નદીમાંથી પણ પાણી મેળવે છે. બીજી બાજુ, પાકિસ્તાન સિંધુ પ્રણાલી ઉપર ખૂબ આધાર રાખે છે, ખાસ કરીને તેના પંજાબ પ્રાંતમાં, જે દેશના બાકીના ખોરાક માટે નિર્ણાયક છે. જ્યારે પણ ભારત તેના ફાળવેલ પાણીના ક્વોટાનો ઉપયોગ કરવાનો અથવા સિંધુ જળ સંધિ હેઠળની પરવાનગી મુજબ ડેમ બાંધવાનો પ્રયાસ કરે છે, ત્યારે પાકિસ્તાન વાંધો ઉઠાવે છે, જેના કારણે બંને રાષ્ટ્રો વચ્ચે તણાવ વધે છે. આવું જ એક ઉદાહરણ તુલબુલ નેવિગેશન પ્રોજેક્ટ છે, જેને ઉરી આતંકી હુમલા બાદ ભારત સરકારે ઝડપી બનાવવાનો નિર્ણય લીધો હતો. આ પ્રોજેક્ટ, જેને પાકિસ્તાન દ્વારા વુલર બેરેજ પ્રોજેક્ટ તરીકે ઓળખવામાં આવે છે, તે લાંબા સમયથી ચાલતી યોજના છે જે પાકિસ્તાનના વાંધાને કારણે ૧૯૮૭માં સ્થગિત કરવામાં આવી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, પરસ્પર સ્વીકાર્ય ઉકેલ શોધવા માટે ભારતના વારંવારના પ્રયાસો છતાં, પાકિસ્તાને ૨૦૧૭ અને ૨૦૨૨ વચ્ચે યોજાયેલી સ્થાયી સિંધુ કમિશનની પાંચ બેઠકો દરમ્યાન આ મુદ્દા ઉપર ચર્ચા કરવાનો ઈન્કાર કર્યો હતો. તાજેતરમાં, પાકિસ્તાનના સતત આગ્રહ ઉપર, વિશ્વ બેંકે તટસ્થ નિષ્ણાત અને કોર્ટ ઓફ આર્બિટ્રેશન પ્રક્રિયાઓ એમ બંને ઉપર કાર્યવાહી શરૂ કરી છે. સિંધુ જળ સંધિ હેઠળ, ભારતને જમ્મુ અને કાશ્મીર અને લદ્દાખમાં ૧૩.૪ લાખ એકર સિંચાઈ વિકસાવવાનો અધિકાર છે. જો કે, હાલમાં આ કેન્દ્રશાસિત પ્રદેશોમાં માત્ર ૬.૪૨ લાખ એકર જમીન જ સિંચાઈ છે. વધુમાં, સંધિ ભારતને પશ્ચિમી નદીઓ, જેમ કે ઝેલમ, સિંધુ અને ચેનાબમાંથી ૩.૬૦ મિલિયન એકર-ફીટ પાણી સંગ્રહિત કરવાની મંજૂરી આપે છે. હાલ જમ્મુ અને કાશ્મીરમાં વર્ચ્યુઅલ રીતે કોઈ સંગ્રહ ક્ષમતા વિકસિત નથી. આ સંધિ ભારતને પાણીના પ્રવાહને અવરોધ્યા વિના ઝેલમ, ચેનાબ અને સિંધુ ઉપર નદીના વહેણ ઉપર બંધ બાંધવાની પણ પરવાનગી આપે છે. આ જોગવાઈ ભારતને સંધિ હેઠળ પાકિસ્તાનને ફાળવવામાં આવેલી નદીઓમાં પાણીના પ્રવાહને અસ્થાયી રૂપે પ્રતિબંધિત કરવાનો ફાયદો આપે છે.

# તિરૂપતિ લાડુનો વિવાદ ધર્મની રક્ષાના અધિકારો મુદ્દે હવે ટોચની કોર્ટ સમક્ષ પહોંચ્યો

(એજન્સી) તા.૨૩

આંધ્રપ્રદેશમાં સ્થિત વિશ્વ પ્રસિદ્ધ તિરૂપતિ મંદિરના લાડુ પ્રસાદની પવિત્રતા અને શુદ્ધતાને લઈને વિવાદ વધુ વકરતો જાય છે. તિરૂપતિ મંદિરના પવિત્ર પ્રસાદમાં મટન ટેલો, માછલીનું તેલ અને પામ તેલ, ડુક્કરની ચરબીનો ઉપયોગ થતો હોવાનું પ્રકાશમાં આવતા હોબાળો મચી ગયો છે. તિરૂપતિ બાલાજીના મંદિરમાં તેમને ખાસ પ્રસાદ તરીકે લાડુ ચઢાવવામાં આવે છે અને ભક્તો તેને ખૂબ જ આદર અને શ્રદ્ધા સાથે સ્વીકારે છે. શ્રદ્ધા અને આસ્થા સાથે ગ્રહણ કરતાં શ્રદ્ધાળુઓ સાથે જાણે દગો થયો હોય તેવો માહોલ છે અને તેથી શ્રદ્ધાળુઓમાં આ ઘટનાને લઈને આક્રોશ પણ જોવા મળી રહ્યો છે. આંધ્રપ્રદેશના મુખ્યપ્રધાન ચંદ્રબાબુ નાયડુએ આરોપ મૂક્યો હતો કે, વાયએસઆરસીપીની સરકારમાં તિરૂપતિના લાડુના પવિત્ર પ્રસાદ બનાવવામાં ઉપયોગમાં લેવાતા ઘીમાં પ્રાણીજન્ય ચરબીવાળા ઘી સહિતના અશુદ્ધ તત્વોનો ઉપયોગ થતો હતો, પણ અમારી સરકાર આવતા અમે આ બધું સુધારી દીધું છે. તેલુગુ દેશમ પાર્ટી (ટીડીપી) એ લેબ રિપોર્ટને ટાંકીને જગન મોહન રેડ્ડીની આગેવાની હેઠળની પાછલી સરકાર ઉપર સનસનાટીભર્યા આરોપો લગાવ્યા છે. ટીડીપીના દાવા મુજબ, વાયએસઆરસી સરકારના કાર્યકાળ દરમ્યાન પ્રખ્યાત તિરૂપતિ લાડુ પ્રસાદમ બનાવવા માટે તિરૂમાલા મંદિર ટ્રસ્ટને સપ્લાય કરવામાં આવેલા ઘીના નમૂનાના લેબ ટેસ્ટ કરાતા તેમાં પ્રાણીની ચરબી અને માછલીના તેલની ભેળસેળ હોવાનું બહાર આવ્યું છે. સત્તાધારી તેલુગુ દેશમ પાર્ટીએ દાવો કર્યો છે કે, ગુજરાત સ્થિત એક લેબએ ભેળસેળની પુષ્ટિ કરી છે. આનાથી વિશ્વભરના હિંદુઓની ભાવનાઓને ઠેસ પહોંચી છે. TTD એ ૨૦૧૯થી ૨૦૨૪ સુધી નૈવેદ્યમ અને પ્રસાદમ તૈયાર કરવામાં ઉચ્ચતમ ધોરણોનું પાલન કર્યું અને અગાઉની સરખામણીમાં પ્રસાદમની ગુણવત્તામાં પણ સુધારો કર્યો. આ મામલે વકીલ વિનીત જિંદાલે તિરુમાલા તિરૂપતિ દેવસ્થાનમા (TTD)ના અધિકારીઓ અને ભેળસેળવાળું ઘી સપ્લાય કરનારા કોન્ટ્રાકટર વિરૂદ્ધ કેસ કરવાની અરજી દાખલ કરી છે. બીજી તરફ જગન મોહન અને તેમની પાર્ટી YSR કોંગ્રેસે આ વિવાદ ઉપર આંધ્રપ્રદેશ હાઈકોર્ટનો સંપર્ક કર્યો હતો. YSR કોંગ્રેસે N. હાઈકોર્ટમાં અપીલ કરી. ચંદ્રાબાબુ નાયડુ અને ટીડીપીના આરોપોની તપાસ માટે ન્યાયિક સમિતિની રચનાની માંગ કરી હતી. હાઈકોર્ટ આ મામલે ૨૫ સપ્ટેમ્બરે સુનાવણી કરશે. કેન્દ્રીય ખાદ્ય મંત્રી પ્રહલાદ જોશીએ પણ આ મામલે વિગતવાર રિપોર્ટ મંગાવ્યો છે. આંધ્રપ્રદેશના નાયબ મુખ્ય પ્રધાન પવન કલ્યાણે કહ્યું કે, લેબ રિપોર્ટના તારણોને લઈને ખૂબ જ ચિંતિત છે.

# વિશ્વ શાંતિ દિવસ નિમિત્તે વેરાવળમાં શૈક્ષણિક સંસ્થાઓ અને પોલીસ વિભાગ દ્વારા વિદ્યાર્થીઓએ શાંતિ રેલી યોજાઈ

## વેરાવળમાં શ્રીપાલ હવેલી ચોકથી શાંતિદૂત એવા કબુતરોને આકાશમાં ઉડાડી રેલીનું પ્રસ્થાન









(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૨૩

ગત શનિવારે વિશ્વ શાંતિ દિવસ નિમિત્તે વેરાવળમાં શૈક્ષણિક સંસ્થાઓ અને પોલીસ વિભાગ દ્વારા વિદ્યાર્થીઓની શાંતિ રેલી યોજાઈ હતી. વેરાવળ નવી હવેલી ચોક ખાતેથી શાંતિદૂત એવા કબુતરોને આકાશમાં ઉડાડી રેલીનું પ્રસ્થાન કરાવવા આવ્યું હતું. વિશ્વમાં શાંતિ સંદેશ માટેના વિશેષ આયોજનમાં સ્કૂલના વિદ્યાર્થીઓની શહેરના રાજમાર્ગો પર શાંતિના સ્લોગન સાથેના બેનર સાથે રેલી યોજાઈ હતી. શાંતિ રેલીના વિશેષ આયોજન અંગે માહિતી આપતા શિશુમંદિર ઈન્ટરનેશનલ સ્કૂલ અને ઘીવાલા ઈંગ્લીશ મીડીયમ સ્કૂલના ડાયરેક્ટર પુર્ણેશ જૈને જણાવ્યું હતું કે, દર વર્ષે ૨૧ સપ્ટેમ્બરના દિવસે વિશ્વ શાંતિ દિવસ મનાવવામાં આવે છે. આ દિવસ મનાવવાનો ખાસ હેતુ એ જ છે કે આંતરરાષ્ટ્રીય સ્તર પર તમામ દેશ અને નાગરિકો વચ્ચે શાંતિ વ્યવસ્થા જળવાઈ રહે અને શાંતિ જાળવવા માટેના પ્રયત્નો કરવામાં આવે. આ દિવસ મારફતે વિશ્વભરના દેશો અને નાગરિકો વચ્ચે શાંતિ સંદેશનો પ્રચાર અને પ્રસાર કરવામાં આવે છે. સફેદ કબૂતરને શાંતિના દૂત માનવામાં આવે છે. એટલા માટે વિશ્વ શાંતિ દિવસના અવસરે સફેદ કબૂતરોને ઉડાડીને શાંતિ સંદેશો આપવામાં આવે છે.

વેરાવળ ખાતે પોલીસ વિભાગના સંયુક્ત ઉપક્રમે વિશ્વ શાંતિ દિવસની ઉજવણીના ભાગ રૂપે વિદ્યાર્થીઓની આ વિશેષ શાંતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પોલીસ વિભાગમાંથી પી.એસ.આઈ કરશનભાઈ મુછાળ, એ.એસ.આઈ જગદીશભાઈ મકવાણા, ભરતભાઈ રાઠોડ સહિત પોલીસ અધિકારીઓ, કર્મચારીઓ તેમજ સ્કૂલ મેનેજમેન્ટ વતી શિક્ષકો તેમજ શાંતિના સ્લોગન સાથેના બેનરો સાથે બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ જોડાયા હતા. આ શાંતિ રેલી શહેરના રાજમાર્ગો પર ફરી હતી અને નાગરિકોને શાંતિનો સંદેશ આપ્યો હતો.

વિશ્વના તમામ દેશ અને લોકો વચ્ચે શાંતિ જળવાઈ રહે તેના માટે સંયુક્ત રાષ્ટ્રે વર્ષ ૧૯૮૧માં વિશ્વ શાંતિ દિવસ મનાવવાનું જાહેર કર્યુ હતું. આ જ કારણ છે કે પ્રથમ વખત વર્ષ ૧૯૮૨માં વિશ્વ શાંતિ દિવસ મનાવવામાં આવ્યો હતો. વર્ષ ૧૯૮૨થી લઈને વર્ષ ૨૦૦૧ સુધી સપ્ટેમ્બર મહિનાનો ત્રીજો મંગળવાર વિશ્વ શાંતિ દિવસ તરીકે મનાવવામાં આવતો હતો. પરંતુ વર્ષ ૨૦૦૨થી ૨૧ સપ્ટેમ્બરના રોજ વિશ્વ શાંતિ દિવસ મનાવવાની શરૂઆત કરવામાં આવી છે.

**વિશ્વ શાંતિ દિવસનું શું મહત્વ છે?**

શાંતિનો અર્થ માત્ર હિંસાનો અંત નથી, પરંતુ એક સારા સમાજનું નિર્માણ પણ તેનો એક મહત્વપૂર્ણ ભાગ છે. જ્યાં દરેક મનુષ્યનો સર્વાંગી વિકાસ થઈ શકે. જાતિ, જાતિ અથવા ધર્મને ધ્યાનમાં લીધા વિના દરેક મનુષ્ય સાથે સમાન વ્યવહાર થવો જોઈએ. આ બાબતોને પ્રોત્સાહન આપવા અને સમાજમાં ઉદ્‌ભવતા મતભેદોને સમાપ્ત કરવા અને રાષ્ટ્રમાં શાંતિ સ્થાપવા માટે, સંયુક્ત રાષ્ટ્રએ વર્ષ ૧૯૮૧માં આંતરરાષ્ટ્રીય શાંતિ દિવસ ઉજવવાની જાહેરાત કરી હતી.

**વિશ્વ શાંતિ માટે ભારતનો મંત્ર**

ભારતના ભૂતપૂર્વ વડાપ્રધાન જવાહરલાલ નેહરૂએ વિશ્વમાં શાંતિ જળવાઈ રહે તે માટે પાંચ મૂળ મંત્ર આપ્યા હતા. જે 'પંચશીલના સિદ્ધાંત' તરીકે પણ ઓળખાય છે. જેના અનુસાર વિશ્વમાં શાંતિની સ્થાપના માટે એકબીજાની પ્રાદેશિક અખંડતા જાળવી રાખવા અને સન્માન કરવાની વાત કહેવામાં આવી હતી.

**કબૂતરને ઉડાડીને શાંતિ સંદેશો આપવામાં આવે છે**

ઈન્ટરનેશનલ પીસ ડેના અવસરે વિશ્વના દરેક દેશમાં ઠેર-ઠેર સફેદ કબૂતરોને ઉડાડીને શાંતિનો સંદેશો આપવામાં આવે છે. આ કબૂતર શાંતિનું પ્રતીક છે જે 'પંચશીલના સિદ્ધાંત'ને વિશ્વભરમાં ફેલાવે છે. સફેદ કબૂતર ઉડાડવાની આ પરંપરા પ્રાચીનકાળથી ચાલતી આવી છે. કબૂતરને શાંત સ્વભાવનું પક્ષી માનવામાં આવે છે. આ જ કારણથી તેને શાંતિ અને સદભાવનું પ્રતીક માનવામાં આવે છે.

# ઈન્ટરનેશનલ કોસ્ટલ ક્લીન અપ ડે ની ઉજવણી અંતર્ગત વેરાવળ સમુદ્ર કિનારેથી ૨ હજાર કીલો કચરો એકત્ર કરાયો

## GPCB, કોસ્ટગાર્ડ અને જિલ્લા વહીવટી તંત્રના સંયુક્ત ઉપક્રમે ૫૦૦ લોકોએ સફાઈ હાથ ધરેલ




(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૨૩

ઈન્ટરનેશનલ કોસ્ટલ ક્લીન અપ ડેની ઉજવણીના ભાગરૂપે વેરાવળ સમુદ્ર કિનારે GPCB, કોસ્ટગાર્ડ અને જીલ્લા વહીવટી તંત્રના સંયુક્ત ઉપક્રમે સામુહિક સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં સંસ્થાઓ, ઔદ્યોગિક એકમો, સ્કૂલ કોલેજના વિદ્યાર્થીઓ મળી ૫૦૦ થી વધુ લોકો સફાઈ અભિયાનમાં સહભાગી બન્યા હતા. વેરાવળ સમુદ્ર કિનારે ચોપાટી પરથી અંદાજે ૨ હજાર કીલો ઘન કચરો એકઠો થયો હતો જેનો નિયમાનુસાર નિકાલ કરવામાં આવ્યો હતો.

"જો ફેકશું નહીં તો વિણવું નહીં પડે" આ વાત સાથે જિલ્લા કલેકટર દિગ્વિજયસિંહ જાડેજાએ નાગરિકોને જાહેરમાં કચરો ના ફેંકવા આહવાન કરતા જણાવ્યું હતું કે, આજે સમગ્ર વિશ્વમાં સમુદ્ર કિનારાને સ્વચ્છ રાખવાની નેમ સાથે ઈન્ટરનેશનલ કોસ્ટલ ક્લીન અપ ડે ની સામુહિક ઉજવણી થઈ રહી છે ત્યારે આ સ્વચ્છતા અભિયાન કાયમી ધોરણે રહે તે અત્યંત જરૂરી છે. લોકોએ સમજવું પડશે કે આ કુદરતી સૌંદર્યથી ભરપૂર સમુદ્ર કિનારા પર અહીં આપણે આનંદ કરવા આવીએ છીએ. આ જગ્યા આપણને આનંદ આપે છે અને બદલામાં આપણે અહીં ગંદકી કરીને જઈએ છીએ. આ માનસિકતામાંથી બહાર આવી સ્વચ્છતા માટે સહુ કોઈએ સામૂહિક રીતે આગળ આવવું પડશે. ગુજરાત પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડના રિજીનીઓલ ડાયરેક્ટર એસ.બી.પરમારે જણાવ્યું હતું કે, ઈન્ટરનેશનલ કોસ્ટલ ક્લીન અપ ડે ની ઉજવણીમાં આ વર્ષે GPCB દ્વારા વિશેષ ઉજવણીના ભાગરૂપે બે દિવસ દરમિયાન ગત શુક્રવારે વેરાવળ શહેરની જુદી જુદી શાળાના વિદ્યાર્થીઓ માટે સ્વચ્છતા વિષય પર ડ્રોઈંગ સ્પર્ધા રાખવામાં આવી હતી અને શનિવારે વેરાવળના સમુદ્ર કિનારા પર સામુહિક સફાઈ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અભિયાનમાં ઈન્ડિયન કોસ્ટગાર્ડ, જિલ્લા વહીવટી તંત્ર, નગરપાલિકા, ઔદ્યોગિક એકમો, શાળા કોલેજના વિદ્યાર્થીઓ સહભાગી બન્યા હતા. આ અભિયાન અંતર્ગત સહી ઝુંબેશ તેમજ સ્વચ્છતા માટે પ્રતિજ્ઞા લેવામાં આવી હતી.

ગીર સોમનાથ જિલ્લા કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજા, નિવાસી અધિક કલેક્ટર રાજેશ આલ, ડે. કલેક્ટર વિનોદ જોશી, મામલતદાર આરઝૂબેન ગજ્જર, એન.ડી.શામળા, ચીફ ઓફિસર ચેતન ડુડિયા સહિત વહીવટી તંત્રના અધિકારીઓ ઉપરાંત નગરપાલિકાના સફાઈ કર્મચારીઓ, ઈન્ડિયન રેયોન, ગુજરાત હેવી કેમિકલ્સ સુત્રાપાડા, સિદ્ધિ સિમેન્ટ મોરાસા, વેરાવળ જી.આઈ.ડી.સી.ના વિવિધ ઉદ્યોગકારો, ફિશરીઝ કોલેજ, રોટરી કલબ સહિત જુદી જુદી શાળા કોલેજના વિદ્યાર્થીઓ બહોળી સંખ્યામાં સહભાગી બન્યા હતા. આ સામૂહિક સફાઈ અભિયાન દરમિયાન અંદાજે ૨૦૦૦ કિલો ગ્રામ ઘન કચરો એકઠો થયો હતો જેનો નિયમ અનુસાર નિકાલ કરવામાં આવ્યો હતો.

ઈન્ટરનેશનલ કોસ્ટલ ક્લીન અપ ડે- ૨૦૨૪

# દેવભૂમિ દ્વારકા જિલ્લાના વાડીનાર ખાતે ભારતીય કોસ્ટ ગાર્ડ દ્વારા કોસ્ટલ ક્લીન અપ ડ્રાઈવ યોજાઈ

## કલેકટર શ્રી જી.ટી.પંડ્યા, કોસ્ટ ગાર્ડના વરિષ્ઠ અધિકારીઓ, વિવિધ કંપનીઓ, શાળાના વિદ્યાર્થીઓ, મરીન પોલીસ, ફિશરીઝ સહિતના વિભાગો સફાઈ હાથ ધરી સ્વચ્છતાનો સંદેશો પાઠવ્યો




(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા. ૨૩

દરિયાઈ જીવસૃષ્ટિને પ્લાસ્ટિકના પ્રદૂષણના સંરક્ષણ અર્થે દર વર્ષે ઈન્ટરનેશનલ કોસ્ટલ ક્લીન અપ ડે ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં નરારા બેટ, વાડીનાર ખાતે ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ દ્વારા કોસ્ટલ ક્લીન અપ ડ્રાઈવ યોજવામાં આવી હતી.

આ પ્રસંગે ઉપસ્થિત સૌને સંબોધતા જિલ્લા કલેકટર જી.ટી.પંડ્યાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા નાગરિકો સ્વચ્છતાને પોતાના જીવનના એક ભાગરૂપે અપનાવે તેવા ઉમદા આશયથી સ્વચ્છ ભારત મિશનની શરૂઆત કરાવી હતી. કેન્દ્ર સરકારના સ્વચ્છતા કંડારેલા પથ પર અગ્રેસર થતાં રાજ્ય સરકાર દ્વારા પણ તા.૧૭ સપ્ટેમ્બરથી તા.૩૧ ઓકટોબર સુધી 'સ્વચ્છતા હિ સેવા' અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જેના ભાગરૂપે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં શહેરી તથા ગ્રામ્ય વિસ્તારોમાં સફાઈ ઝુંબેશ વેગવાન બનાવવા અલગ અલગ વિષયો આધારિત પ્રવૃત્તિઓનું સુદઢ આયોજન કરવામાં આવ્યું છે. વધુમાં કલેકટરશ્રીએ જણાવ્યું હતું કે, દર વર્ષે પ્લાસ્ટિકના પ્રદૂષણ સામે દરિયાઈ જીવસૃષ્ટિના સંરક્ષણ માટે ઈન્ટરનેશનલ કોસ્ટલ ક્લીન અપ દિવસની ઉજવણી કરવામાં આવે છે. નરારા ટાપુએ પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર છે. ત્યારે પ્રવાસન તથા દરિયાઈ વિસ્તારમાં પ્લાસ્ટિકના ઉપયોગ મર્યાદિત કરવા તેમજ સ્વચ્છતા જાળવવા અને તેની તકેદારી રાખવીએ આપણા સૌની નૈતિક જવાબદારી છે.

કાર્યક્રમના ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન, દીનદયાળ પોર્ટ ઓથોરિટી, બી.પી.સી.એલ, ન્યારા એનર્જી, વન વિભાગ, એન.સી.સી કેડેટસ, શાળાના વિદ્યાર્થીઓ, મરીન પોલીસ, ફિશરીઝ સહિત ગ્રામજનો ઉત્સાહભેર ભાગ લઈ અંદાજિત ૩૫૦ કિલો પ્લાસ્ટિક કચરો એકત્રિત કરવામાં આવ્યો હતો.

આ તકે કમાન્ડટ અરવિંદ ત્યાગી, ઈન્ચાર્જ જિલ્લા વિકાસ અધિકારી ભૂપેશ જોટાણીયા, મામલતદાર શ્રી વી.કે.વરૂ, તાલુકા વિકાસ અધિકારી કે.વી.શેરઠિયા, ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન, બી.પી.સી.એલ, ન્યારા એનર્જી સહિત ઉચ્ચ અધિકારીઓ, ભારતીય કોસ્ટ ગાર્ડના અધિકારીઓ, કર્મચારીઓ ઉત્સાહભેર જોડાયા હતા.

# ભગવાન શ્રી રામચંદ્રજી અને ભગવાન શ્રીકૃષ્ણએ પણ શ્રાદ્ધ કર્મ કર્યા હોવાનો ઉલ્લેખ જોવા મળે છે

વેદકાળથી પિતૃઓનો મહિમા ગવાયો છે. શ્રાદ્ધને વેદોમાં પિતૃ યજ્ઞ તરીકે વર્ણવ્યો છે. વેદોમાં પૂર્વજોને ઉદેશીને પિતૃ યજ્ઞ કરવા જણાવાયું છે. વેદોમાં દેવતાઓની સ્તુતિઓની સાથે સાથે પિતૃઓની સ્તુતિઓનો પણ ઉલ્લેખ જોવા મળે છે. ભગવાન શ્રી રામચંદ્રજી અને ભગવાન શ્રીકૃષ્ણએ પણ શ્રાદ્ધ કર્મ કર્યા હોવાનો ઉલ્લેખ જોવા મળે છે.

શ્રાદ્ધ કર્મનું સનાતન ધર્મમાં ખૂબ જ મહત્વ છે. પ્રાચીન સનાતન ધર્મ અનુસાર આપણા પૂર્વજો દેવતુલ્ય છે. આ સંસારમાં આપણે જીવન પ્રાપ્ત કર્યું છે અને જે પ્રકારે તેઓએ આપણું લાલન-પાલન-પોષણ કરી આપણને કૃતાર્થ કર્યા તેના કારણે આપણે તેના સદાયને માટે ઋણી રહીએ છીએ. તેમની પ્રત્યે આપણું સમર્પણ અને કૃતજ્ઞના પ્રગટ કરવાની ભાવના સાથે આપણે શ્રાદ્ધ કરવું જોઈએ. શ્રાદ્ધ દ્વારા આપણા પિતૃઓના ઋણમાંથી મુક્ત થવા માટે આપણે પ્રયત્ન કરવો જોઈએ. આમ જોવા જઈએ તો પિતૃ પક્ષ એટલે કે શ્રાદ્ધ પક્ષ આદિકાળથી ચાલી આવતી સનાતન ધર્મની પરંપરા છે. તેને સનાતન ધર્મની એક વિશિષ્ટતા ગણાવીએ તો પણ કાંઈ ખોટું નથી. શ્રાદ્ધ પક્ષ કે પિતૃ પક્ષ તથા શ્રદ્ધાદિક ક્રિયાઓનું પુરાણોમાં વિસ્તારથી વર્ણન જોવા મળે છે. પુરાણોનો સારાંશ લઈએ તો પિતૃ પક્ષ કે શ્રાદ્ધ પક્ષમાં કરેલા શ્રાદ્ધથી પૂર્વજોના આત્માને શાંતિ મળે છે. તેની સાથે તે શ્રાદ્ધ કરનારને પિતૃ ઋણમાંથી મુક્તિ મળે છે. આત્માની અમરતાનો સિદ્ધાંત ભગવાન શ્રીકૃષ્ણએ ગીતામાં આપ્યો છે. આ અમર આત્મા જ્યાં સુધી પરમ આત્માને નથી મળતી ત્યાં સુધી તેને વિભિન્ન યોનીઓમાં ભટકવું પડે છે. આપણા સનાતન ધર્મના શાસ્ત્રોમાં દેવતાઓથી પહેલા પિતૃ દેવતાઓને પ્રસન્ન કરવાથી વધુ સારૂં કલ્યાણ થાય તેવું જણાવાયું છે. સમય અનુસાર શ્રાદ્ધ કરવાથી કે પિતૃ પૂજન કરવાથી પરિવારના બધા જ સભ્યોને સુખ શાંતિની પ્રાપ્તિ થાય છે. મહાભારત કાળમાં પિતામહ ભીષ્મ રાજા યુધિષ્ઠિરને ઉપદેશ આપતા પિતૃ પક્ષમાં શ્રાદ્ધ કરવાની સાથે સાથે તેનું મહત્વ સમજાવે છે. જેનો ઉલ્લેખ ગરૂડ પુરાણમાં જોવા મળે છે.

પ્રાચીન કાળમાં મહર્ષિ નિમિ નામના ઋષિ થઈ ગયા. તેના પુત્રનું સંજોગોવસાત આકસ્મિક મૃત્યુ થઈ ગયું. પિતાને પુત્રનું મૃત્યુ અત્યંત કષ્ટદાયક હોય છે. તેથી મહર્ષિ નિમિ ખૂબ જ દુ:ખી રહેવા લાગ્યા. ત્યાં અચાનક તેમની પાસે અત્રિ ઋષિનું આગમન થયું. અત્રિ ઋષિએ તેમને દુ:ખી થયેલા જોઈ અને જણાવ્યું કે, તમે પુત્રનો શોક છોડી દો. તમારા પુત્રએ તમારા પૂર્વજો પિતૃદેવોની પંક્તિમાં સ્થાન મેળવી લીધું છે. માટે તમે તેને ઉદેશીને શ્રાદ્ધ કરવાનું શરૂ કરી દો. મહર્ષિ નીમી એ અત્રિ ઋષિની વાત માની પિતૃ પક્ષમાં પુત્રને ઉદેશીને શ્રાદ્ધ કરવાનું શરૂ કરી દીધું. ત્યાર પછી તેમનું અનુકરણ કરતા બધા જ ઋષિ-મુનિઓએ શ્રદ્ધાદિક ક્રિયાઓ શરૂ કરી દીધી. જે પરંપરા આજ દિવસ સુધી ચાલી આવે છે.

રામાયણમાં પણ શ્રાદ્ધનો ઉલ્લેખ જોવા મળે છે. ભગવાન શ્રી રામચંદ્રજીએ પોતાના પિતા રાજા દશરથનું શ્રાદ્ધ પોતાના વનવાસ દરમિયાન વિવિધ તીર્થ ક્ષેત્રોમાં કર્યુ હતું. માતા સીતાજીએ ગયા તીર્થ ક્ષેત્રમાં સસરા રાજા દશરથનું શ્રાદ્ધ કરેલું. તે સ્થાન આજે પણ ફાલ્ગુ નદીના કિનારે ગયામાં મોજુદ છે. ભગવાન શ્રી પરશુરામએ પોતાના માતા રેણુકાજીનું શ્રાદ્ધ માતૃ ગયા સિદ્ધપુર ક્ષેત્રે કર્યું હતું. તેનો પણ ઉલ્લેખ જોવા મળે છે. ભગવાન શ્રીકૃષ્ણએ મહાભારતનું યુદ્ધ પૂર્ણ થયા બાદ યુધિષ્ઠિરજીને કૌરવો તેમજ પોતાની સેનામાં વીરગતિને પામેલાઓનું શ્રાદ્ધ કરવા પ્રેરણા આપેલી અને દ્વારકા પાસે આવેલ પિંડારક તીર્થક્ષેત્રમાં તેમની પાસે શ્રાદ્ધ કરાવ્યું હતું. ત્યાં ભગવાન શ્રીકૃષ્ણએ પણ પોતાના કુળના પૂર્વજોનું શ્રાદ્ધ કરેલું. શ્રીમદ ભાગવતમાં ગોકર્ણ પોતાના ભાઈ ધંન્ધુકારીનું શ્રાદ્ધ કાર્ય કરે છે તેનું વર્ણન જોવા મળે છે. આમ, પિતૃ પક્ષ અને શ્રાદ્ધિક્રિયાઓ સનાતન ધર્મમાં ખૂબ જ પ્રાચીન કાળથી ચાલી આવતી પરંપરા છે.

-દેવેન કનકચંદ્ર વ્યાસ

# શ્રી ધર્મભક્તિ જીલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર ગીર સોમનાથ દ્વારા 'આંતરરાષ્ટ્રીય દરિયા કાંઠા સ્વચ્છતા દિવસ' ની ઉજવણી




(પ્રતિનિધિ દ્વારા)

ગીર સોમનાથ, તા.૨૩

ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી પ્રસ્થાપિત શ્રી ધર્મભક્તિ જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર ગીર સોમનાથ દ્વારા સ્વચ્છ સાગર સુરક્ષિત સાગર અંતર્ગત વિવિધ કાર્યક્રમો કરવામાં આવેલ.

આ અંગે માહિતી આપતા લોક વિજ્ઞાન કેન્દ્રના સાયન્સ કમ્યુનિકેટર ધર્મેશભાઈ મકાણી એ જણાવેલ કે વૈશ્વિક સ્તરે આંતરરાષ્ટ્રીય કોસ્ટલ ક્લીન અપ ડે દર વર્ષે સપ્ટેમ્બરના ત્રીજા શનિવારે ઉજવાય છે.

આ વર્ષે ૨૧ સપ્ટેમ્બર ૨૦૨૪ ના રોજ એટલે કે આજરોજ ઉજવવામાં આવે છે. જે અંતર્ગત આજરોજ ભીડીયાબીચ પર લોક વિજ્ઞાન કેન્દ્ર તથા શ્રી સ્વામિનારાયણ હાઈસ્કુલ ભિડીયા પ્લોટ ના વિદ્યાર્થીઓ દ્વારા દરિયાકાંઠા સ્વચ્છતા અભિયાન કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં નગરપાલિકાના કાઉન્સિલર કોટીયા દીપિકાબેન, આચાર્ય રામભાઈ કામળિયા તથા સ્ટાફ મિત્રો અને વિદ્યાર્થી ભાઈ બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ આજનો કાર્યક્રમ સફળ બનાવેલ.આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન લોક વિજ્ઞાન કેન્દ્રના કો-ઓર્ડિનેટર નરેશભાઈ તથા વિજયભાઈ દ્વારા કરવામાં આવેલ હતું.

# જૂનાગઢમાં શ્રી અખીલ સૌરાષ્ટ્ર સિંધી પંચાયત ફેડરેશનની મેગા મીટીંગ તમામ પંચાયતોના હોદેદારોની ઉપસ્થિતિમાં યોજાઈ







જૂનાગઢ તા.૨૩

જૂનાગઢમાં શ્રી અખીલ સૌરાષ્ટ્ર સિંધી પંચાયત ફેડરેશન સિંધી સમાજના તમામ શહેરોના પંચાયતોના હોદેદારો તેમજ સામાજીક અગ્રણીઓની ઉપસ્થિતિમાં મેગા મીટીંગ હોટલ ઈન્દ્રલોક ખાતે યોજાઈ હતી. આ મીટીંગમાં ફેડરેશનના પ્રમુખશ્રી લીલારામ પોપટાણી, ચેરમેનશ્રી ધનરાજભાઈ જેઠાણી (આજકાલ પ્રેસના માલિક) જનરલ સેક્રેટરીશ્રી બ્રિજલાલ સોનવાણી, એડીશ્નલ જનરલ સેક્રેટરીશ્રી અશોકકુમાર વધવા, ઉપપ્રમુખશ્રી જીતેશભાઈ પુનવાણી, રાજકોટ પંચાયતના પ્રમુખશ્રી કિરપાલભાઈ તેમજ રાજકોટના સામાજીક અગ્રણીઓ રાજકોટથી તેમજ જામનગરના પ્રમુખશ્રી ગંગવાણી સાહેબ તથા અન્ય આગેવાનો જુનાગઢ લાડ પંચાયતના પ્રમુખ લાલચંદ ગેહનાણી, સીંઘી રીયાસત જનરલ પંચાયતના ઉપપ્રમુખ મુલચંદભાઈ અનંદવાણી, મહામંત્રી રમેશભાઈ સોમાણી, મંત્રીશ્રી મહેશભાઈ હરવાણી તેમજ તમામ આગેવાનો આ ઉપરાંત ભાવનગર, લાઠી, અમરેલી, જેતપુર, ઉપલેટા, ધોરાજી, વંથલી, માણાવદર, બાટવા, પોરબંદર, કેશોદ, ઉના, ગીરગઢડા, કોડીનાર, મેંદરડા તેમજ અન્ય શહેરોના પંચાયતોના પ્રમુખ તેમજ સમાજના આગેવાનો આ મેગા મીટીંગમાં બહોળી સંખ્યામાં ભાગ લેવા આવેલ.

સિંધી સમાજના ઉત્કર્ષના વિવિધ પ્રયોજન માટે જુનાગઢ ઈન્દ્રલોક હોટલ ખાતે મળેલી આ મેગા મીટીંગમાં અખીલ લાડી લોહાણા પંચાયતના પુર્વ પ્રમુખ કાળુભાઈ સુખવાણી તેમજ જુનાગઢ સિંધી રિયાસત જનરલ પંચાયતના પ્રમુખ વિરભાન નિર્ભયદાસ આહુજા, માણાવદર સિંધી પંચાયતના પ્રમુખ અશોકભાઈ જીવનાણી, જેતપુર પંચાયતના પ્રમુખ અશોકભાઈ ચંદનમલ વધવા તેમજ સમસ્ત સૌરાષ્ટ્રના સિંધી પંચાયતના પ્રમુખ તેમજ સિંધી સમાજના તમામ શહેરોના આગેવાનો આ મેગા મીટીંગમાં બહોળી હાજરી આપેલ હતી. આ મીટીંગમાં સમાજના ઉત્કૃષ્ટ અને વિકાસના કામો માટે સંસ્થાના પ્રમુખશ્રીએ અને તમામ પંચાયતના આગેવાનોએ સમાજના વિકાસ માટે અલગ અલગ સુચનો આપેલ. જેમાં સંસ્થાના પ્રમુખશ્રીએ હાલમાં સરકારશ્રી દ્વારા જરૂરીયાતવાળા પરિવારનો P.P.P. (પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપ) યોજના હેઠળ આવાસો બનાવીને આપવાની યોજના અમલમાં છે અને શહેરોમાં અમલમાં રહેલ ટાઉન પ્લાનીંગ સ્કીમમાં અનામત રખાયેલ ઈ.ઉ.જી. ના પ્લોટો પણ ઉપલબ્ધ હોય છે. આપણા સીંધી સમાજના પરીવારો ૧૯૪૭/૧૯૪૮ માં પાકિસ્તાનથી આવી સામાજીક હાર્ડશીપ ભોગવી રહેલ છે અને હજી પણ આપણા સમાજનાં ઘણાં પરીવારો પોતાના આવાસથી વંચિત છે. સરકારશ્રી ખાસ કરીને આપણાં સીંધી સમાજના આર્થિક, નબળા તેમજ આવાસની જરૂરીયાતવાળા છે. જેથી કરીને આ PM યોજનામાં આર્થિક મર્યાદાની ફાળવણી કરવા ખાસ યોજના જાહેર કરે તેવી દરખાસ્ત રાજ્ય સરકાર તેમજ કેન્દ્ર સરકારને મોકલવા સર્વાનુમતે ઠરાવ કરેલ હતું. તેમજ આપણા સમાજમાં લગ્નમાં દેખા-દેખીના કારણે થતા મોટા ખર્ચાઓ ઘટાડવા તેમજ આપણા સમાજમાં લગ્ન પછીના થતા વિવાદોમાં વધારો થતા તેવા વિવાદો કોર્ટ-કચેરીમાં ન જઈ અને આપણી પંચાયત હેઠળ તેઓનો સુખદ સમાધાન કરાવવા કમીટીઓની રચના કરવા માટે સર્વાનુમતે ઠરાવવામાં આવેલ તેમજ જુનાગઢ જીલ્લાના પંચાયતોમાંથી આવેલ સુચનાઓ મુજબ જુનાગઢ શહેરમાં મહારાજો તરફથી તમામ સુખદ તેમજ દુખદ પ્રસંગોએ થતી વિધિઓ માટે નિયમો જનરલ પંચાયત હેઠળ નક્કી કરી અને તેની અમલવારી સમસ્ત જુનાગઢ જીલ્લામાં કરવા માટે આવેલ સુચનોને સર્વાનુમતે ઠરાવવામાં આવેલ તેમજ આપણા સમાજના નબળા અને જરૂરીયાતવાળા પરિવારોને આપણી ફેડરેશન તરફથી તેમજ પંચાયત તરફથી આર્થિક તેમજ મેડીકલ સહાય કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવેલ.

મીટીંગના અંતમાં જુનાગઢ રીયાસત પંચાયતના પ્રમુખ વિભાન નિર્ભયદાસ આહુજાએ તેમજ અશોકકુમાર જીવનાણી તેમજ લાલચંદ ગેહનાણી એ મીટીંગમાં હાજર રહેલ તમામ હોદેદારોને શાલ ઓઢાડીને આભારવિધિ કરેલ.

### આમાં શહેરમાં સ્વચ્છતા કયાંથી રહે!

# ભૂગર્ભ ગટરના વાહનો સહિત ઈલેક્ટ્રીક મોટરો પણ બંધ હાલતમાં

## માણાવદર શહેરમાં ભૂગર્ભ ગટર ગંદા પાણીના નિકાલની ૧૫૦થી વધુ ફરિયાદો.....!



(પ્રતિનિધી દ્વારા)

માણાવદર તા.૨૩

માણાવદર નગરપાલિકા તંત્રની દિવસે ને દિવસે પરિસ્થિતિ ખરાબ થઈ રહી છે ત્યારે લોકો ની સમસ્યાથી નગરપાલિકા તંત્ર પણ ઘેરાઈ ગયું છે. એકબાજુ સ્વચ્છતા પખવાડીયું ઉજવાઈ રહ્યું છે તો બીજી તરફ માણાવદર નગરપાલિકામાં માત્ર ભૂગર્ભ ગટરના પાણી નિકાલની જ ૧૫૦ જેટલી ફરિયાદોઓનાં ઢગલા થઈ ગયા છે. ત્યારે આ સમસ્યાનું નિવારણ ન થતા લોકો પણ ત્રાહિમામ પોકારી ગયા છે.

માણાવદરના શહેરના લોકોની સુખાકારી માટે રાજ્ય સરકાર દ્વારા કરોડોના ખર્ચે સમગ્ર વિસ્તારમાં ભૂગર્ભ ગટરનું નિર્માણ કરવામાં આવ્યું હતું. પરંતુ આ ભૂગર્ભ ગટર લોકોની સુખાકારી માટે નહીં અત્યારે તો લોકો માટે આફતરૂપ છે તેવો તાલ સર્જાયો છે ત્યારે પ્રાદેશિક કમિશનર કચેરી દ્વારા આ બાબતે યોગ્ય તપાસ કરવી જરૂરી છે.

**ભૂગર્ભ ગટર સાફ-સફાઈ માટે અન્ય નગરપાલિકા પાસેથી વાહન મંગાવવું પડે છે.**

માણાવદર નગરપાલિકાના મોટુ જેટી વાહન પણ ઘણા સમયથી રીપેરીંગમાં છે ત્યારે માણાવદર શહેરની ફરિયાદો માટે અન્ય નગરપાલિકા એટલે કે બાંટવા નગરપાલિકા પાસેથી મંગાવવાની પણ ફરજ પડે છે.

**ઈલેક્ટ્રીક મોટરો પણ બંધ હાલતમાં..**

શહેરની ભૂગર્ભ ગટરના પાણી ખેંચી શકે તે માટે ઝોન વાઈઝ સંપમાં ઈલેક્ટ્રીક મોટરો ફીટ કરવામાં આવેલી છે. જેમાં રઘુવીરપરા સંપમાં ૬૦ HP -1 મોટર, ૪૦ HP ની - ૨ મોટર, જડેશ્વર મંદિર પાસે સંપમાં ૧૦ HP ની ૨ મોટરો, ગોકુલ નગર પાસે સંપમાં ૧૦ HP ની બે મોટરો ફીટ કરવામાં આવેલી છે ત્યારે આ તમામ મોટરો હાલ બંધ હાલતમાં છે જેથી માણાવદર શહેરની ભુગર્ભ ગટરના પાણી ખેંચી શકાતા નથી અને પાણી ન ખેંચાતા પાણી રસ્તામાં અને ઘરોમાં ઘૂસી જાય છે. અત્યારે માત્ર ગોકુલનગર સંપ પાસે માત્ર ૫ HP ની મોટર ફીટ કરીને ગાડુ ગભરાવાય રહ્યું છે.

**રઘુવીરપરાના સંપમાં આવેલી મોટર તો ૨૪ કલાકમાં બળી ગઈ**

માણાવદર રઘુવીરપરામાં સંપમાં ૬૦ HP ની મોટર બળી જતા રીપેરીંગ કરવામાં આવી હતી ત્યારે આ મોટર રીપેરીંગ કરીને આવતા આ સંપ ખાતે ફરી ફીટ કર્યા હતા આ ૬૦ HP ની મોટર માત્ર ૨૪ કલાકમાં જ ફરીથી ખરાબ થઈ ગઈ હતી.

# બ્રહમલીન પરમ પુજય શ્રી મહંત શ્રી ગોપાલાનંદજી મહારાજની છઠ્ઠી પુણ્યતિથીની ઉજવણી યોજાશે



બીલખા તા.૨૩

સમગ્ર ભારતભરમાં સનાતન ધર્મના પ્રચારક અને હીન્દુ ધર્મના આરાધ્ય પુજનીય પરમ વંદનીય બ્રહમલીન સંત શ્રી ગોપાલાનંદજી મહારાજની છઠી પુણ્યતીથી તા.૨૫-૯-૨૦૨૪, ભાદરવા વદ ૮ અને બુધવારના રોજ આવતી હોય પુજય બાપુની આ પુણ્યતિથી રાવતેશ્વર ધર્માલય ખાતે યોજાશે અને આ પુણ્યતિથીનુ આયોજન પરમ પુજય પરમંદનીય પ્રાતઃસ્મરણીય સભાપતિ શ્રી પંચ અગ્નિ અખાડા અધ્યક્ષ શ્રી મહંત શ્રી મુકતાનંદજી મહારાજની પ્રેરણાથી તથા આશીર્વાદથી તથા પુજય શ્રી સંપુર્ણાનંજી બાપુના માર્ગદર્શન નીચે આ પુણ્યતિથી ઉજવવામાં આવશે. પુજય બ્રહમલીન શ્રી ગોપાલનંદજી બાપુની આ છઠ્ઠી પુણ્યતિથીની પુર્વ સંધ્યાએ રાવતેશ્વર ધર્માલય ખાતે તા. ૨૪-૦૯-૨૦૨૪ મંગળવારના રોજ રાત્રે ૯ કલાકે લોક સાહીત્યકાર શ્રી રાજભા ગઢવી તથા અન્ય સાથી કલાકારો દવારા આ લોકડાયરો અને સંતવાણી જેવા સાંસ્કૃતિક કાર્યક્રમો રાખવામાં આવેલ છે.

આ ઉપરાંત તા.૨૫-૦૯-૨૦૨૪ બુધવારના રોજ પુજય બ્રહમલીન શ્રી ગોપાલાનંદજી બાપુની પુણ્યતિથીના દિવસે સવારે રાવતેશ્વર ધર્માલયથી એક વિશાળ અને ભવ્ય અને દિવ્ય શોભાયાત્રાનુ પણ આયોજન કરવામાં આવેલ છે આ શોભાયાત્રા સવારે ૮-૩૦ કલાકે રાવતેશ્વર ધર્માલયથી પ્રસ્થાન કરી બીલખા શહેરના મુખ્ય માર્ગો જેવા સોનીચોક શેઠચોક મેઈન બજાર તથા સ્ટેશન રોડ ઉપર ફરી પુજય બ્રહમલીન શ્રી ગોપાલાનંદજી બાપુની પ્રતિમાં ખાતે પુજન અર્ચન કરવામા આવશે અને ત્યાથી રેલ્વે સટેશન થી સાઈડ ચોક થઈને રાવતપરા થઈ પરત રાવતેશ્વર ધર્માલય ખાતે પરત આવશે અને બપોરે ૧૨ –૦૦ કલાકે સમુહ ભોજન પ્રસાદનુ આયોજન કરવામાં આવેલ છે .

આ શોભાયાત્રા માં અનેક પ્રકારના શુશોભન કરેલા ટ્રેકટર મોટર કાર તથા તથા –ગીરનાર ક્ષેત્ર તેમા બીરાજમાન અનેક સુપ્રસિધ્ધ સંતો જેવા સતાધાર, પરબ, જુનાગઢ તથા બીલખા ગામના સ્થાનિક તમામ સંતો મહંતો તથા આજુ બાજુ ગામડાના તમામ સંતો મહંતો આ શોભાયાત્રામાં પધારવાના હોય સંતોના દર્શન કરવા તથા આ દીવ્ય શોભાયાત્રામાં પધારવા પુજયશ્રી મુકતાનંદજી બાપુ સર્વેને આવાહન કરે છે.

પુજય ગોપાલાનંદજી બાપુની છઠી પુણ્યતિથીનુ સમગ્ર આયોજન પુજય શ્રી મહંત શ્રી મુકતાનંદજી બાપુના આશીર્વચન અને માર્ગદર્શન નીચે યોજાય રહયુ છે અને સમગ્ર બીલખાગામ રંગેચંગે આ પુણ્યતીથી ઉજવવા રંગે ચંગે ધજા પતાકા થી શણગારવા માટે થનગની રહયુ છે અને લોકોમાં પણ એક અનેરો ઉત્સાહ જોવા મળી રહયો છે.

# જૂનાગઢ સ્વાસ્થ્ય પરત્વે બન્યું સજાગ - નશામુક્ત સમાજ નિર્માણ તરફ નગરજનોનું પ્રયાણ

## પહેલું સુખ તે જાતે નર્યા ઉકિતને ચરિતાર્થ કરવા હેપ્પી સ્ટ્રીટ્સનો ઉમદા વિચાર જનજાગૃતિ માટે લાભપ્રદ : પ્રો.(ડો.) ચેતન ત્રિવેદી






(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૩

જૂનાગઢ શહેરનાં ઝાંઝરડા ચોકથી ચોબારી ફાટક સુધીનાં રાજમાર્ગને હેપ્પી સ્ટ્રીટ તરિકે નિરૂપી જૂનાગઢ મહાનગર પાલિકા, જિલ્લા પોલીસ અને કે.જે.મલ્ટી સ્પેસ્યાલિસ્ટ હોસ્પિટલ સયુંક્ત ઉપક્રમે જનજાગૃતિ અભિયાનનો પ્રારંભ થયો હતો. જે અન્વયે ઉપસ્થિત મહાનુભાવો દ્વારા આ કાર્યક્રમ ને ફ્લેગ ઓફ કરી પરેડના માધ્યમ દ્વારા કાર્યક્રમની શરૂઆત કરાવી હતી. હેપ્પી સ્ટ્રીટના આયોજનમાં જૂનાગઢની વિવિધ સંસ્થાઓ જેવી કે ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, સિનિયર સિટીઝન ગ્રુપ, મહિલા મંડળ ગ્રુપ, અંધજન સંસ્થા ગ્રૃપ, વિકલાંગ બાળકોની સંસ્થા રોટરી ક્લબ અને કોલેજો, કેસરી ગ્રુપ, મીડિયા પાર્ટનર્સ, વિવિધ હોસ્પિટલ, સેવાભાવી સંસ્થાઓ વગેરેના સહયોગથી આ જનજાગૃતિ અંતર્ગતના વિવિધ પ્રકલ્પ સાથે આ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમનો અતિથિ વિશેષ તરીકે તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા સીરીયલમાં સુંદર નું પાત્ર ભજવનાર મયુરભાઈ વાંકાણીએ જણાવ્યું કે આ જૂનાગઢ આધ્યાત્મિકતાનો વારસો છે અહીં જૂનાગઢની જનતા આજે ખૂબ સારી રીતે હેપી સ્ટ્રીટના આયોજન અન્વયે ખૂબ જ સુંદર રીતે આનંદ માણી રહ્યા છે તે ખૂબ આનંદની વાત છે. ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા એ હેપ્પી સ્ટ્રીટ કાર્યક્રમના આયોજકોને બિરદાવતા કહ્યું આપણા જીવનમાં ખુશ રહેવું એ ખૂબ મહત્વનું પાસું છે ત્યારે આવા કાર્યક્રમો દ્વારા એક મહત્વનો સંદેશો આપણા યુવાઓ અને બાળકો સુધી પહોચાડીશું. આ પ્રસંગે જૂનાગઢ નરસિંહ મહેતા યુનિવર્સિટીના કુલપતિ ચેતન ત્રિવેદી એ જણાવ્યું કે જૂનાગઢ સમૃદ્ધિનો વિસ્તાર છે, આધ્યાત્મની ધરોહર છે. પહેલું સુખ તે જાતે નર્યા ઉકિતને ચરિતાર્થ કરવા હેપીસ્ટ્રીટનો ઉમદા વિચાર જનજાગૃતિ માટે લાભપ્રદ ત્યારે આ વિસ્તારમાં આવી એક્ટિવિટી દ્વારા જીવનમાં ખુશ રહેવું એ જીવનનો મંત્ર હોવો જોઈએ, એક હસતો ચહેરો દુનિયા બદલી શકે આવા વિચારો સાથે યુવાનો અને બાળકો એક્ટિવેટ રહેશે, તો તેમને હંમેશા માટે ડ્રગસ જેવા વ્યસનોથી મુક્તિ અપાવી શકીશું. આ પ્રસંગે જૂનાગઢના પોલીસ અધિક્ષક હર્ષદ મહેતા કાર્યક્રમમાં ઉપસ્થિત રહી કાર્યકર્મને સંબોધતા કહ્યું કે આપણે અને આપણા યુવાનો, બાળકોની ઉર્જાને ઉજાગર કરશું. ક્રિએટિવિટીની સાથે અથવા આવી એક્ટિવિટી, સપોર્ટ, એડવેન્ચર વગેરે માધ્યમો દ્વારા આજના યુવાનો અને બાળકો ને નકારાત્મક દિશામાં જતા રોકી શકીશું. આજની ઈવેન્ટએ પ્રતીક છે, જેના માધ્યમથી એક જ સંદેશો આપવો છે, કે નકારાત્મક દિશા માં જ્યારે આજનો યુવા આવશે ત્યારે કોઈને કંઈ નશો કે ડ્રગ્સ નો આશરો લેવાનો પ્રયાસ કરશે એમને રોકવા માટે અલગ અલગ ઈવેન્ટો યોજી નશા મુકત સમાજ બનાવીશું. મહાનગરપાલિકા કમિશનરશ્રી ઓમ પ્રકાશ કાર્યક્રમને સંબોધતા લોકોને સ્વચ્છતા હી સેવા વિશે જાગૃત કરતા જણાવ્યું કે જો સમાજ સાથે હશે તો જ આપણે સાયબર ક્રાઈમ, ડ્રગસ જેવા વ્યસનનો ને નાબૂદ કરી શકીશું. આ તકે જૂનાગઢવાસીઓએ જુદા જુદા સ્ટોલની મુલાકાત લઈ જુદી જુદી પ્રવૃત્તિઓ જેવી કે ડાન્સ, ગરબા, ડ્રોઈંગ, યોગ વગેરે દ્વારા આનંદ માણ્યો હતો. સાથે ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી દ્વારા વાઈલ્ડ લાઈફ ના માર્ગદર્શન વિશે જાણકારી આપતા સ્ટોલનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં લોકોએ વન્ય પ્રાણીઓ વિશે માહિતી મેળવી માર્ગદર્શન મેળવ્યુ હતું. આ કાર્યક્રમ ને સફળ બનાવવા ભાવિનભાઈ છત્રાળા, સુનિલભાઈ નાવાણી અને તેમની ટીમે જહેમત ઉઠાવી હતી.

### અવસાન નોંધ

શ્રી સોરઠીયા શ્રી ગૌડ માળવીય બ્રાહ્મણ મુળ ચલાળા, હાલ જૂનાગઢ નિવાસી સ્વ.હિંમતલાલ પ્રભાશંકર ભટ્ટના પુત્ર તેમજ સ્વ.નવનીતભાઈ, સ્વ.ચંદ્રકાંતભાઈ અને સ્વ.રમેશભાઈના નાનાભાઈ ઈન્દુભાઈ એચ.ભટ્ટના ધર્મપત્ની ભારતીબેન ઈન્દુકુમાર ભટ્ટ(ઉ.વ.૬૨)નું તા.૨૦-૯-૨૪ના રોજ અવસાન થયેલ છે. જે અરણીયાળા નિવાસી સ્વ.જયંતીલાલ કાનજીભાઈ પુરોહીત તથા સ્વ.કેશવભાઈ, સ્વ.વાસુદેવભાઈ અને જયસુખભાઈના પુત્રી તથા નરેશભાઈ અને નીલાબેનના મોટાબેન તેમજ અંજુબેન કુશલકુમાર ભટ્ટ તથા પિયુષભાઈના માતૃશ્રીનું બેસણું-મોસાળ પક્ષની સાદડી તા.૨૩-૯-૨૪, સોમવારે સાંજે ૫ થી ૬ શાંતેશ્વર મહાદેવ મંદિર, જોષીપુરા, જૂનાગઢ ખાતે રાખેલ

# સાંકેતિક ભાષાનો આંતરરાષ્ટ્રીય દિવસ : ડો.જી.આર.ગોહિલ

યુએન જનરલ એસેમ્બલીએ બહેરા લોકોના માનવ અધિકારોની સંપૂર્ણ અનુભૂતિમાં સાંકેતિક ભાષાના મહત્વ વિશે જાગૃતિ લાવવા માટે ૨૩ સપ્ટેમ્બરને સાંકેતિક ભાષાના આંતરરાષ્ટ્રીય દિવસ તરીકે જાહેર કર્યો છે. સાંકેતિક ભાષાના આંતરરાષ્ટ્રીય દિવસ પર હું શું કરી શકું? તમે કેટલાક વિડિયો ઓનલાઈન શોધી શકો છો અને કેટલાક મૂળભૂત સંકેતો શીખી શકો છો. 'હેલો', 'કેમ છો?' અથવા 'તમારું નામ શું છે . ૧૮૦૦ ના દાયકામાં, થોમસ હોપકિન્સ ગેલૌડેટે અમેરિકન સાઈન લેંગ્વેજ (ASL) વિકસાવી. પોતાના પાડોશીની બધિર પુત્રીને મદદ કરવાની ઈચ્છાથી પ્રેરાઈને, ગેલાઉડેટ સાઈન લેંગ્વેજના બહેરા પ્રશિક્ષક લોરેન્ટ ક્લાર્કને મળવા યુરોપ ગયા. ASL હાથ અને ચહેરાની હિલચાલ દ્વારા વ્યક્ત થાય છે. તે ઘણા ઉત્તર અમેરિકનોની પ્રાથમિક ભાષા છે જેઓ બહેરા અને સાંભળવામાં કઠિન છે અને કેટલાક સાંભળનારા લોકો પણ તેનો ઉપયોગ કરે છે. જો કે સહીકૃત ભાષાનો પ્રથમ રેકોર્ડ ૧૭મી સદીની શરૂઆતમાં હતો, સંભવતઃ જ્યાં સુધી સંસ્કૃતિ હતી ત્યાં સુધી હસ્તાક્ષરિત ભાષાઓ અસ્તિત્વમાં હતી. જ્યારે પણ બહેરા લોકો હતા ત્યારે સાંકેતિક ભાષાઓ અસ્તિત્વમાં હતી. લોરેન્ટ ક્લાર્ક અને થોમસ હોપકિન્સ ગેલૌડેટે ૧૮૧૭માં બહેરાઓ માટે પ્રથમ અમેરિકન શાળાની સ્થાપના કરી. ક્લાર્ક યુરોપથી આવ્યા હતા અને ફ્રેન્ચ સાઈન લેંગ્વેજ શીખવતા હતા, જે ફ્રાન્સથી આગળ વધીને યુરોપના અન્ય દેશોમાં ઝડપથી ફેલાઈ ગઈ હતી.

# જૂનાગઢ ખાતે વિનય ઈન્ડસ્ટ્રીઝની કૃષિમંત્રીએ શુભેચ્છા મુલાકાત લીધી



## સોરઠને ઔદ્યોગિક ક્ષેત્રે વિકસિત બનાવવા માટે સરકારની જોઈતી મદદ આપવા ખાતરી આપી

(રેનિશ મહેતા દ્વારા)

ભેસાણ તા.૨૩

જુનાગઢના ધોરાજી રોડ ઉપર આવેલ વિનય ઈન્ડસ્ટ્રીઝ ખાતે ગુજરાત રાજયના કેબિનેટ કૃષીમંત્રી રાઘવજીભાઈ પટેલે શુભેચ્છા મુલાકાત લીધી હતી અને ઔદ્યોગિક ક્ષેત્ર અંગે વિસ્તૃત ચર્ચાઓ કરી હતી. આ તકે ચેમ્બર ઓફ કોમર્સ ના પ્રમુખ અને વિનય ઈન્ડસ્ટ્રીઝના એમ.ડી. વિજયભાઈ દોમડીયા એ રાઘવજીભાઈ પટેલનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ તેઓએ ઉધોગોલક્ષી પ્રશ્નો સાંભળીને તેનું નિરાકરણ કરવાની ખાતરી આપી હતી તેમજ સોરઠને ઉદ્યોગ ક્ષેત્રે વિકસિત બનાવવા માટે સરકારની જોઈતી મદદ આપવા ખાતરી આપી હતી. કૃષિ મંત્રીની સાથે સમૂહ લગ્નના પ્રણેતા અને સામાજિક અગ્રણી હરસુખભાઈ વઘાસીયા પણ સાથે રહ્યા હતા. આ તકે અગ્રણી બિલ્ડર નરોતમભાઈ વઘાસિયા, ઈશ્વરભાઈ ઠાકુર, કેતનભાઈ ધોણીયા સહિત આગેવાનો પણ ઉપસ્થિત રહ્યા હતા.


**દુકાન ભાડે આપવાની છે**

જૂનાગઢમાં કાળવા ચોક પોલીસ ચોકીની સામે, રોડ ટચ, રોડ ઉપર

કોન્ટેકટ

મો. ૯૪૨૮૯ ૨૨૪૫૭


### જાહેર નોટીસ



આથી અમો નીચે સહી કરનારા રાજેશભાઈ ગોવિંદરામ વસદાણી (ઉ.વ.૫૪) ધંધો-વેપારઅધર્મે-હિન્દુ રહે. જૂનાગઢ વાળા આથી જાહેર જનતા તથા લાગતા વળગતાને જાણ કરીએ છીએ કે, અમો ઉપર જણાવેલ તથા નીચે સહી કરનારા ઉપરનાં સહી કરનારા અમારા કુટુંબ સાથે રહીએ છીએ. અમારા કુટુંબમાં અમારા કુટુંબનાં સભ્યો પૈકી અમારી દિકરી રેશ્મા રાજુભાઈ ઉર્ફે રાજેશભાઈ વસદાણી કે જેઓ અમારા કુટુંબની રસમને અનુસાર નથી અને અમારા કહ્યામાં નથી અને સમાજમાં અમારી બદનામી થાય તેવું વર્તન વ્યવહાર કરતા આવેલ છે અને પોતાની મનસ્વી ઈચ્છા મરજી રીતે જીવન જીવે છે.

આ ઉપરમાં જણાવેલ અમારી દિકરી રેશ્મા રાજુભાઈ વસદાણી રહે. જૂનાગઢ વાળીની અમારી તમામ પ્રકારની સ્થાવર જંગમ મીલ્કતમાંથી બેદખલ કરીએ છીએ અને ભવિષ્યમાં અમારી તમામ પ્રકારની સ્થાવર જંગમ મીલ્કતમાં તેઓ એટલે કે રેશ્મા રાજુભાઈ વસદાણીનો કોઈપણ પ્રકારનો હક્ક હિસ્સો વગેરે રહેશે નહી અને તેઓ સાથે કોઈપણ પ્રકારનો વહીવટ કે આર્થિક સામાજીક વ્યવહાર કરે તો તેમાં અમો ઉપર જણાવેલ તથા નીચે સહી કરનારા (૧) રાજેશભાઈ ગોવિંદભાઈ વસદાણી (૨) સુમનબેન રાજેશભાઈ વસદાણીની કોઈપણ પ્રકારની જવાબદારી રહેશે નહી કે અમોનાં હક્ક હીતને બંધનકર્તા રહેશે નહી અને તેમ છતાં પણ સમાજની કોઈ વ્યકિત કે કોઈપણ આવા પ્રકારના વ્યવહાર કે વહીવટ અમારી દિકરી રેશ્મા રાજુભાઈ વસદાણી સાથે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતના કરે તો તેની સંપૂર્ણ જવાબદારી દિકરી રેશ્મા રાજુભાઈ વસદાણીની રહેશે તેમજ કોઈન ભરવાનું પગલું ભરે તો તેમાં પણ અમો આ જાહેર નોટીસ આપનારાની કોઈ જવાબદારી રહેશે નહી કે અમારા કોઈ હક્ક હીતને બંધનકર્તા રહેશે નહી જેથી તમામ જાહેર જનતા તથા લાગતા વળગતાઓએ નોંધ લેવી.

તા. ૨૦-૯-૨૦૨૪

અમારા મારફત અમોની સુચના અનુસાર

**સહી અવાચ્ય**

**રાજુભાઈ ગોવિંદભાઈ વસદાણી**

# જૂનાગઢમાં ગેરકાયદેસર બાંધકામો કેટલા ? ભારે ચર્ચા...

## ગેરકાયદેસર બાંધકામોનો સર્વે કરી અને તટસ્થ કામગીરી કરવા માંગ

જૂનાગઢ તા.૨૩

જૂનાગઢ શહેરમાં બાંધકામનાં નિયમોનો ભંગ કરી અને સરકારી જમીનો ઉપર ઈમારતો ખડકી દેનારા વિરૂધ્ધ કડક કાર્યવાહી કરવા માટેની માંગણી સતત અને સતત થઈ રહી છે પરંતુ અનેક ફરીયાદો હોવા છતાં પણ આજ દિન સુધી કથિત ગેરકાયદે બાંધકામો કરનારાઓનો વાળ પણ વાંકો થયો નથી અને સરકારી જમીન દબાવી માર્જીનની જગ્યા ન મુકવી અને નિયમોનો સરેઆમ ભંગ કરી ઈમારતો ખડકી દેવામાં આજે ગુજરાતમાં જૂનાગઢ શહેર ચર્ચાને ચકડોળે ચડેલ છે.

જયારે પણ ગેરકાયદે બાંધકામોનો મુદ્દો ઉઠવા પામે છે ત્યારે અત્યાર સુધીમાં એવું બનતું જોવા મળ્યું છે કે નિયમ ભંગ કરનાર બાંધકામો ખડકી દેનારની બિલ્ડીંગ નિયમ મુજબ ન હોવાનું જાણમાં આવતા મનપા તંત્રએ ફકત અને ફકત નોટીસો પાઠવી અને આગળથી કોઈ કાર્યવાહી કરી ન હોવાનું ચિત્ર ઉપસ્યું છે.

જૂનાગઢ શહેરની છબી દિવસે દિવસે ખરાબ થતી જાય છે અને ગેરકાયદે બાંધકામો ખડકી દેનારા લાગવગીયા ગેલમાં આવી જઈ અને ફરી પાછા અન્ય બાંધકામો કરવા લાગતા હોવાનું પણ આજે છડેચોક બોલી રહયા છે. લોકો તો ત્યાં સુધી બોલે છે કે, તમો ભાજપનાં પદાધિકારી બની જાવ પછી આવા ગેરકાયદે બાંધકામો બાંધવાનો તમને પરવાનો મળી જાતો હોય તે રીતે બાંધકામો થઈ રહયા છે. જો કે જૂનાગઢમાં જેમ ગેરકાયદે બાંધકામોનાં ધકકા થયા રાખે છે તેની વચ્ચે એવા બિલ્ડરો પણ છે કે કોઈપણ જાતની ગેરરીતીને જયાં અવકાશ નથી. એટલું જ નહીં નિયમભંગની કોઈ છટકબારી પણ રહેવા દેતા નથી અને નિયમ મુજબ બાંધકામ કરી અને લોકોમાં પણ આવા બિલ્ડરોનું તેમજ બાંધકામ વ્યવસાય સાથે સંકળાયેલાઓથી નામના ખુબ જ સારી છે. તાત્પર્ય એટલું છે કે જુજ બિલ્ડરો પોતાની નિતીમતા કયારેય ચુકતા નથી. જયારે જેઓનાં કોઠે પડી ગયું એવા મહારથીઓ નિયમભંગ કરવાનું ચુકતા નથી.

કોઈપણ બાંધકામ કરવાનું હોય ત્યારે બાંધકામ શાના માટે કરવાનું છે. રહેણાંક છે કે કોમર્શીયલ અને નિયમ મુજબ માર્જીન મુકવા સહિતની ફાઈલ આખી મંજુરી માટે મુકવામાં આવતી હોય છે અને એનઓસી મળ્યા પછી બાંધકામ કરવામાં આવતું હોય છે તો સવાલ એ ઉઠવા પામે છે કે જવાબદાર સક્ષમ અધિકારીએ મંજુરી આપી હોય અને બાંધકામ કર્યુ હોય તો પછી ગેરકાયદે બાંધકામનો પ્રશ્ન જ કયા રહે છે પરંતુ હવે જ ખરી વાત સામે આવે છે. નિયમ મુજબ બાંધકામ કરવાની મંજુર મેળવી લીધા બાદ આવા કરામતીઓ પોતાની કરામતને અંજામ આપે છે. બાંધકામનાં નિયમો ભંગ, શરત ભંગ, હેતુ ભંગ અને કયારેક તો પાર્કિંગની જગ્યાઓ જે નકશામાં દર્શાવી હોય તે પણ મુકવામાં આવતી ન હોવાનાં કારણે આજે જૂનાગઢ શહેરનાં મુખ્ય રસ્તાઓ ઉપર ટ્રાફીકની સમસ્યાઓ ફલીફાલી છે. કોમર્શિયલ હેતુ માટે બનાવેલા શોપીંગ સેન્ટરો પાસે આજે વાહનોના ખડકલા થયેલા જોવા મળે છે. પાર્કિંગના સ્થાનો ગુમ થયા હોય અને જયાં દુકાનો ઉતારી દેવામાં આવી હોય તેવું પણ ઘણા કિસ્સામાં સામે આવે છે અને આવા કિસ્સા સામે આવે ત્યારે તંત્ર ફકતને ફકત નોટીસ કાઢવા સિવાય કંઈ કરતું નથી અને આવા સંખ્યાબંધ કિસ્સાઓ જૂનાગઢમાં બનેલા છે.

ગેરકાયદેસર બાંધકામો થતા અટકાવવા માટે સાવચેતી રાખવી પડશે તંત્ર દ્વારા એવું આયોજન કરવું જોઈએ કે જે તે આસામી જયારે બાંધકામ માટેની ફાઈલ મંજુરી માટે તંત્રને મોકલે આવી ફાઈલોને મંજુરી અપાયા બાદ અને જે તે જગ્યાએ બાંધકામ પુર્ણ થયા બાદ તંત્રએ ફરી એકવાર સ્થળ તપાસની કામગીરી કરવી જોઈએ અને વાંધાજનક બાબત સામે આવે તો આ બાંધકામની સામે નિયમ મુજબ કાર્યવાહી કરવી જોઈએ તેમ જનતાનું માનવું છે.

વાત આજે એ કરવાની છે કે આજે જૂનાગઢ શહેરમાં કથિત ગેરકાયદે બાંધકામો સામે એક પછી એક મોરચો ખોલાઈ રહયો છે અને તપાસ પણ ચાલી રહી છે અને તપાસનું શું પરિણામ આવે છે તે તરફ મીટ મંડાયેલી છે.

બીજી તરફ જૂનાગઢ શહેરમાં સૌ પ્રથમ તો ગેરકાયદેસર બાંધકામો કેટલા છે તે અંગેની તપાસ અને સર્વે કરવાની માંગ કરવામાં આવી છે. સર્વે દરમ્યાન ગેરકાયદે બાંધકામ થયાનું બહાર આવે તો તે પબ્લીકમાં જાહેર કરી તેની સામે પગલા લેવાશે તે અંગેની માહિતી તંત્રએ જાહેર કરવી જોઈએ પરંતુ આ બધી બાબતો પછી સૌપ્રથમ તો જૂનાગઢમાં ગેરકાયદે બાંધકામો કેટલા તે અંગેની તપાસ કરવા માંગ ઉઠી છે.

# જૂનાગઢ જીમખાના મુદ્દે પ્રભારી મંત્રીએ બોલાવેલી બેઠક આક્ષેપોની ફટકાબાજી વચ્ચે તમાશાનું કેન્દ્ર બની

## ૫૦૦ થી વધુ લોકો માટે રમત-ગમતનું એકમાત્ર સ્થળ ગણાતા જીમખાના ઓફિશીયલ કલબ બની જશે તેવી દહેશત

જૂનાગઢ તા.૨૩

જૂનાગઢ શહેરમાં કેટલાક દિવસોથી જીમખાનાનો વિવાદ ચરમ સીમાએ પહોંચી ગયો છે. એક નાટકીય વળાંકના ઘટનાક્રમમાં આજ જીમખાનામાં બેફામ જુગાર રમાય છે. કબાટના બોક્ષમાંથી સીગરેટના ખોખા, જુગારના પત્તા અને કોઈન્સ મળી આવ્યાના આક્ષેપ હેઠળ વહીવટી તંત્ર દ્વારા કબ્જો સંભાળી લીધો છે અને તંત્ર દ્વારા પોતાના હથુની સતા કાર્યરત કરી છે ત્યારે આ બનાવને લઈને શહેરભરમાં આ મુદ્દો ટોક ઓફ ધી ટાઉન બન્યો છે. એક તરફ જૂનાગઢમાં જીલ્લા ભાજપ સામે ભાજપનો જબરદસ્ત જંગ ચાલી રહ્યો છે. અને આક્ષેપો-પ્રતિઆક્ષેપો અને દાવાઓ કરવામાં આવી રહ્યા છે ત્યારે બીજી તરફ ૫૦૦ જેટલા સભ્યો જયાં રમતો રમવા આવે છે તેવા દશકાઓ જુના જીમખાનાનો મુદ્દો પણ ઉકળતા ચરૂ જેવો સાબિત થયો છે. દરમ્યાન શનિ-રવિ દરમ્યાન જૂનાગઢના પ્રભારી મંત્રી રાઘવજી પટેલની ઉપસ્થિતિમાં આગેવાનોની એક બેઠક બોલાવવામાં આવી હતી. આ બેઠક માત્ર ને માત્ર તમાશારૂપ બની ગઈ હોય અને કોઈપણ જાતનો ઉકેલ ન આવ્યો હોય તેવું ચિત્ર જોવા મળી રહ્યું છે. આ અંગેની પ્રાપ્ત થતી વિગત અનુસાર જૂનાગઢના પ્રભારી મંત્રી રાઘવજી પટેલે જીમખાના બાબતે સર્કિટ હાઉસમાં વરિષ્ઠ અધિકારીઓ અને પદાધિકારીઓ વચ્ચે આ પ્રશ્નના ઉકેલ માટે એક બેઠક બોલાવવામાં આવી હતી. આ બેઠકમાં અધિકારીઓ અને પદાધિકારીઓ સામ-સામે આવી ગયા હતા અને આક્ષેપોની ફટકાબાજી શરૂ થઈ હતી.

પ્રભારી મંત્રીએ જીમખાનાના સભ્યો, ઉચ્ચ અધિકારીઓ અને સભ્યોને સર્કિટ હાઉસ ખાતે બોલાવ્યા હતા જેમાં જગત મશરૂ, ચેતન ફળદુ, એડવોકેટ કિરીટ સંઘવી તેમજ સામાપક્ષે જૂનાગઢ કલેકટર, ડીડીઓ, મ્યુ.કમિશ્નર, જીલ્લા પોલીસ વડા ઉપરાંત ડે.કલેકટર વગેરે અધિકારીઓ પણ આ બેઠકમાં હાજર રહ્યા હતા. વહીવટીતંત્ર તરફથી નાયબ કલેકટર ચરણસિંહ ગોહેલ દ્વારા એવું જણાવ્યું હતું કે, અમોને જીમખાના સંબંધે ઘણી ફરિયાદો મળેલી છે જેમાં લાંબા સમયથી ચૂંટણી થઈ નથી અને ત્યાં જુગાર રમવામાં આવે છે. આ ઉપરાંત કબાટમાંથી સીગરેટના ખોખા તેમજ જુગારના કાર્ડ અને કોઈન્સ મળ્યા હતા. જૂનાગઢ જીલ્લા કલેકટર સમક્ષ વિવિધ રજુઆતોને પગલે બોમ્બે લેન્ડ રેવન્યુ કોર્ટની કલમ ૩૭(૨) હેઠળ આ જમીન સરકારી હોવાનું માલુમ પડતા જીમખાનાનો સરકારે કબ્જો લઈ લીધો હતો. દરમ્યાન આ બેઠકમાં ભાજપના જ કેટલાક વરિષ્ઠ આગેવાનોની હાજરીમાં બેઠક બોલાવી હતી અને પ્રભારી મંત્રીએ વિવાદ ઉકેલવા પ્રયાસ કર્યો હતો પરંતુ વહીવટી તંત્ર તરફથી જે ફરિયાદો મળી હતી અને આક્ષેપો થયા હતા તે બાબતે પ્રભારી મંત્રી દ્વારા મૌન સેવી લેવામાં આવ્યું હતું.

આ વિવાદીત મુદ્દે અંપાયરે આખરે ડ્રો જાહેર કરી અને બેઠકને પૂર્ણ કરી હતી. બીજી તરફ જૂનાગઢના વરિષ્ઠ એડવોકેટ કિરીટ સંઘવીએ જણાવ્યું હતું કે, જૂનાગઢના ૫૦૦ થી વધારે જેન્ટ્રીઓ આ જીમખાનાના સભ્યો છે અને રમત-ગમત માટે તેઓ અહીં આવે છે. જેના કારણે જીમખાના માટે હવે તાત્કાલીક નવી ચૂંટાયેલી બોડીને સંચાલન તથા વહીવટી કામગીરી સોંપી દેવી જોઈએ તેવો વિચાર રજુ કર્યો હતો. વધુમાં અગ્રણી જગત મશરૂએ જણાવ્યું હતું કે, આ તમામ આક્ષેપો અંગે તપાસ કર્યા બાદ જીમખાના કમિટીને જાણ કરીને પગલા ભરાયા હોત તો એ વાત યોગ્ય થઈ રહી હોત. પ્રભારી મંત્રીએ બોલાવેલી આ બેઠક સરેઆમ નિષ્ફળ રહી હતી અને કોઈ જાતનો ઉકેલ આવ્યો નથી ત્યારે ફરી એકવાર જૂનાગઢનો જીમખાના વધુ ને વધુ વિવાદનો કેન્દ્ર બની રહ્યું છે. અને જીમખાનાનો વિવાદ વહેલી તકે ઉકેલાય જાય તેવી આશા પર અત્યારે તો પાણી ફરી ગયું છે. બીજી તરફ મોટાભાગના સભ્યોની એવી લાગણી છે કે, જીમખાનાના વહીવટ માટે ચૂંટણી યોજી અને ચૂંટાયેલા સભ્યોને તેનો વહીવટ સોંપી દેવો જોઈએ. જો આમ નહીં થાય તો આગામી દિવસોમાં જૂનાગઢનું જીમખાના ઓફિશીયલ કલબ બની જાય તો નવાઈ નહીં તેવો ડર પણ વ્યક્ત કર્યો હતો.

## માંગરોળ વિસ્તારમાંથી નશીલા પદાર્થ મેફેડ્રોન ડ્રગ્સ સાથે બે મહિલા સહિત ૩ને ઝડપી લેતી એસઓજી



(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૩

જૂનાગઢ એસઓજીની ટીમ બાતમીના આધારે વોચ ગોઠવી માંગરોળ પંથકમાંથી ૨૩.૯૯ ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ સાથે બે મહિલા સહિત ૩ને ઝડપી લઈ માંગરોળ પોલીસે મથકે ૪ સામે ફરીયાદ નોંધાવતા પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર જૂનાગઢ રેન્જનાં પોલીસ મહાનિરીક્ષક નિલેશ જાજડીયાની સુચના તથા જુનાગઢ પોલીસ અધિક્ષક હર્ષદ મહેતાની સુચના અને માર્ગદર્શન મુજબ જીલ્લામાં નશીલા પદાર્થો ની બદી સદંતર નેસ્તનાબુદ કરવા તથા આવા ગેરકાયદે નશીલા પદાર્થોનું વેંચાણ કરતા ઈસમોને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરવા માટે ખાસ સુચના આપેલ જે અન્વયે એસ.ઓ.જી. જૂનાગઢના પીઆઈ પી.કે.ચાવડા સહિત સ્ટાફના માણસો સતત પ્રયત્નશીલ હોય દરમ્યાન એસ.ઓ.જીના પો. હેડ કોન્સ. ઈરફાનભાઈ હબીબભાઈ રૂમીનાને ખાનગી બાતમી મળેલ કે, ઈમરાન જુમા મતવા રહે.ધોરાજી વાળો મુંબઈની બે મહિલાઓ સાથે કાળા કલરની એવીનેસ મોપેડ નં.GJ-03-N-2467 માં પ્રતિબંધિતિ નાર્કોટીક્સ ડ્રગ્સ લઈને રાજકોટ જિલ્લા તરફથી કેશોદ થઈને માંગરોળ ખાતે વેંચાણ કરવા આવનાર છે. જે બાતમી આધારે એસ.ઓ.જી. ટીમ દ્વારા સતત વોચ રાખવામાં આવેલ હતી દરમ્યાન માનખેત્રા તરફથી એક ટુ-વ્હિલ મોપેડ વાહન આવતું જોવામાં આવતા બાતમીવાળુ જ હોવાની ખાત્રી થતા તુરંત જ મોપેડને એસ.ઓ.જી. ટીમ દ્વારા કોર્ડન કરી મેફેડ્રોન ડ્રગ્સ ૨૩.૯૯ ગ્રામ કિ.રૂા.૨,૩૯,૯૦૦, અલગ-અલગ કંપનીના મોબાઈલ ફોન નંગ-૩ કિ.રૂ.૪૦,૦૦૦, રોકડા રૂા.૫૨,૭૦૦, વજનકાંટા નંગ-૨ કિ.રૂ.૪૦૦, મોપેડ વાહન નં. GJ-03-N-2467 કિ.રૂ.૩૦,૦૦૦ મળી કુલ કિ.રૂ. ૩,૬૩,૦૦૦ના મુદ્દામાલ સાથે ઈમરાન જુમા મતવા, અરિસા જુબેર અહમદ રફીક શેખ, તાસીફા નદિમ જહુર ખાનને ઝડપી લીધેલ. આરોપીઓની વધુ પુછપરછ કરતા બાબર ઉર્ફે સલીમ હાજી ઈસ્માઈલ કુરેશીએ બંને યુવતીઓ પાસે મુંબઈથી આ જથ્થો મંગાવેલ જે માંગરોળ વહેંચવા મોકલેલ હોવાનું ખુલતા પોલીસે તમામ આરોપીઓ વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ પીઆઈ એસ.કે.દેસાઈએ હાથ ધરી છે.

## કેશોદ : ઉછીના લીધેલા પૈસાની પઠાણી વ્યાજની ઉઘરાણી કરી રૂા.૬.૩૦ લાખની ચીજવસ્તુઓ બળજબરી પુર્વક કઢાવી લીધાની પોલીસ ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૩

મેંદરડા તાલુકાના અરણીયાળા ગામના ફોટો ગ્રાફીના વ્યવસાય સાથે સંકળાયેલા યુવાનને પૈસાની જરૂર પડતા ૧૦ ટકા વ્યાજ લેખે બે તબકકામાં પૈસા ઉછીના લીધા હતા દરમ્યાન આ બનાવના અનુસંધાને ફરીયાદી પાસેથી આરોપીએ પઠાણી વ્યાજની ઉઘરાણી કરી રૂા.૬.૩૦ લાખની વસ્તુઓ બળપુર્વક લઈ લીધાની ફરીયાદ પોલીસ દફતરે નોંધાતા ચકચાર જાગી ઉઠી છે.

આ બનાવ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર કેશોદ પોલીસ મથકે સામત રાજાભાઈ ગોહેલ રહે.અરણીયાણા તા.મેંદરડાવાળાએ કેશોદના પરેશ કાશુદ્રા વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, ફરીયાદીને દવાખાના માટે રૂપીયાની જરૂરત પડતા આરોપી પાસે થી રૂા.૧૦૦૦૦૦ ૧૦ ટકા લેખે વ્યાજે આપી અવેજી પેટે બે કેમેરા ગીરવે લઈ ફરિયાદીએ ચારેક મહીના વ્યાજ ભરેલ બાદ ફરીયાદીએ મુળ રકમના બદલે આરોપીના કહેવાથી એને નવો કેમેરો લઈ આપી બાદ ફરિયાદીને ફરી રૂપીયાની જરૂરત પડતા આરોપી પાસે થી રૂા.૩૦૦૦૦ ૧૦ ટકા લેખે વ્યાજે લીધેલ જેમા અવેજી પેટે ફરીયાદીએ તેની મારૂતી સુઝુકી કંપની ની સી.એન.જી કેરી ગાડી જેના રજી નં જીજે ૧૧ વીવી ૪૫૨૮ વાળી ગાડી તથા ફરીયાદીના એકસીસ બેંક ની ચેક બુક ગીરવે મુકેલ બાદ ફરીયાદી મુળ રકમ ભરી પોતાની ચીજ વસ્તુ છોડાવવા જતા આરોપીએ રૂા.૩૩૦૦૦૦ વ્યાજની માંગણી કરી ફરીયાદી પાસે થી તેનુ આઈસર ટ્રેકટર રજી નં જીજે ૧૧ સીએલ ૬૫૨૩, કેરી ગાડી તથા ટ્રેકટરનુ લખાણ કરાવી લઈ ફરીયાદીએ તેના મીત્ર ને આપેલ એકસીસ એકાઉન્ટની ચેક બુક તેની પાસેથી મેળવી ફરીયાદીએ એક કેમેરો પરત આપી દઈ બાકીની ચીજ વસ્તુ પરત નહી આપી પરત મેળવવા ફરીયાદી પાસે થી રૂ.૬૩૦૦૦૦/-ની પઠાણી વ્યાજની ઉઘરાણી કરી ચીજવસ્તુ બળજબરી પુર્વક કઢાવી લીધાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## સુરતથી ભાગેલી બે દિકરીની માતાએ ગિરનાર પર ડીવોર્સી પ્રેમી સાથે ઝેરી દવા પીધી : બંનેના મૃત્યુ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૩

સુરતથી ગત તા.૫ સપ્ટેમ્બરના રોજ પોતાના પ્રેમી સાથે ભાગેલી બે દિકરીઓની માતાએ જૂનાગઢ પહોંચી ગિરનાર પર પોતાના પ્રેમી સાથે ઝેરી દવા ગટગટાવી અને આત્મહત્યા કરી લેતા ચકચાર જાગી ઉઠી છે. આ બનાવના અનુસંધાને ભવનાથ પોલીસ દ્વારા ગિરનાર પર્વત પર ચડીને અંબાજી નજીક આવેલા ગોરખનાથ નજીકની ખીણમાંથી ડોલીના સહારે બંને મૃતદેહો લાવી રવિવારે સવારે પાંચ વાગ્યે જૂનાગઢની સિવિલ હોસ્પિટલમાં આ બંને મૃતદેહોના પોસ્ટમોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

આ બનાવ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર ભવનાથ પોલીસ મથકના પીએસઆઈ આર.એસ.ડામોરે જણાવ્યું હતું કે, સુરતના નવા ગામના કોળવદ વિસ્તારનો ૩૨ વર્ષીય દિપક વશરામ વેકરીયા અને કામરેજ વિસ્તારમાં રહેતી ચૈતાલી હિતેશ લાખણકીયા નામની પરિણીતા સુરતથી ભાગીને જૂનાગઢ આવ્યા હતા. દરમ્યાન શનિવારે સાંજેના ૬-૩૦ વાગ્યે ગિરનાર સ્થિત અંબાજી મંદીર નજીક આવેલા ગોરખનાથ પાસેની ખીણમાં એક પુરૂષ અને સ્ત્રીનો મૃતદેહ પડયો હોવાની જાણ પોલીસને થતા તાત્કાલીક પોલીસે ગિરનારના પગથીયા ચડી રાત્રીના ૧૨ વાગ્યાના અરસામાં બનાવ સ્થળે પહોંચી જરૂરી તપાસ હાથ ધરતા બંનેના આધાર કાર્ડ મળી આવેલ જેમાંથી તેમની ઓળખ કરાઈ હતી અને બાદમાં પોલીસ અને અન્ય લોકોની મદદથી મૃતદેહોને ડોલી મારફતે વહેલી સવારે ૫ વાગ્યે જૂનાગઢ સિવિલ હોસ્પિટલ ખાતે લાવી પોસ્ટમોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

## જૂનાગઢમાં ધારાગઢ દરવાજા નગીનાં ખાણ વિસ્તારમાં થયેલ ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલતી પોલીસ - આરોપીની ધરપકડ



જૂનાગઢ તા. ૨૩

જૂનાગઢનાં ધારાગઢ દરવાજા નજીક નગીના ખાણ વિસ્તારમાં એક રહેણાંક મકાનમાંથી ટીનનાં ડબામાં રાખેલ રોકડ રકમની ચોરીનો બનાવ તા.૨૧-૯-૨૦૨૪નાં રોજ પોલીસ દફતરે નોંધાયો હતો દરમ્યાન એ ડીવીઝન પોલીસ સ્ટેશનનાં પીઆઈ બી.બી. કોળી અને સ્ટાફે આ ચોરીનો ભેદ ઉકેલવા તપાસની કામગીરી હાથ ધરી હતી.

દરમ્યાન એ ડીવીઝન પોલીસ સ્ટાફ પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન મળેલી બાતમીનાં આધારે તપાસ કરતા ઉપરોકત ચોરીના બનાવમાં સંડોવાયેલ અંજુમશા ઈસ્માઈલશા રફાઈની ધરપકડ કરી રૂા.૪૦૦૦ તથા ટીનનો ડબો કબ્જે લઈ આરોપી વિરૂધ્ધ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.




